અભ્યાસ
ન છે.
૨૭ કરી પૂ

સ્થાપક:
અમદાવાદ સરસ્વતી છાત્રાલય

કિંમત ૦-૧૨-૦ બાર આના
પૂર્વાર્ધ ખરીદનારને ઉત્તરાર્ધ ભેટ મળશે.

જૈન સાહિત્ય સંશોધક ગ્રંથમાળા

પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો

[વર્ષ બીજું]

પંડિત સુખલાલ
પંડિત બેચરદાસ

પ્રકાશક :
કેશવલાલ નગીનદાસ શાહ
મંત્રીઃ
પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા
લાલશંકરનો બંગલો,
એલીસબ્રીજ : અમદાવાદ.

卐

મુદ્રક :
ચીમનલાલ ઈશ્વરલાલ મહેતા
મુદ્રણસ્થાન : વસંત મુદ્રણાલય
ઘીકાંટા રોડ : અમદાવાદ.

વ્યાખ્યાનોનો અનુક્રમ

નિવેદન

તદ્દન જ જાહેર રીતે કરવામાં આવેલી આ બીજી વ્યાખ્યાન માળા છે. ગયા વર્ષની અને આ વર્ષની વ્યાખ્યાનમાળામા થોડો ફેર છે, અને તે ફેર પરિસ્થિતિને આભારી છે. ગયે વર્ષે રાષ્ટ્રીય ઝુંબેશ પ્રચંડ રૂપમાં ચાલતી હતી તેથી ચર્ચાનો દરેક વિષય મુખ્યતઃ એ દૃષ્ટિએ ચર્ચાએલો હતો આ વર્ષે એ દૃષ્ટિ ગઇ નથી પણ સ્હેજે ગૌણ થઈ છે. દેખીતો ફેરફાર ગમે તેટલો હોય છતાં મૂળ વસ્તુમાં કશો ફેર-ફાર નથી. અને તે વસ્તુ એટલે જૈન ધર્મના મૂળ તત્ત્વો કાયમ રાખી તેને દેશકાળ પ્રમાણે વિશેષ ઉપયોગી બનાવવાની દૃષ્ટિ.

જીવન એટલે ફેરફાર પામતું એક તત્ત્વ, આ માન્યતા જૈન ધર્મની છે અને તે સર્વમાન્ય પણ છે. ઇચ્છા ન હોય અને બુદ્ધિ ન વાપરીએ છતાં દરેક વસ્તુની પેઠે ધાર્મિક પ્રદેશમાં પણ ફેરફાર થવાનોજ. અલબત એ ફેરફાર ઘણીવાર કડુપો અને નુકસાનકારક પણ નિવડે. જે ધર્મો જગતને લાભદાયક થાય એવી રીતે જીવવા માગે અને માન પ્રતિષ્ઠા મેળવવા ઇચ્છે તેમને ઇચ્છા, બળ અને

બુદ્ધિને સતેજ કરી ફેરફાર કર્યેજ છૂટકો છે. ઘણા જણ ફેરફારથી ડરે છે પણ તેઓ એ નથી જાણતા કે એમની બીક, એમનું સંકુચિતપણું અને એમનું અજ્ઞાન પણ એક જાતનો ભારે ફેરફાર જ છે. (અલબત્ત તે બેહૂદો હોય છે એ જુદી વાત). તેથી બુદ્ધિ અને સદ્ભાવપૂર્વક ફેરફાર સૂચવવામાં અને કરવામાં વિશેષ સલામતી છે એ વસ્તુ જેટલી જલદી સમજાય તેટલુંજ વિશેષ ભલું છે.

પર્યુષણમાં ધાર્મિક પ્રવચનો ગૃહસ્થો કરે એ કદાચ ઘણાને સાલે. પરંતુ આ સ્થિતિ ઊભી થવાનાં કારણો ઉપર જે કોઇ વિચાર કરશે તેને સમજાયા વિના નહિ રહે કે આવી સ્થિતિ ધર્મગુરુઓએ આપોઆપ ઊભી કરી છે. એક બાજુ સામાજિક, રાષ્ટ્રીય અને ધાર્મિક પ્રશ્નો દિવસે દિવસે વિશેષ અને વિશેષ જટિલરૂપમાં આપણી સામે આવી ઉકેલ માગે છે, જ્યારે બીજી બાજુ લગભગ આખો ગુરુવર્ગ આ બાબત કાં તો ઉદાસીન છે અને કાં તો કાંઈ પણ નવી દિશા સૂચવવા અશક્ત છે, અથવા તો એમ કરતાં બહુ ડરે છે. પરિણામે જિજ્ઞાસુ અને વિચારક વર્ગ પોતાની મરજી વિરુદ્ધ પણ તેમની પાસે જતાં ખંચકાય છે અને કેટલોક વર્ગ તો તેઓ પાસે જતો જ નથી. સેંકડો વિદ્યાર્થીઓ અને બીજા જિજ્ઞાસુઓને ખુલ્લેખુલ્લાં એમ કહેતા સાંભળ્યા છે કે ધર્મસ્થાનોમાં ધર્મગુરુઓ પાસે જઈએ તો ખરા પણ ત્યાંથી મેળવવું શુ ? અમુક પ્રશ્ન કર્યો અને તેનો ઉત્તર જો તેઓ આપે અને તેમાં શંકા કરવામાં આવે તો તેઓ ચીડાઈજ જવાના; કદાચ તે પોતે ન ચીડાય તો પણ પાસે બેઠેલા તેમના મક્કમ શ્રાવકોની આંખ એવી થવાની કે જેથી પ્રશ્ન કરનાર સહજ રીતે જ સંકોચ પામે. જો ધર્મગુરુઓ ઊંડા અભ્યાસી, નિખાલસ અને ઉદાર બને તો એમને કશીજ ભય રાખવાને કારણ નથી. વ્યાખ્યાનમાળામાં આવનાર પ્રવચનકારો પોતે પણ એ ધર્મગુરુઓ પાસે જવાના અને તેમની ઉપાસના કરવાના. જે લોકો પં. જવાહર-

લાલજી કે મહાત્માજીની પાસે પહોંચવા ખેંચાયેલા થઇ જાય છે તેઓને કાંઈ એમની સાથે સગપણ નથી, અથવા એમના રૂપનો મોહ નથી. પણ એમનું આકર્ષકપણું એમની સેવાવૃત્તિ, સાચો ત્યાગ, વિશાળ ડહાપણ અને સમભાવમાં સમાએલું છે. આ ગુણો જો ધર્મગુરુઓ ધારણ ન કરે તો ગમે તેટલું ઇચ્છવા છતાં અને ગમે તેટલાં પ્રલોભનો હોવા છતાં પણ તેમના ઉપાશ્રયો (ખાલી નહિ તો) સ્વતંત્ર અને વિચારક પ્રકૃતિના શ્રોતાઓથી વધારેને વધારે ખાલીજ રહેવાના.

આજ કારણને લીધે વ્યાખ્યાનમાળાનો આરંભ કરતાં અમે સ્પષ્ટ જણાવ્યું હતું કે કાં તો ધર્મગુરુઓ અમને પોતાના ધર્મસ્થાનોમાં લિખિતવાર બોલવાની, પ્રશ્ન કરવાની અને ચર્ચા કરવાની તક આપે અને કાં તો તેઓ જાહેર વ્યાખ્યાનસ્થળમાં આવી લિખિતવાર પોતાનું કથન રજુ કરે. અત્યારે આ નોતરૂં કદાચ ઉપહાસજનક લાગે પણ એ સમય દૂર નથી કે જ્યારે તેમને કોઈ અને કોઈ નવો માર્ગ અથવા સૂચિત માર્ગ સ્વીકારવો જ પડશે.

ગયા વર્ષની વ્યાખ્યાનમાળાનો પ્રચાર કરવા કોઇ ખાસ પ્રયત્ન કરવામાં નથી આવ્યો છતાં એની બધી નકલો લગભગ ખપી ગઇ છે એ ઉપરથી સામાજિક રુચિનો કાંઇક ખ્યાલ આવે છે. આ વર્ષની વ્યાખ્યાનમાળામાં પણ ગયા વર્ષની પેઠે બે ભાગ રાખવામાં આવ્યા છે. એક જૈનવક્તાઓનો અને બીજો જૈનેતર વક્તાઓનો. સવારે જે પ્રવચનો થતાં તે જૈન વિષયો ઉપર અને જૈનવક્તાઓ દ્વારાજ થતાં. બપોરે બીજા ભાઇઓને નોતરવામાં આવતા. વિષયની પસંદગી મુખ્ય ભાગે બોલવાની તૈયારી ઉપર રખાઈ હતી અને બોલનાર પોતાનું કથન લખીને આપે એ નિયમ પણ હતો. પરિણામે જવાબદારી, વ્યવસ્થા અને તાત્ત્વિકતા એ બધું સચવાયું.

આ વર્ષે એક વિશેષતા એ હતી કે દિગંબર સમાજના પ્રતિષ્ઠિત વિદ્વાનો પણ બહારગામથી આવ્યા હતા. જેમનાં ભાષણો વાંચકો આ માળામાં વાંચશે. જહેનો પણ આ વર્ષે બોલનાર હતાંજ.

સમયની નિયમિતતા અને કાર્યક્રમ ગયા વર્ષની પેઠે બરાબર સચવાયા હતા. તેથી શ્રોતાઓને અકળાવાનું અગર તો ફરિયાદ કરવાનું કંઈ કારણ ન રહ્યું. જે વિચાર કરી શકે જે વ્યવસ્થિત રીતે વિચાર દર્શાવી શકે તે બધાને બોલવાની તક હોવાથી શાંતિ અને નિયમિતતા આપોઆપ આવી જતાં.

આ બીજી વ્યાખ્યાનમાળા છે. તેમાં પ્રસિદ્ધ કરવા માટે જેટલા લેખો નક્કી કર્યા છે તે બધા હજી છપાયા નથી અને ગ્રાહકોની માગણી બહુ જ ત્વરાથી આવતી જાય છે તેથી વિશેષ ખર્ચને ભોગે પણ એમ ઠરાવ્યું છે કે આ વ્યાખ્યાનમાળાના બે ભાગ બહાર પાડવા. જે જે લેખો છપાઈ ગયા છે તેનો પહેલો ભાગ તુરત બહાર પાડવો જેથી વાંચકોને ધીરજ રહે અને બાકીના લેખો છપાવી કાઢવામાં અઘટિત ઉતાવળ કરવી ન પડે. જેઓએ પ્રથમથી ગ્રાહક તરીકે નામ નોંધાવી પૈસા આપ્યા છે તેમને ઠરાવેલ કિંમતમાં જ બન્ને ભાગ મળશે અને હવે પછી જેઓ ગ્રાહક થશે અથવા હવે પછી મંગાવશે તેમને માટે છપામણી, કાગળ આદિ ખર્ચ પ્રમાણ જોઈ કાંઈ વધારે કિંમત લેવી કે નહિ એ નક્કી કરવામાં આવશે. વાંચકો એટલું યાદ રાખે કે કિંમતની આંકણીમાં અંગત કમાણીનો હેતુ નહિ રહે.

ચર્ચા કરવા માટે પ્રથમથી જાહેર કરેલા બધા વિષયો ઉપર થોડું કે ઘણું લખવાની અમારી બન્નેની ઇચ્છા હતી પણ કામના બોજાને લીધે અને તબિયતને કારણે તેમ બની ન શક્યું. અમુક લેખ તો અધુરાજ લખાએલા રહી ગયા તે બદલ વાચકો પાસે ક્ષમા યાચના.

'ધર્મ અને જાતમહેનત' એ વિષય વિષે બહુ વિસ્તારથી અને બને તેટલી સ્પષ્ટતાથી લખવા ધારેલું. કારણ કે આજે એજ વિષય એક કોયડારૂપ થઇ પડયો છે અને તેના નિરાકરણ ઉપર ધાર્મિક શુદ્ધિનો આધાર છે. પરંતુ અનેક અડચણોને લીધે એ કામ થઇ શક્યું નથી, જે વખત આવે પૂરૂં કરવાની પૂર્ણ ઇચ્છા છે.

પંડિત સુખલાલ

પંડિત બેચરદાસ

ત્યાગી સંસ્થા હોવી જોઈએ? હોવી જોઈએ તો...

દરેક સમાજમાં ત્યાગી સંસ્થાનું અસ્તિત્વ

વૈદિક, બૌદ્ધ, શીખ, પારસી, જૈન આદિ આર્ય જાતિના સમાજો લ્યો કે મુસલમાન, ક્રિશ્ચિયન કૉનફ્યુશ્યસ આદિ આર્યેતર જાતિના સમાજો લ્યો કે ભીલ, કોળી, સંથાલ આદિ જંગલી યા અસંસ્કારી કહેવાતી જાતિઓના સમાજો લ્યો તો અને તેમાં જુઓ તો તમને સર્વત્ર એક અથવા બીજે રૂપે ધર્મપન્થો ચાલતા દેખાશે. અને જ્યા ધર્મપન્થો ત્યાં કોઈ અને કોઈ પ્રકારની ત્યાગી સંસ્થા હોવાનીજ; એટલે મનુષ્ય-સમાજના અસ્તિત્વ અને વિકાસની સાથે સાથે ત્યાગી સંસ્થાનાં અસ્તિત્વ અને વિકાસ પણ અનિવાર્ય રીતે હોવાના જ. આ ઐતિહાસિક સત્ય છે.

એમાં સમયે સમયે સુધારાને અવકાશ

અમુક ભૂમિકામાથી ત્યાગી સંસ્થા ઉદયમા આવે છે, અમુક સંજોગોમાં તેનું ભરણપોષણ અને પ્રવૃત્તિકાર્ય ચાલે છે. વળી એવા પણ સંયોગો ઊભા થાય છે, કે એવી સંસ્થાઓમાં સડો વધારે દાખલ થાય છે, એમાં ઉપયોગિતા કરતાં નકામાપણાનું તત્ત્વ વધી જાય છે અને એ સંસ્થા રસોળી જેવું કે બકરીના ગળાના આંચળ જેવું નકામું અંગ પણ ક્યારેક થઈ જાય છે. તેવે વખતે તેમાં વળી સુધારો દાખલ થાય છે. જો સુધારક વધારે અનુભવી અને વધારે મક્કમ હોય

તો સુધારા દ્વારા એ સંસ્થાને બચાવી લે છે. આ રીતે સંસ્થાનું અસ્તિત્વ, તેની પ્રવૃત્તિ, તેમા બગાડ અને તેનો સુધારો, એ બધું ક્રમે ક્રમે સર્વત્ર ચાલ્યા જ કરે છે. કોઈ પણ સમાજ અને પન્થની ત્યાગી સંસ્થાનો ઇતિહાસ જો આપણે તપાસીએ તો આપણુને સ્પષ્ટ જણાઈ આવશે, કે સમયે સમયે સુધારો દાખલ થવાને પરિણામે જ એવી સંસ્થાઓ જીવતી રહી શકી છે. એકાદ બુદ્ધ કે મહાવીર, જીસસ કે મહમદ, શંકર કે દયાનંદ જેવા સમયે સમયે જાગે છે અને તેઓ પોતાની પ્રકૃતિ, પરિસ્થિતિ અને સમજ પ્રમાણે પરાપૂર્વથી ચાલ્યા આવતા અમુક અમુક સમાજોમા સુધારાનો પ્રાણ ફૂંકે છે. અને તે તે સમાજનું અને ત્યાગી સંસ્થાનું ચક્ર આગળ ચાલે છે. વળી વખત જતા એ તખ્તા ઉપર તેમના અનુગામી તરીકે અગર પ્રતિસ્પર્ધી તરીકે બીજા પુરુષો આવે છે અને તેઓ પણ પોતાની દૃષ્ટિએ અમુક ફેરફાર કરી એવી સંસ્થાઓના કુંઠિત ચક્રને વેગવાળું અને ગતિશીલ બનાવે છે; એટલે સુધારો એ દરેક સંસ્થાનું જીવન ટકાવવા માટે અનિવાર્ય છે. જેનો સુધારો નહિ, જેનું પરિવર્તન નહિ, તેનો નાશ જ–લોપ જ–સંભવે છે. એજ રીતે બુદ્ધિ અને વિચાર વિનાનું સુધારક કાર્ય પણ પૂરતુ ફળદાયક થતુ નથી.

ક્યા બીજમાંથી ત્યાગી સંસ્થા જન્મ લે છે ?

ક્યારેક ક્યારેક જગતમા એવી વ્યક્તિઓ પાકે છે કે જેમની સમગ્ર બુદ્ધિ, અખડ પુરુષાર્થ અને અજબ ધૂન એ બધુ કોઈ તત્ત્વની શોધ પાછળ અથવા તો કોઈ કર્તવ્યના પાલનમા લાગેલું હોય છે. એવી વ્યક્તિઓ દેહનુ ધારણ્ ને પોષણ કરે છે. તે માટે જરૂરી સાધનોનો ઉપભોગ પણ કરે છે. છતાં તેમની તાલાવેલી પેલી શોધ અને કર્તવ્યપાલન તરફની હોવાથી તેમની ઇચ્છાનો કે તેમના રસનો વિષય મુખ્યતઃ તે તે શોધ અને તે તે કર્તવ્ય જ બની જાય છે; અને દેખીતી રીતે બીજા સાધારણ માણસોની જેમ અમુક સાધનોનો ઉપભોગ કરવા

છતાં પણ તેમની ઇચ્છા અને રસવૃત્તિ એ ઉપભોગ તરફ નામ-
માત્રની જ હોય છે. તેવી વિશિષ્ટ વ્યક્તિઓનું સંપૂર્ણ લક્ષ્ય અને ઇચ્છા-
બળ અમુક સાધ્યમાં ચોંટેલું હોવાથી તેનો ઉપભોગ ઓછામાં ઓછો,
માત્ર સાધનપૂરતો, અને કોઈને બોજારૂપ કે બાધક ન થાય તેટલો જ
હોય છે. ઉચ્ચ અને વિશાળ ધ્યેયની સાધના અને રસવૃત્તિને કારણે
એવી વ્યક્તિઓમાં વિકાર, અભિમાન, સંકુચિતતા આદિ દોષો સ્થાન
મેળવી શકતા નથી. એટલે જ તેવા વ્યક્તિઓનું જીવન સહેજે
ત્યાગમય બની જાય છે. આવી એકાદ વિભૂતિ ક્યાંય પ્રગટી કે
તુરત જ તેના ત્યાગની શીતળ છાયાનો આશ્રય મેળવવા આજુબાજુથી
ભોગસંતપ્ત પ્રાણીઓ તેની આસપાસ એકઠા થાય છે અને ઓછે-
વત્તે અંશે એની સાધનાની ઉમેદવારી કરવા માટે ઓછોવત્તો
અંદરથી કે બહારથી ત્યાગ સ્વીકારે છે. આ રીતે કાળક્રમે એક
વ્યક્તિના વિશિષ્ટ ત્યાગને પ્રભાવે એકત્ર થએલ જનસમૂહમાંથી એક
સંસ્થાનું નિર્માણ થાય છે. એટલે ત્યાગી સંસ્થાના આવિર્ભાવનું
મૂળબીજ તો કોઈ મહાવિભૂતિના ત્યાગમા જ સમાએલું હોય છે.

ત્યાગી સંસ્થાનું પાલન અને પોષણ કેવી રીતે ચાલે છે?

જ્યારે એકથી વધારે વ્યક્તિઓની સંસ્થા થઈ એટલે ભલેને તે
ત્યાંગી સંસ્થા હોય, છતા તેવી સસ્થાને પણ
પોતાનુ પાલન અને પોષણ કરવું પડે છે. આવી
સંસ્થા પાસે સામાન્ય રીતે શરૂઆતમાં ખાસ કરીને
કાંઈ સંપત્તિ કે ચોક્કસ આવકનું સાધન નથી
હોતું. એટલે તેવી સંસ્થાનુ પાલન અને પોષણ
માત્ર તેની પ્રતિષ્ઠા ઉપર ચાલે છે. પ્રતિષ્ઠાનો આધાર સદ્‌ગુણો અને
જનસમાજને ઉપયોગી સાબીત થવાના ગુણો પર રહેલો છે. જેટલે
અંશે સંસ્થાની સદ્‌ગુણો વિષેની ખ્યાતિ વધારે અને લોકજીવનને
ઉપયોગી થવાની ખાત્રી વધારે, તેટલે અંશે તેની પ્રતિષ્ઠા વધારે; અને
જેટલે અંશે તેની પ્રતિષ્ઠા વધારે તેટલે અંશે તે લોકોની દાનવૃત્તિને વધારે
જાગ્રત કરી શકે છે. પાલનપોષણનો આધાર મુખ્યત્વે કરીને પ્રતિષ્ઠા

અને પ્રતિષ્ઠાજનિત લોકોની દાનવૃત્તિ ઉપર જ હોવાથી એવી સંસ્થાને અમુક નિયમોનું કર્તવ્ય તરીકે પાલન કરવું પડે છે. એ પાલનને લીધે જ તેનું ભરણપોષણ ચાલ્યા કરે છે. અને ધીરે ધીરે તે સંસ્થા એક નિયમોનું યંત્ર બની જાય છે.

ગુણો અને દોષો

ત્યાગી સંસ્થામાં કોઈ પણ ફેરફાર કરવાનો વિચાર ચલાવવાનો હોય ત્યારે એના ગુણ અને દોષ બન્ને તટસ્થ રીતે જ ટૂંકમાં પણ તપાસવા જોઈએ જ.

ત્યાગી સંસ્થાનો સૌથી પહેલો અને મુખ્ય ગુણ એ છે, કે તે સંસ્થા જે મૂળ પ્રવર્તક પુરુષને લીધે ઊભી થએલી હોય છે તે મૂળ પુરુષના ઉપદેશ, જ્ઞાન, અને જીવનરહસ્યની સાચવણી કરે છે. માત્ર સાચવણી જ નહિ પણ તે સંસ્થાદ્વારા એવા ઉપદેશ, જ્ઞાન, અને રહસ્યમાં ઊંડાણ કેળવાય છે અને તે ઉપર ટીકા-વિવેચનદ્વારા એક વિશાળ અને માર્મિક સાહિત્યનું નિર્માણ થાય છે. આ વિશાળ અને ઊંડાણવાળા સાહિત્યના લાભની સાથેને સાથે જ એક દોષ દાખલ થતો જાય છે, અને તે સ્વતંત્ર બુદ્ધિ, તેમજ સ્વતંત્ર પુરુષાર્થની ખામીનો. સંસ્થા થઈ એટલે તેનું અમુક બંધારણ હોવાનું. એ બંધારણના વર્તુળમાં જે નિયમચક્રને વશ રહેવાનું જાણે અજાણે પ્રાપ્ત થાય છે તેમાં મોટે ભાગે નિર્ભયતાનો ગુણ કચરાઈ જાય છે. અને વિચારમાં, વાણીમાં, અને વર્તનમાં ભયનું તત્ત્વ દાખલ થાય છે. એ તત્ત્વને લીધે કોઈ બુદ્ધિશાળી અને પુરુષાર્થી સભ્ય હોય તે પણ ઘણી વાર તેવી સંસ્થાનું અંગ રહી સ્વતંત્ર બુદ્ધિ અને સ્વતંત્ર પુરુષાર્થનો વિકાસ નથી કરી શકતો. એની બુદ્ધિ અને પુરુષાર્થને મૂળપુરુષના નિયત માર્ગો ઉપર ફરજીઆત ચાલવાનું હોવાથી તે ઘણીવાર નવાં અને સ્વતંત્ર સત્યો શોધવામાં નિષ્ફળ નિવડે છે. ત્યાગી સંસ્થામા સાંપ્રદાયિકપણાની ભાવના કેન્દ્રસ્થાને હોય છે. એ ભાવનામાં સંકોચ અને ભયનાં તત્ત્વો હોય જ છે. જ્યાં સંકોચ અને ભય, ત્યાં સ્વતંત્ર બુદ્ધિ અને સ્વતંત્ર પુરુષાર્થનો વિકાસ સંભવી ન જ શકે. કોઈ પણ

વૈજ્ઞાનિક જો સંકુચિત અને ભયશીલ વાતાવરણમાં હોય તો તે પોતાની સ્વતંત્ર બુદ્ધિ ને સ્વતંત્ર પુરુષાર્થ જોઈતા પ્રમાણમાં વાપરી ન જ શકે. એટલે આવી શક્તિવાળા સભ્યો ત્યાગી સંસ્થાને વિચાર અને જ્ઞાનવિષયક અમુક ફાળો ભલે આપે, મૂળ પુરુષના સાહિત્યમાં ભલે કાંઈક ઉમેરો કરે; પણ તેઓ એ સંસ્થામા રહી કોઈ સ્વતંત્ર શોધ કે જે મૂળ પુરુષના માર્ગથી અને એ સંસ્થાના વર્તુળથી જુદી પડતી હોય તે કરી શકતા જ નથી. એ રીતે કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓમા, સંસ્થાના અંગ તરીકે રહેવાને પરિણામે બુદ્ધિ અને પુરુષાર્થની સ્વતંત્રતા કાંઈક તો હણાઈ જ જાય છે. આને જ લીધે આપણે કોઈ પણ સંસ્થાના સાહિત્યનો ઇતિહાસ તપાસીશું તો માલમ પડશે, કે તેમાં જે પ્રખર વ્યાખ્યાકારો અને ટીકાકારો થયેલા હોય છે, તેઓ પોતાની ટીકા અને વ્યાખ્યામાં મૂળ ગ્રંથની નિર્ભય સમાલોચના ભાગ્યે જ કરે છે.

ત્યાગી સંસ્થાનો બીજો ગુણ એ છે, કે તે મૂળપુરુષ અને તેના બીજા અનુગામી વિશિષ્ટ પુરુષોની મહત્તાનું લોકોને ભાન કરાવે છે. લોકોને એવા પુરુષોનો વિશેષ પરિચય પ્રધાનતયા તેમની સંસ્થાના સભ્યો મારફત જ મળે છે. અને એ રીતે લોકોને અમુક મહાન પુરુષો વિષે માહિતી મેળવવાની અને આદર કેળવવાની તક તે તે સંસ્થાદ્વારા જ પ્રાપ્ત થાય છે. આ એક ગુણ છે ખરો, પણ તેની સાથોસાથ ત્યાગી સંસ્થામાં એક મોટો દોષ દાખલ થાય છે, અને તે અભિમાનનો. અમુક મૂળપુરુષ અને તેના અનુગામી બીજા વિશિષ્ટ પુરુષોનું મહત્ત્વ જોવા, વિચારવા અને કહેવામાં ઘણી વાર સંસ્થાઓ એટલી બધી તલ્લીન થઈ જાય છે કે તેનાં વિચારચક્ષુ બીજા પાડોશી મહાન પુરુષની મહત્તા તરફ ભાગ્યેજ જાય છે. તેથી જ આપણે જોઈએ છીએ, કે અમુક ત્યાગી સંસ્થાના બુદ્ધિશાળી ગણાતા સભ્યો પણ બીજી તેવી સંસ્થાના મૂળ ઉત્પાદક વિષે અથવા અન્ય વિશિષ્ટ પુરુષો વિષે કશું જ જાણતા નથી હોતા, અને જાણતા હોય

છે તો તે એટલું જ કે તેઓના માન્ય અને અભીષ્ટ પુરુષો સિવાય બાકીના બધા અધૂરા અને ખામીવાળા છે. ત્યાગી સંસ્થાના વાતાવરણમાં ઊછરનાર અને રહેનાર બુદ્ધિશાળી સભ્યમા પણ ઉદારપણે જોવાની અને નિર્ભય પરીક્ષા કરવાની શક્તિ ભાગ્યેજ રહે છે. એ વાતાવરણમા એક જાતનું અભિમાન પોષાય છે, અને તેથી પોતાની સંસ્થા સિવાયના બીજી કોઈપણ સંસ્થાના અસાધારણ પુરુષો તરફ માન અને આદરની દૃષ્ટિથી જોવાની વૃત્તિ ભાગ્યેજ રહે છે. ક્રાઈસ્ટનો અનુગામી કૃષ્ણમાં, અને બુદ્ધનો અનુગામી મહાવીરમાં વિશેષતા જોવાની શક્તિ ગુમાવી બેસે છે. આ અભિમાન ધીરેધીરે આગળ વધતાં બે ત્યાગી સંસ્થાઓ વચ્ચે અંતર ઊભું કરે છે, અને એકબીજા વચ્ચે તિરસ્કાર અને દોષદર્શનની બુદ્ધિ જાગ્રત કરે છે; અને પરિણામે તેવી કોઈ પણ બે સંસ્થાઓના સભ્યો અરસપરસ સાચી એકતા સાધી શકતા જ નથી એવી એકતા સાધવા માટે તેમને પોતપોતાની સંસ્થા છોડવાની ફરજ પડે છે. એ મિથ્યા અભિમાન જુદી જુદી સંસ્થાઓના સભ્યો વચ્ચે અંતર ઊભું કરીને શાન્ત ન રહેતાં આગળ વધે છે. અને તે આગળ જતાં એક જ સંસ્થાના અનુગામી મુખ્ય મુખ્ય આચાર્યો અને ઉપદેશકો વચ્ચે નાનમ–મોટપની ભાવના પેદા કરે છે અને પરિણામે એક આચાર્ય કે એક વિદ્વાન પોતાની જ સંસ્થાના બીજા આચાર્ય કે બીજા વિદ્વાન સાથે તદ્દન નિખાલસપણે અને તદ્દન છૂટથી હળીમળી શકતો નથી. આ રીતે શરૂઆતમાં ભિન્ન ભિન્ન સંસ્થાઓ વચ્ચે સંધાન કરવામાં મિથ્યા અભિમાન આડું આવે છે અને પછી ક્રમે ક્રમે એક જ સંસ્થાના શક્તિશાળી આગેવાનો વચ્ચે પણ સંધાન રહી શકતું નથી: અને નમ્રતા કે વિનય જેવી સાચી વસ્તુ જ લગભગ ત્યાગી સંસ્થાઓમાંથી ચાલી જાય છે. એક જૈન આચાર્ય બીજા જૈન આચાર્યો સાથે એકરસ થઈ શકતો નથી તોપછી તે શંકરાચાર્ય, બૌદ્ધ આચાર્ય, કે કોઈ પાદરી, અથવા મૌલવી સાથે એકરસ કેવી રીતે

થઈ શકવાનો ! આ અંતરનું કારણ તપાસતાં આપણે સાંપ્રદાયિકતાની સંકુચિત ભાવનાના પ્રદેશમાં જઈ પહોંચીએ છીએ.

ત્યાગી સંસ્થાનો ત્રીજો એક ગુણ એના સભ્યોમાં ત્યાગ કેળવવાનો અને લોકોમાં દાનવૃત્તિ જગાડવાનો તેમજ વિકસાવવાનો કહેવામાં આવે છે. સંસ્થાના સભ્યોને કાંઈ સંચય કરવાનો નથી હોતો, અને લગ્નનું બંધન પણ નથી જ હોતું; તેથી તેમનામાં સંતોષ અને ત્યાગની વૃત્તિ મરજીઆત કે ફરજીઆત સચવાય છે અને ખીલે છે. એ જ રીતે એ સંસ્થાના નિર્વાહની ચિંતા લોકોમાં દાનવૃત્તિ પ્રગટાવે છે અને વિકસાવે છે. એટલે આવી સંસ્થાઓથી અમુક વ્યક્તિઓમાં ત્યાગ પોષાય છે અને સાધારણ લોકોમાં દાનવૃત્તિ પોષાય છે. એમ બેવડો લાભ છે. આ લાભની પાછળ બારીકીથી વિચાર કરતાં મોટો દોષ પણ સમાએલો દેખાય છે. તે દોષ આળસ, કૃત્રિમ જીવન અને પરાશ્રયનો. ત્યાગી સંસ્થાના બધા જ મૂળ નિયમો ત્યાગલક્ષી જ હોય છે. ધીરેધીરે એવી સંસ્થાઓ એક અમુક નિયમોના ચક્ર જેવી યાંત્રિક બની જાય છે. પછી તો તે નિયમોને કબૂલ રાખનાર કોઈ પણ વ્યક્તિ તેવી સંસ્થામાં દાખલ થઈ શકે છે. બધા જ એ દાખલ થનારા કાંઈ સાચો ત્યાગ લઈને આવ્યા નથી હોતા. એમને ત્યાગ પસંદ તો હોય છે, પણ શરૂઆતમાં તૈયાર સગવડ મળવાને લીધે તેમજ તે સગવડ માટે કાંઈ જાતમહેનત ન કરવી પડતી હોવાને લીધે, અને મનુષ્યસ્વભાવની દુર્બળતાને લીધે ધીરેધીરે આભ્યંતરિક ત્યાગ ગુમાવી બેસે છે. એક બાજુ ત્યાગી સંસ્થાના ત્યાગલક્ષી દેખાતા નિયમોને વશ થવાનું ફરજીઆત થઈ પડે છે, અને બીજી બાજુ તૈયાર સાંપડની સગવડમાંથી આળસ પોષાઈ બીજાની દાનવૃત્તિ ઉપર પોતાની ભોગવૃત્તિ સંતોષવાનું ફરજીઆત થઈ પડે છે. આ રીતે એક બાજુ સાચા ત્યાગ વિના ત્યાગી રહેવાનો અને ત્યાગી દેખાવાનો પ્રયત્ન કરવો પડે છે, અને બીજી બાજુ જાતમહેનતથી પ્રાપ્ત કરેલ સાધનો સિવાય જ ભોગવૃત્તિ સંતોષવાની હોય છે. એને પરિણામે ત્યાગી સંસ્થાના સભ્યનું જીવન કૃત્રિમ અને બેડોળ બની જાય છે. તેઓ કર્મ, પ્રવૃત્તિ, અને

મહેનતનો ત્યાગ કરી ત્યાગી કહેવરાવે છે. અને છતાંય બીજાનાં કર્મ, બીજાની પ્રવૃત્તિ અને બીજાની મહેનતના ફળનો ત્યાગ જરા પણ કરી શકતા નથી. આવી સ્થિતિ થઈ જવાથી તેઓને લોકોની દાન-વૃત્તિ ખૂબ જગાડવી પડે છે. દાનના ફાયદાઓ અને યશોગાનથી ભરેલું એક ખાસું સાહિત્ય નિર્માણ થાય છે. એને લીધે અશોક અને હર્ષવર્ધન જેવા રાજાઓ પોતાના ભંડારો ખાલી કરે છે અને મઠો, વિહારો, અને ચૈત્યોને પુષ્કળ આવક થાય એવાં દાનપત્રો પણ ધનિક દાતાઓ તરફથી મળે છે. જેમ જેમ દાનનો મહિમા વધતો જાય છે, તેમ તેમ દાતાઓ વધતા જાય છે અને તેટલે જ અંશે ત્યાગી સંસ્થાનો વિસ્તાર પણ વધતો જાય છે. જેમ જેમ વિસ્તાર વધતો જાય છે, તેમ તેમ આળસ અને પરાશ્રયનું તત્ત્વ પણ વધ્યે જાય છે. એટલે એકંદર એક મોટા વર્ગને બીજા વર્ગ ઉપર નભવાનું પ્રાપ્ત થાય છે. બારીકીથી જોતા અને વિચાર કરતાં એમ જણાય છે કે ત્યાગી ગણાતા સભ્યોની આવશ્યકતાઓ એકંદરે ભોગી ગણાતા વર્ગ કરતાં જરાય ઓછી નથી હોતી. અને ઘણા દાખલાઓમાં તો, ઊલટી વધારે હોય છે. એક વર્ગ પોતાના ભોગોમાથી કશું જ ઓછું પણ ન કરે અને તે મેળવવા જાતમહેનત પણ ન કરે તો સ્વાભાવિક રીતે જ એનો બોજો બીજા શ્રમજીવી વર્ગો ઉપર આવવાનો; એટલે જેટલા પ્રમાણમાં એક વર્ગ આળસુ અને જાતમહેનતહીન તેટલા જ પ્રમાણમાં બીજા વર્ગની મહેનતનો બોજો વધારે થવાનો. દાનવૃત્તિ ઉપર નભવાને પરિણામે ત્યાગી સંસ્થાઓમાં જેમ આળસ દાખલ થાય છે અને ત્યાગની આડમાં ભોગ પોષાય છે, તેમ એમાથી એક ભારે ક્ષુદ્રતા પણ આવે છે. કોઈ એક ત્યાગી જ્યારે દાનની મહત્તા વર્ણવે છે, ત્યારે સીધી કે આડકતરી રીતે પોતાની સંસ્થાને જ વિશેષ દાનપાત્ર ઠસાવવાનો પ્રયત્ન કરે છે. અને ઘણી વાર તો તે ક્ષુદ્રતા એટલી હદ સુધી પહોંચે છે કે તેવો ત્યાગી પોતાના સિવાય બીજી કોઈ વ્યક્તિને દાન આપવામાં પરિપૂર્ણ ફળ નથી એમ ભક્તોને

ફસાવવા વિવિધ યુક્તિઓ યોજે છે. એટલે ત્યાગી સંસ્થાઓ મારફત ત્યાગ અને દાનવૃત્તિ પોષાવાને બદલે વાસ્તવિક રીતે અકર્મણ્યતા, ક્ષુદ્રતા, અને લોભલાલચ પોષાય છે.

ત્યાગીનું જીવન ફિકર વિનાનું હોવાથી,—તેને કમાવાની કે લૂંટાવાની ચિંતા ન હોવાથી—તે કોઈ પણ ક્ષેત્રમાં, કોઈ પણ વખતે, કોઈ પણ જાતની લોકસેવા કરવા છૂટો રહી શકે છે. તે ઉપરાંત તેને જ્ઞાન અને કેળવણીના હરકોઈ પ્રદેશ ખેડવા જેટલી શક્તિ ફાજલ હોય છે. તેમજ તેને પોતાના જીવનમાં સદ્ગુણો ખીલવવાની અને લોકોમાં તે દાખલ કરવાની પણ પૂરી સરળતા હોય છે. આ એક ત્યાગી સંસ્થાનો મોટામાં મોટો ગુણ કલ્પી શકાય. પરંતુ ત્યાગીના જીવનમા એક એવું તત્ત્વ દાખલ થઈ જાય છે કે જેને લીધે એ ગુણો ખીલવાની વાત તો એક બાજુએ રહી જાય છે પણ તેની જગ્યા મહાન દોષો લઈ લે છે. એ તત્ત્વ તે બીનજવાબદારીનું તત્ત્વ છે. સામાન્ય રીતે ત્યાગી કહેવાતા અને મનાતા બધા જ બીનજવાબદાર હોય છે. એ લોકો દેખીતી રીતે, પોતે જે સંસ્થાના અંગ હોય તેને અથવા તો પોતાના ગુરુ આદિ વડિલોને જવાબદાર હોય તેમ ઘણી વાર લાગે છે; પરંતુ ઊંડે ઊતરીને તપાસ કરીએ છીએ ત્યારે સ્પષ્ટ જણાય છે કે તેમની જવાબદારી નામમાત્રની હોય છે. તેઓમાં નથી હોતી જ્ઞાન-પ્રેરિત જવાબદારી કે નથી હોતી મોહપ્રેરિત જવાબદારી. ગૃહસ્થો અમુક કામ વખતસર ન કરે, અથવા પૈસા ધીરનાર કે મદદ આપનારને ઘટતો જવાબ ન આપે, કે સાલસાઈથી ન વર્તે તો તેમની પ્રતિષ્ઠા ન બંધાય, નિર્વાહ ન ચાલે, નાણું ન મળે અને કન્યા પણ ન મળે; પરંતુ ત્યાગીઓ તો પોતાને નિર્મોહ માનતા હોવાથી એવી મોહજનિત જવાબદારી માથે લેવાની તો તે ઘસીને જ ના પાડે છે. બાકી રહી જ્ઞાનપ્રેરિત જવાબદારી. આપણે કોઈ પણ ત્યાગી સંસ્થામાં જઈને જોઈશું તો જણાશે, કે તે ત્યાગીઓ જેટલો સમય નકામો ગાળે છે, જેટલી શક્તિ એળે ગુમાવે છે અને ભક્તો કે

અનુગામીઓ તરફથી મળેલી સગવડ જેટલે અંશે બરબાદ કરે છે તેમાંનું કશું ય જો જ્ઞાનપ્રેરિત જવાબદારી હોય તો ન સંભવે. તેથી ઊલટું જેનામાં જ્ઞાનપ્રેરિત જવાબદારી હોય તેને તો એક પણ ક્ષણ નકામી ગાળવી ન પાલવે, લેશ પણ શક્તિ આડી અવળી ખરચવી ન પોષાય અને કોઇ બીજાએ પૂરી પાડેલ સગવડનો ઉપયોગ તો તેને ચિંતાગ્રસ્ત કરી મૂકે; પણ આપણે ત્યાગી સંસ્થામાં એ વસ્તુ સામાન્ય રીતે જોઈ શકતા નથી. બીનજવાબદાર જીવનમાંથી તેમનામાં એક મોટો દોષ દાખલ થાય છે અને તે અનાચારનો. સો ગૃહસ્થ અને સો ત્યાગી લઈ તેમનું આંતરિક જીવન તપાસશો તો પ્રમાણમાં ગૃહસ્થો કરતાં કહેવાતા ત્યાગીઓના જીવનમાં સડો વધારે નીકળવાનો. ગૃહસ્થોમાં અનાચાર હોય તો તે પરિમિત પણ હોય છે, જ્યારે ત્યાગીમાં એથી ઊલટું હોય છે. એ તો રખડતા રામ હોય છે, અને જ્યાં ત્યાં પોતાના વર્તનનો ચેપ લગાડે છે; એટલે એકંદરે લોકોમાં તેમનાથી સદ્‌ગુણ દાખલ થવાને બદલે પ્રમાણમાં વિશેષ દોષો જ પોષાય છે. ત્યાગી સંસ્થાને પોતાનો નિર્વાહ કરવા માટે લોકશ્રદ્ધા ઉપર આધાર રાખવો પડતો હોવાથી, અને તે પોતે નક્કર ન હોવાથી, હમેશાં લોકોમાં વહેમ, અજ્ઞાન અને અંધશ્રદ્ધા પોષવાની જાણે કે અજાણે તેને ફરજ પડે છે. આ રીતે એ બેફિકર કે બેપરવા જીવનમાંથી દોષપરંપરા ઊભી થાય છે.

પ્રમાણમાં દોષ કરતાં ગુણ વધારે આવે તે માટે શું કરવું ?

ત્યાગી સંસ્થામાં દોષો કરતાં ગુણોનુ પ્રમાણ ઓછું હોય, તેમ છતાં ય જો એ દોષો દૂર કરી શકાય તેવા હોય અને ગુણોનું પ્રમાણ વધારી શકાય તેમ હોય તો એ સંસ્થાનો તદ્દન નાશ કરવા કરતાં એનું યોગ્ય પરિવર્તન જ કરવું ઘટે. ત્યારે હવે એ જોવાનું રહ્યું કે એ બની કેમ શકે? માણસ પોતાના અનુભવ અને બુદ્ધિ પ્રમાણે જ રસ્તો દર્શાવી શકે. વળી એ કરતાં વધારે સારો રસ્તો અનુભવમાં આવે અથવા તો

કોઈ દર્શાવનાર મળે ત્યારે પેલા રસ્તાને વળગી રહેવાનો આગ્રહ પણ ન જ રખાય. આજે ત્યાગી સંસ્થાનું પરિવર્તન સેવક સંસ્થામાં થવું ઘટે. ત્યાગનો અસલી અર્થ વિસરાઈ જવાથી અને ત્યાગીને મળતી સગવડમાં ત્યાગીપદનું સ્થાન દબાઈ જવાથી, જ્યારે કોઈ ત્યાગી ભક્તોમા, લોકોમાં, સમાજમાં કે કોઈ પણ સ્થળે જાય છે ત્યારે તે પોતાને સૌનો ગુરુ માની સૌની પાસેથી આદરસત્કાર અને માન-પ્રતિષ્ઠાની આકાંક્ષા રાખે છે. આ આકાંક્ષા તેને અક્કડ કરી મૂકે છે અને વારસાથી રાજગાદીએ ઊતરી આવેલ રાજકુમારની પેઠે તેમને લોકોમાં નમ્રભાવે મળતાં રોકે છે. તેથી દરેક ત્યાગી સંસ્થાએ સેવક-સંસ્થા બની જવું જોઈએ. એટલે એ સંસ્થાનો દરેક સભ્ય પોતાને ત્યાગી નહિ પણ સેવક માને અને મનાવે. લોકો પણ તેને સેવક તરીકે જ ઓળખે, ગુરુ તરીકે નહિ. પોતાને સેવક માનતાં, અને વર્તન દ્વારા બીજા પાસે સેવક તરીકે હાજર થતાં જ, અભિમાનનો ભાવ આપોઆપ સરી જાય છે; અને લોકોને ખભે કે માથે ચડવાને બદલે જરૂર પડે ત્યાં લોકોની પગચંપી કરવાનું તેને મન થઈ જાય છે. અને લોકો પણ તેમની પાસેથી એવી સેવા સ્વીકારતાં અચકાતા નથી. ત્યાગનો અર્થ એ સમજવામાં આવે છે કે ઘર, કુટુંબાદિ છોડી અલગ થઈ જવું. આટલું કર્યું એટલે પોતે પોતાને ત્યાગી માની લે છે. બીજાઓ પણ તેને ત્યાગી સમજી બેસે છે. પરંતુ ત્યાગ પાછળ ખરી ફરજ શી રહેલી છે તે નથી પોતે જોતા કે નથી લોકો તપાસતા; જ્યારે સેવામાં એથી ઊલટું છે. સેવા એટલે કોઈનો ત્યાગ નહિ પણ સૌનો સંબંધ સાચવવો અને એ સાચવવામાં બીજાની શક્તિ અને સગવડનો ઉપયોગ કરવા કરતાં પોતાની જ શક્તિ, આવડત અને સગવડનો ઉપયોગ બીજાઓ માટે વધારે કરવો એ ભાવ આવે છે. અને સેવા કર્યા વિના સેવક કહેવરાવતાં લોકો જવાબ માગે છે, એટલે ત્યાં વધારે પોકળ ચાલી શકતું નથી. વળી ત્યાગી લોકોનો તો લોકસેવા કરવાનો જ એકમાત્ર દાવો હોય

છે; એટલે પોતાને સેવક તરીકે ઓળખાવવામાં સંકોચ કે શરમ આવવાનું તો કંઈ કારણ જ નથી.

એ પરિવર્તનનો પાયો કયા તત્ત્વ પર હોવો જોઈએ?

ત્યાગી સંસ્થાને સેવક સંસ્થાનું નામ આપવામાં આવે એટલા માત્રથી જ કોઈ ભારે ફેરફાર ન થઈ શકે અને થોડો ફેરફાર થાય તેથી કંઈ દોષો આવતા અટકે નહિ. તે માટે તો તત્ત્વમાં જ ફેરફાર થવો ઘટે. આજે લગભગ બધી જ ત્યાગી સંસ્થાઓ ખરી જવાબદારી વિનાની છે અને તેને લીધે જ તે નકામા જેવી અથવા નુકસાનકારક થઈ પડી છે. તેથી તેમાં સેવકના નામની સાથે જ જવાબદારીનું તત્ત્વ દાખલ થવું જોઈએ; અને એ જવાબદારી એટલે કોઈએ આપેલ દાનથી નહિ, પણ જાતમહેનતથી, નિર્વાહ કરવાની જવાબદારી. જ્યાં જાતમહેનત દાખલ થઈ ત્યાં બીજાની સગવડ લેવાનો સવાલ જ ન રહેવાથી ભોગનું પ્રમાણ આપોઆપ ઓછું થઈ જાય છે અને એ પ્રમાણ ઓછું થવાથી બીજા ઘણા દોષો વધતા અટકે છે. જાતમહેનતથી નિર્વાહ પૂરતું પેદા કરવામા વખત જશે તો સેવા ઓછી થશે એમ કહેવાને કશું કારણ નથી. કારણ કે તેમ કરવામાં સરવાળે બીજાની સેવા વધારે જ થવાની. પોતાનો બોજો બીજા ઉપર ન લાદવો એ કંઈ ઓછી સેવા નથી. અને સેવકની જરૂરિયાત ઓછી હોવાથી તે માટે ઉપાર્જન કરવામાં બધો વખત ન જ આપવો પડે એટલે સહેજે બચતમાં મળેલ થોડો વખત પણ વધારે કિંમતી થવાનો; અને લોકોને જાતમહેનત તથા સાદાઈનો પદાર્થપાઠ મળે તે કંઈ નાનીસૂની સેવા ન કહેવાય. તેથી ત્યાગી સંસ્થાનું બધું જ પરિવર્તન જાતમહેનતથી નિર્વાહ કરવાના પાયા ઉપરજ થવું ઘટે. ત્યાગી થવા માટેની લાયકાતની પહેલી શરત જ જાતમહેનત હોવી ઘટે. દાનવૃત્તિ ઉપર નભવું તે નહિ

(૧) ત્યાગી એટલે કે સેવક સંસ્થામાં દાખલ થનાર સભ્ય સ્ત્રી કે પુરુષ અવિવાહિત હોય કે વિવાહિત, પણ તે એનું બંધારણ કર્ઇ બ્રહ્મચર્યપૂર્વક જીવન ગાળનાર હોવો જોઈએ.

જાતનું હોવું જોઈએ ?

(૨) દરેક સભ્ય પોતાની જરૂરિયાત પૂરતું જાતમહેનતથી જ પેદા કરવાની શક્તિવાળો અને જાતમહેનત કરવા તૈયાર હોય તેવો જ હોવો જોઇએ.

(૩) દરેક સભ્ય પોતાના સમય અને કામકાજ વિષે સંસ્થાએ મુકરર કરેલ વ્યવસ્થાપક મંડળને જવાબદાર હોવો જોઈએ. તે પોતાની પ્રત્યેક ક્ષણ માટે એ મંડળને જવાબદાર રહેવા બંધાએલો હોવો જોઈએ.

(૪) ઓછામાં ઓછા દિવસના દશ કલાક જેમાં તેની નિર્વાહ પૂરતી જાતમહેનતનો સમાવેશ થાય છે તેટલું કામ કરવા તે બંધાએલો હોવો જોઈએ.

(૫) તેની રુચિ, શક્તિ અને પરિસ્થિતિ જોઈ જે કામ માટે તેને કાર્યવાહક મંડળ પસંદ કરે તે જ કામ તેણે હાથ ધરી પાર પાડવા બંધાવું જોઈએ.

(૬) કોઈ મિત્ર, ભક્ત કે સ્નેહીની કશી જ ભેટ તે જાતે લઈ શકે નહિ; જો કંઈ મળવાનું હોય તો તે કાર્યવાહક મંડળને સોંપવા તે બંધાએલો રહે, અને બિમારી કે લાચારીના વખતમાં તેનો નિર્વાહ મંડળ કરે.

(૭) જ્યારે ત્યાગ અને બ્રહ્મચર્યપૂર્વક જીવન ગાળવાની વૃત્તિ બંધ પડે, ત્યારે તે કાર્યવાહક મંડળ પાસેથી રજા લઈ છૂટો થઈ શકે અને ઇચ્છા પ્રમાણે જીવન ગાળી શકે. અને છતાં તેનું નૈતિક જીવન બરાબર હોય ત્યાં લગી તેની પ્રતિષ્ઠા ત્યાગી અને સેવક જેટલી જ લેખાય.

(૮) જે સભ્ય ક્લેશ અને કંકાસશીલ હોય તે પોતે જ સંસ્થાથી છૂટો થાય; નહિ તો મંડળની સૂચના પ્રમાણે એ છૂટો થવા બંધાએલો છે.

(૯) કોઇ એક સંસ્થા પોતાને ઊંચી અને બીજીને નીચી કે હલકી ન કહે; અને સૌ પોતપોતાની સમજ અને ઢબે કામ કર્યે જાય અને બીજા તરફ આદર કેળવે.

(૧૦) એક સંસ્થાના સભ્યો વખતે વખતે બીજી સંસ્થામાં જાય અને ત્યાંના વિશિષ્ટ અનુભવોનો લાભ લઈ પોતાની સંસ્થામાં પણ દાખલ કરે; અને એ રીતે જુદી જુદી સંસ્થાઓ વચ્ચે ભેદનું તત્ત્વ દાખલ થતું અટકાવે અને એકબીજાની વધારે નજીક આવે.

એકાન્ત ત્યાગની રક્ષા શક્ય હોય તો તે કેવી રીતે?

અત્યાર લગી જે કંઇ વિચાર્યું છે તે ત્યાગને સક્રિય સેવા બનાવવા માટે અથવા તો ત્યાગી સંસ્થાને વિશેષ ઉપયોગી બનાવવા માટે વિચાર્યું છે. પરંતુ અહીં પ્રશ્ન થાય છે, કે એકાન્ત ત્યાગ એટલે કે જે ત્યાગમાં દેખીતી સેવાનો સમાવેશ નથી થતો અને છતાં સાચો ત્યાગ હોય છે એવા ત્યાગની રક્ષા શક્ય છે કે નહિ? અને શક્ય હોય તો તે કેવી રીતે? કારણ કે જ્યારે બધા જ ત્યાગીઓ માટે સેવાનું વિધાન અનિવાર્ય હોય ત્યારે તો દરેક ત્યાગીને માટે લોકસમુદાયમાં રહેવાનું, અને તેમાં ભળવા હળવાનું, તથા અમુક કામની જવાબદારી લેવાનું ફરજીઆત થઈ પડે છે; અને એમ થાય ત્યારે એકાન્ત ત્યાગ જેવી વસ્તુને અવકાશ જ ક્યાં રહે છે? એમ તો કહી ન શકાય કે એવા ત્યાગની જરૂર જ શી છે? કારણ કે જો એવો એકાન્ત ત્યાગ કોઈમાં સાચેસાચો હોય અને એ ત્યાગ મારફત એ વ્યક્તિ કોઈ શોધમાં લાગેલી હોય તો તે ત્યાગ મારફત ભારેમાં ભારે પરિણામ આવવાનો સંભવ ખરો આ પ્રશ્નનો ઉત્તર ટૂંકમાં એટલો જ છે કે એવા એકાન્તત્યાગની પણ મનુષ્યજાતિને જરૂર છે. એ ત્યાગની રક્ષા શક્ય પણ છે. ઉપરના વિધાનો અને બંધારણના નિયમોથી

એવા ત્યાગને કશીજ હરકત નથી પહોંચતી; કારણકે સંસ્થામાં રહે-નાર સભ્યોના ત્યાગ અને એવા એકાન્ત ત્યાગ વચ્ચે ઘણું અંતર હોય છે. એકાન્ત ત્યાગમાં જ્ઞાનપ્રેરિત જવાબદારી હોવાથી તેમાં દોષને લેશ પણ અવકાશ નથી. અને ભૂલે ચૂકે કોઈ દોષનો સંભવ હોય તો તે માટે બીજા કોઈ કરતાં વધારે સાવધાની તો એ ત્યાગ સ્વીકારનારની જ હોય છે; એટલે એવા એકાન્ત ત્યાગને બાહ્ય નિયમનની જરૂર જ નથી રહેતી. ઊલટું એવો ત્યાગ ધારણ કરનાર બુદ્ધ હોય કે મહાવીર હોય પણ એ તો મનુષ્યજાતિના અને પ્રાણીમાત્રના કલ્યાણની શોધ પાછળ જ નિરંતર મંડેલો હોય છે. તેમને પોતાની સાધનામાં લોકાશ્રય કરતાં જંગલનો જ આશ્રય વધારે સહાયક નીવડે છે. અને સાધના પૂરી થયે તેનું પરિણામ તે લોકો સમક્ષ જ મૂકવા તત્પર હોય છે. એટલે જેઓ એકાન્ત ત્યાગની શક્તિ ધરાવતા હોય તેમને માટે તો તેમનો અંતરાત્મા જ મોટો નિયન્તા છે. તેથી આ ફેરફાર અને આ બંધારણના નિયમોને લીધે એવા એકાન્ત ત્યાગ અને તેના પરિણામને કશું જ જોખમ આવતું નથી. કેટલાક સાધારણ માણસો જેઓ એકાન્ત ત્યાગ અને પૂર્ણ ત્યાગનું સ્વરૂપ નથી સમજતા અને પોતાના ઉપર નિયમન આવતું જોવા નારાજ હોય છે તેઓ ઘણીવાર એમ દલીલ કરે છે, કે જો જાતમહેનત અને બીજાં જવાબદારીનાં નિયમનો મૂકવામાં આવે તો બુદ્ધ અને મહાવીર જેવા ત્યાગી ક્યાંથી પાકશે ? અને જગતને મહાન શોધનો વારસો કોણ આપશે ? તેમણે જાણવું જોઈએ કે આજનું જગત એ હજારો વર્ષ પહેલાનું જગત નથી. આજના જગતને ઘણા અનુભવો મળ્યા છે. તેણે જોયું છે કે જીવનની શુદ્ધિ કરવામા અને જ્ઞાનની શોધ કરવામાં જાતમહેનત કે જવાબદારીનું બંધન આડે આવતું જ નથી. જો એ આડે આવતું હોત તો જે સેંકડો અદ્‌ભુત વૈજ્ઞાનિકો અને ગૃહસ્થ શોધકો પાક્યા છે, જે ગાંધીજી જેવા નરરત્નને ધારણ કરવા જગત ભાગ્યશાળી બન્યું છે તે કદી ન જ

સંભવત. એકાન્ત ત્યાગીને સંસ્થાની સગવડ અથવા લોકોની સેવા લેવાની ભૂખ કે તૃષ્ણા નથી હોતી. તે તો આપબળ અને સર્વસ્વ-ત્યાગ ઉપર જ ઝૂઝે છે. એટલે તેવી કોઇ વિરલ વ્યક્તિ હશે તો તે આપોઆપ પોતાનો માર્ગ શોધી લેશે. તેને માટે કોઈ પણ બંધારણ કે તેના નિયમો નકામા છે. એવો પુરુષ તો જાતે જ નિયમરૂપ છે. તેને બીજાનુ માર્ગદર્શન, બીજાની મદદ અને બીજાનું નિયમન એ બધું ઘણી વાર અકારૂં થઈ પડે છે. જેમ તેને બાહ્ય નિયંત્રણ બાધક થાય છે, તેમ સાધારણ દરજ્જાના ત્યાગી ઉમેદવારોને બાહ્ય-નિયંત્રણ અને માર્ગદર્શનનો અભાવ જ બાધક થાય છે. એટલે એ બન્નેના માર્ગો જુદા છે. એકને માટે જે સાધક તે બીજાને બાધક થાય છે. એટલે તે પ્રસ્તુત વિચાર ફક્ત લોકાશ્રિત ત્યાગી સંસ્થા પૂરતો જ છે એમ સમજવું જોઇએ.

જૈન ત્યાગી સંસ્થા અને જાત-મહેનત

અત્યારસુધી ત્યાગી સંસ્થા પરત્વે જે વિચાર થયો તે જૈન ત્યાગી સંસ્થાને પણ લાગુ પડે છે કે નહિ એ સવાલ આજને પ્રસંગે દરેક જૈન વ્યક્તિને તો થવાનો જ. એનો ઉત્તર સીધો છે, અને તે એ છે કે બીજી કોઈ પણ ત્યાગી સંસ્થા કરતાં જૈન ત્યાગી સંસ્થા પોતાને વધારે ત્યાગવાળી અને વધારે ચડિયાતી માને છે અને બીજાઓ પણ તેમ સમજે છે; એટલે જાતમહેનતનો સિદ્ધાંત સૌથી પહેલાં અને સૌથી વધારે સખત રીતે તો તેને જ લાગુ પાડવો ઘટે. આ પ્રસ્તાવ અને આ વિચાર ઘણામાં માત્ર આશ્ચર્ય જ નહિ પણ ગુસ્સો અને આવેશ ઉત્પન્ન કરશે. કારણ કે પરંપરાથી તેમને એવી સમજણનો વારસો મળ્યો છે, અને તેઓ પ્રામાણિકપણે એમ માને છે કે જૈન સાધુ દુનિયાથી પર છે, અને તે માત્ર આધ્યાત્મિક જીવન જ જીવનારો છે, તેમજ બધા કામધંધા અને ઉદ્યોગો બંધનકારક હોવાથી જ તેણે તજ્યા છે. એટલે એવા સાધુને જાતમહેનતનો સિદ્ધાંત

કેવી રીતે લાગુ પડે? અને એ સિદ્ધાંત લાગુ પાડવા જતાં એનું આધ્યાત્મિક જીવન, એનો સંસારત્યાગ, અને એનું નિર્લેપપણું કેવી રીતે સચવાય? આવી શંકા થવી સહજ છે. પરંતુ જૂની જૈનપરંપરા, જૈન ત્યાગનો મર્મ, જૈન શાસ્ત્ર, અને જૈન ઇતિહાસ તેમજ અત્યારના દેશકાળના સંયોગો, અને સાધુસમાજની સ્થિતિ ઉપર બની શકે તેટલો તટસ્થ છતાં નિર્ભય વિચાર કર્યા પછી મને સ્પષ્ટ લાગે છે કે જાત-મહેનતનું તત્ત્વ ભલે દેખીતી રીતે જૈનપરંપરાથી વિરુદ્ધ લાગે છતાં તત્ત્વદૃષ્ટિએ જૈનત્યાગ અને જૈનસિદ્ધાંતની સાથે એનો સંપૂર્ણપણે મેળ ખાય તેમ છે.

આજનો જૈન સાધુસમાજ આધ્યાત્મિક છે એમ કોઈ કહી શકશે ખરું? જો તે આધ્યાત્મિક હોય તો પ્રમાણમાં બીજા કરતાં વધારે ક્લેશ, કંકાસ, પક્ષાપક્ષી, તોછડાઈ અને અભિમાન, સ્વાર્થ અને બીકણપણું, ઇત્યાદિ દોષો એ સમાજમાં સંભવે અને નભે ખરા? આજનો જૈન સાધુસમાજ દેશકાળ જાણનાર અને વ્યવહારકુશળ છે એમ પણ કોઇ સાબીત કરવાની હિંમત ધરાવે છે ખરો? જો તેમ હોય તો હજારોની સંખ્યામાં સાધુઓ હોવા છતાં જૈન સમાજ પછાત કેમ રહે? અને ખુદ સાધુઓ એક પામરની જેમ ભક્તોની માત્ર દયા ઉપર જીવે કેમ? સંગઠન કે આરોગ્ય, શિક્ષણ કે ઉદ્યોગ, સામાજિક સુધારો કે રાજકારણ, સાહિત્યપ્રચાર કે ઇતિહાસરક્ષા—એ બધી બાબતોમા આટલા મોટા સાધુસમાજને ધરાવનાર અને અને તેનું ભક્તિપૂર્વક લાલનપાલન કરનાર જૈન સમાજ સૌથી પછાત હોઈ જ કેમ શકે? ખરી વાત તો એ છે કે જૈન સાધુ પોતાને ત્યાગી સમજે છે અને તેમ કહે છે. લોકો પણ તેને ત્યાગી તરીકે ઓળખે છે. પરંતુ આજના જૈન સાધુનો ત્યાગ એ માત્ર કર્મ—ક્રિયા, અને જાતમહેનતનો ત્યાગ છે. એના ફળનો એટલે ભોગ લેવાનો ત્યાગ નથી. તેથી તે જેટલે અંશે જાતમહેનત નથી કરતો તેટલે અંશે બીજાની મહેનતનો અને બીજાની સેવાનો વધારેમાં વધારે ભોગ કરે

છે. એટલે તે ત્યાગી હોય તો માત્ર પરિશ્રમત્યાગી છે, ભોગ કે ફળનો ત્યાગી નથી. અને જૈન સાધુ પોતાને ભોગી નથી માનતો. બીજાઓ પણ તેમ નથી માનતા. કારણ કે બધા એમ સમજે છે કે એ તો ઘરબાર, અને ધંધોપાણી છોડીને બેઠો છે. એ દષ્ટિએ એને ત્યાગ કહેવો હોય અને ભોગી ન કહેવો હોય તો એમાં મારો વિરોધ નથી. પણ જે જાતમહેનતનો ત્યાગ કરે છે અને બીજાની મહેનતનું ફળ લીધા સિવાય ક્ષણ માત્ર રહી શકતો નથી અથવા એમ કહો કે જે એકના જીવનને માટે બીજા ઘણાને મહેનત કરવી અનિવાર્ય થઈ પડે છે તેને ત્યાગી કહેવો કે સૌથી વધારે ભોગી કહેવો એ તમે જાતે જ વિચારી લ્યો એ ઠીક.

ભગવાનનો ત્યાગ એ કર્મનો ત્યાગ હતો તો તેમાં ફળનો અને બીજાની સેવાનો પણ ત્યાગ જ હતો. જો આજે ભગવાનનો એ ત્યાગ સંભવિત ન હોય તો તેને અનુસરવાનો માર્ગ પણ જૂદો બનાવ્યા સિવાય ચાલે જ નહિ. આજનું દિગંબરપણું હવેલી અને મહેલોમાં પ્રતિષ્ઠા પામે છે. ભગવાનનું નગ્નત્વ જંગલમાં જન્મ્યું હતું અને ત્યાંજ શોભ્યુ. ભગવાનને આજના તેમના કહેવાતા શિષ્યની પેઠે દહાડામાં ત્રણ કે તેથી વધારે વાર ખાવાની અને છતાં લોકો પાસે પગચંપી અને તેલ મર્દન કરાવવાની જરૂર જ પડતી નહોતી. આજે સ્થિતિ એટલી બધી બદલાઈ ગઇ છે કે જૈન સાધુસંસ્થા આધ્યાત્મિક ક્ષેત્રમાંથી તદ્દન જ અળગી થઈ ગઈ છે; વ્યવહારકુશળતાની ભૂમિકા ઉપર પણ એ ઊભી નથી. એ તો માત્ર આર્થિક સ્પર્ધાના ક્ષેત્રમાં જ ઊભી છે. ભગવાનનો સિદ્ધાંત એવો છે કે જેવા અંદર હોઈએ તેવા જ બહાર દેખાવું. જો ત્યાગ હોય તો જ ત્યાગી કહેવરાવવુ અને ભોગ-વૃત્તિ હોય તો ભોગી તરીકે જ રહેવું. આજનો જૈન સાધુસમાજ એક રીતે નથી ભોગી, કારણકે તે છૂટથી ગૃહસ્થોની પેઠે **પોતાની** મહેનત ઉપર ભોગજીવન નથી ગાળતો; અને તે એક રીતે નથી ત્યાગી કારણ કે તેના આંતરિક લક્ષણો ત્યાગથી તદ્દન જ વિરુદ્ધ છે, અને

છતાંય તે ભોગીની પેઠે મુખ્ય મુખ્ય સગવડોને જતી કર્યાં સિવાય જ ત્યાગી તરીકે પોતાને ઓળખાવે છે. એટલે ભગવાનના સિદ્ધાંતને અનુસરવા ખાતર પણ જો તેને ત્યાગી જ રહેવું હોય તો જંગલમાં જવું. અથવા વસ્તિની નજીકમાં રહ્યા છતાં બીજાના શ્રમનો તેણે કાંતો ઉપભોગ ન કરવો. અને જો તેણે ભોગી થવું હોય તોપણ બીજાની મહેનત ઉપર ભોગી ન થતાં જાતમહેનત ઉપર જ ભોગી થવુ. એમ થાય તો જ ક્યારેક પણ સાચા ત્યાગનો સંભવ છે.

જાતમહેનતથી ઉત્પન્ન કરેલ વસ્તુનો ભોગ કરવો પડે ત્યારે જ ઘણીવાર તો વધારેમાં વધારે ત્યાગ થાય છે. અને તેવો ત્યાગ પણ અનિવાર્ય થઇ પડે છે. જાતમહેનતથી તૈયાર કરેલ કપડા બીજાએ આપેલ કપડાં કરતાં પ્રમાણમાં ઓછા જ વપરાવાનાં, ઘસાવાનાં, અને ફાટવાના, જાતે ધોવાનુ કપડું બીજાએ ધોએલાં કપડા કરતાં ઓછું અને મોડું જ મેલું થવાનું. દાનવૃત્તિથી મળેલ ઘી, દૂધ, પુસ્તકપાના, કાગળ, પેન્સીલ, અને છીંકણી કરતાં જાતમહેનત અને મજૂરીદ્વારા પ્રાપ્ત કરેલ એ વસ્તુઓ પ્રમાણમાં ઓછી જ વપરાવાની અને ઓછો જ બગાડ થવાનો. બીજા પગચાપે અને તેલ મર્દન કરે એ કરતાં જો જાતે કરવાનુ હોય તો તેમાં સુખશીલતા ઓછી જ પોષાય. એટલે સદ્બુદ્ધિ અને વિવેકપૂર્વક સ્વીકારેલી જાતમહેનત એ તો સાચી વ્યાવહારિકતા અને સાચી આધ્યાત્મિકતાનુ મુખ્ય લક્ષણ છે અને તેની પોષક છે.

હંમેશા જ બીજાને હાથે પાણી પીનાર અને બીજાને પગે ચાલનાર રાણી અને શેઠાણીને જાતે પાણી ભરવાનું કે પગે ચાલવાનું કહેવામાં આવે અથવા એવો પ્રસંગ આવે તો તેના સ્નાયુઓ જ પહેલા તો એમ કરવાની ના પાડશે; તથા મોટપ અને પ્રતિષ્ઠાનું ભૂત પણ એ કામ કરવામાં આડે આવશે. રાજાઓ અને ધનવાનો જેઓ જાતમહેનતથી ટેવાયા નથી અને છતાં બીજાની મહેનત વિના જેમને ક્ષણ માત્ર ચાલતું નથી તેઓને પણ જો જાતમહેનત કરવાની ફરજ પડે તો તો શરૂઆતમાં વસમું લાગે. જૈન સાધુ એટલા બધા સુકુમાર

કે તદ્દન પરાશ્રયી નથી હોતા છતાં પરાપૂર્વનું અમુક ભૂત તેમનામાં પણ છે, જે તેમને જાતમહેનતનો વિચાર કરતાં ક્ષુબ્ધ કરી નાંખે છે, અને એ વિચારને અમલમાં મૂકતાં તો તેમને ધ્રૂજાવી નાંખે છે. પરંતુ હવે દિવસે દિવસે વધતી જતી ત્યાગની વિકૃતિને રોકવા વાસ્તે અત્યારે જાતમહેનતના તત્ત્વ સિવાય બીજો એકે ઉપાય દેખાતો નથી. એટલે કાતો તેમણે આ ઉપાય શીઘ્રેજ છૂટકો છે, અને કાંતો વનવાસ જેવી સ્થિતિ સ્વીકાર્યે છૂટકો છે. પણ હવે ત્યાગની મૂર્તિ ઉપર ભોગના સુવર્ણ અલંકારો વધારે વખત રહી તેમજ શોભી શકશે નહિ.

❧

" છાત્રાલયોમાં અને બીજી સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ હોવું જોઈએ કે નહિ? અને હોવું જોઈએ તો કયા પ્રકારનું ?"

જેમ ભૂગોળખગોળાદિ વિદ્યાઓ છે તેમ ધાર્મિક શિક્ષણ એ પણ એક વિદ્યા છે કે નહિ? અને તે વિદ્યા નથી એમ જો નથી કહી શકાતું તો એ જોવું રહે છે કે ધાર્મિક શિક્ષણમાં જાણવા જેવી, રસ પેદા કરે એવી, અને માનવબુદ્ધિની ભૂખ જગાડી તેને સંતુષ્ટ કરે એવી મહત્ત્વની બાબતો કોઈ છે કે નહિ? જો અનુભવીઓનો ઉત્તર એ હોય (અને છે એમ મારો વિશ્વાસ છે) કે એવી બાબતો ધાર્મિક કહેવાતી વિદ્યામાં પુષ્કળ છે, તો પછી આજે એ પ્રશ્ન કેમ ઊભો થાય કે છાત્રાલય વગેરે સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ હોવું જોઈએ કે નહિ?

આ પ્રશ્ન થવાનાં ચાર મુખ્ય કારણો છેઃ (૧) દૃષ્ટિનું સંકુચિતપણું, (૨) બુદ્ધિસ્વાતન્ત્ર્ય અને તર્ક ઉપર અંકુશ, (૩) જ્ઞાન ઉપર અંકુશ અર્થાત્ નવી વિચારધારાઓ અને શોધ તરફ દુર્લક્ષ, (૪) શૈલી દોષ.

ધાર્મિક શિક્ષણ આપવામાં દૃષ્ટિ ભારે સંકુચિત અને ટૂંકી રાખવામાં આવે છે. દા. ત. જૈન સમાજ, અને તેમાં પણ દિગંબર, ધાર્મિક શિક્ષણ આપે ત્યારે તેઓ એવીજ દૃષ્ટિ ધરાવતા હોય છે કે અમુક બાબત ઉપર દિગંબર શાસ્ત્રોમાં જે લખાએલું છે તે છેલ્લામાં

આ ચર્ચા જૈન સમાજને લક્ષીને લખેલી છે પણ તે બધા ધાર્મિક સમાજોની શિક્ષણપદ્ધતિને લાગુ પડે એ દૃષ્ટિએ જ વિચારાએલી છે.

છેલ્લું એટલે કે સર્વજ્ઞકથિત છે. હવે તેમાં વધારે જાણવા જેવું, કે ઉમેરવા જેવું કશું નથી. તે બાબત પરત્વે અન્ય શાસ્ત્રો જો ભિન્ન મત દર્શાવતાં હોય તો તે તદ્દન અગ્રાહ્ય અને અપૂર્ણ છે. અને જો જૈનશાસ્ત્ર પ્રમાણે જ તે બીજાં શાસ્ત્રો પણ તે બાબત પરત્વે મત ધરાવતાં હોય તો તે વિચાર તેમણે જૈન શાસ્ત્રમાંથી લીધેલો છે. વળી તેઓ એવી પણ માન્યતા ધરાવતા હોય છે કે તે બાબત પરત્વે દિગંબર આચાર્યોએ લખ્યુ છે તે જ યથાર્થ છે અને બીજા આચાર્યો યથાર્થ દૃષ્ટિ વિનાના હોવાથી અભ્રાત વિચાર કરી શકે જ નહિ. ભણાવનારમાં આ દૃષ્ટિસંકુચિતતા હોય છે, અને ભણનારમા પછીથી એ દાખલ થાય છે એટલે જ્યારે ભણનારાઓમાંથી કેટલાક આગળ વધે છે અને વિચારશીલ થાય છે ત્યારે તેમને શરૂઆતમા મળેલો દૃષ્ટિ-સંકોચનો વારસો યાદ આવે છે, અને તે વખતની વિચારસરણી સાથે તેમજ અભ્યાસ સાથે એ ટૂંકી દૃષ્ટિનો મેળ ખાતો ન જોતા એ શિક્ષિતગણ પોકારી ઊઠે છે કે ધાર્મિક શિક્ષણ નકામુ છે.

અત્યારની સાપ્રદાયિક બધીજ સસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ આપનારાઓ અને સંસ્થાના સંચાલકો મોટે ભાગે બુદ્ધિસ્વાતંત્ર્ય અને તર્કશક્તિ જે બન્ને મનુષ્યત્વના પ્રાણ છે, ખરૂં જીવન છે, તેના ઉપર અંકુશ મૂકે છે. દા. ત. કોઈ જૈન–વિદ્યાર્થી ધાર્મિક શિક્ષણ લેતી વખતે દૂધ, ઘીનાજ સમુદ્રોનું વર્ણન સાભળી તેમજ સોનારૂપાના પહાડોનુ વર્ણન સાભળી એ વિષે પુરાવા માગે અગર તો વિશેષ જિજ્ઞાસા પ્રગટ કરે તો શિક્ષકો એના ઉપર લાલ આંખ ન કરે એમ માની લઇએ, તોપણ એટલુ તો જરૂર જ કહેવાના કે આપણી બુદ્ધિ પરિમિત છે અને પરતંત્ર છે તેથી તેને આવી બાબતો વિષે માત્ર શ્રદ્ધા રાખવાનું હોય છે. એમાં શકા કરવી એ પણ ધર્મહત્યા છે. વળી કોઇ રડયોખડયો શિષ્ય તર્ક કરે કે ભગવાન મહાવીરની તહેનાતમાં કરોડો દેવો રહેતા એમ કહેવાય છે, ત્યારે ભગવાનના સમયના રાજાઓ અને બીજી વ્યક્તિઓના ઉલ્લેખો જેમ બૌદ્ધ આદિ શાસ્ત્રોમાં

મળી આવે છે તેમ આવી અજબ વસ્તુઓનો ઉલ્લેખ કેમ નથી મળતો ? વળી કોઇ વિદ્યાર્થી એમ તર્ક કરે કે પૂજામાં ફૂલોના ઢગલા કરો છો તે અથવા તીર્થરક્ષાને નામે કોઈ કોઇ વાર મનુષ્યહત્યા સુધીનાં અજાણતાં પણ પગલાં ભરાય છે તે ત્યાગ અને અહિંસાની સાથે બંધ કેવી રીતે બેસે ? એક તો આવા તર્કો ઊઠવા જેવી બુદ્ધિ જ ઘટી ગઇ છે. અને કદાચ દુર્ભાગ્યે કે સદ્ભાગ્યે ઊઠયા તો તેવા તર્ક કરનારને મોટે ભાગે નાસ્તિક અથવા દોઢડાહ્યો કહીને ઉતારી પાડવામાં આવે છે. જ્યારે એમાંના કોઇ વિદ્યાર્થી આગળ જતાં સ્વતંત્ર વિચારક અને તાર્કિક થાય છે ત્યારે તેઓ પેલા વિદ્યાર્થી જીવનના ધાર્મિક શિક્ષણ સામે તોબાહ પોકારે છે, અને બળવો જગાવે છે.

ધાર્મિક શિક્ષણમા જે વિષય શિખવાતો હોય અને તેના ઉપર જે આચાર્યનું પુસ્તક ચાલતું હોય તે વિષય પરત્વે તે આચાર્યના (પછી ભલે તે સેંકડો અને હજારો વર્ષ પહેલાં થઇ ગયા હોય) વિચારો સિવાય બહારની દુનીયામાં એ જમાના સુધીમાં બીજાઓએ શું વિચાર્યું છે અને તે જમાનાથી માંડી અત્યાર સુધીમાં તે વિષય પરત્વે આખી દુનિયામાં શું શું વિચારવામા આવ્યું છે, શી શી શોધો થઈ છે, કયાં જૂનાં સત્યો વધારે સ્પષ્ટ થયાં છે, કઈ વિગતો ઉમેરાઇ છે, અને કઇ બાબતો ખોટી સાબીત થતી જાય છે અગર થઇ છે, તે બધા તરફ માત્ર દુર્લક્ષ કરવામાં આવે છે. તેથી જ્યારે કોઇ ધાર્મિક શિક્ષણ લીધેલ વિદ્યાર્થી મોટી ઉંમરે પોતે શીખેલ વિષયની બાબતમાં ચોમેરથી નવું જાણે છે અથવા તેને એ જાણવા સાંભળવાનો પ્રસંગ આવે છે ત્યારે તેને પેલો ધાર્મિક અભ્યાસ દરમિયાનનો જ્ઞાનસંકુચ ખટકે છે અને વગર સંકોચે તે કહી દે છે કે ધાર્મિક શિક્ષણને સલામ. એને લીધે તો ઊલટા મૂર્ખ રહ્યા.

ઉપરના ત્રણ દોષો ઉપરાંત એક મોટો દોષ શિક્ષણની શૈલીનો છે. આજે મોટે ભાગે અર્થહીન પાઠો ગોખાવવામાં આવે છે. એમાં

શિખનારને કંટાળા ઉપજાવનાર ટિખળ અને મજા પડે છે, કારણ કે તે ગોખતાં રમતા જાય છે. પણ તેની વિચાર અને કલ્પનાશક્તિ માત્ર ગોખણપટ્ટીના ભારને લીધે બુઠ્ઠી થઇ જાય છે. અર્થ ન સમજાવાથી જ્ઞાનનો રસ આવતો નથી, ટકતો નથી, અને ગોખેલા શબ્દો કાળ જતાં ભૂલાઇ જાય છે. મોટી ઉંમરે જ્યારે એવા વિદ્યાર્થીઓ વિચાર અને કલ્પનાની કિંમત આંકતા થાય છે અને વ્યવહારમાં તેની અગત્યતા જુએ છે ત્યારે ઔરંગઝેબની પેઠે તેઓ પોતાના ધર્મશિક્ષકોને ફાંસી માફ કરી શાપ તો આપે જ છે. આ ઉપરાંત કેટલીક મેસાણામાં છે તેવી ધર્મજીવી પાઠશાળાઓમાં તો વિદ્યાર્થીઓને જેમનું જ્ઞાન અને વિચાર જાણવા માટે આખું જગત તલસે છે તે ગાંધીજીનાં પત્રો અને પુસ્તકો વાચતાં પણ રોકવામાં આવે છે; એટલા કારણે કે એ જૈન ધાર્મિક પુસ્તક નથી. હું કેટલાય ધર્મપુત્ર મનાતા અને વિદ્વાન ગણાતા જૈન સાધુ તેમજ સાધ્વીઓને જાણું છું કે જેઓને મન અમુક આચાર્યોએ અમુક ભાષામાં લખ્યું હોય તે સિવાયનું કશું પણ વાંચવા અને સાભળવા તરફ માત્ર ઉદાસિનતાજ નહિ પણ દ્વેષ હોય છે. આ જોઈ ઘણા બોલી ઊઠે છે કે ધાર્મિક શિક્ષણે સત્યાનાશ વાળ્યું. એની શી જરૂર છે?

અલબત્ત, ધાર્મિક શિક્ષણ સામે વાંધો લેનારનો ઉપરનો અનુભવ ખોટો છે એમ તો ન જ કહી શકાય. છતા જો વિચાર અને અનુભવે એમ લાગે કે ધાર્મિક શિક્ષણમાં સમાતી જૂની માન્યતાઓ, જૂની પરંપરાઓ અને એ પ્રાચીન અનુભવો અમુક હદ સુધી અને અમુક દૃષ્ટિએ જાણવા જેવા છે અને ઉપયોગી પણ છે તો પછી બીજા આગંતુક દોષો જે સમજ અને પ્રયત્નથી ટાળી શકાય તેમ છે તેને કારણે એ બધું ફેંકી તો ન દેવાય. ઓછા કે વધતા કાંકરા હોય અગર ધૂળ હોય તેટલા માત્રથી જ પુષ્ટિકારક અને અગત્યનું અનધાન્ય ફેંકી તો ન જ દેવાય. જેમ સુપડું અને આંખ અનાજ સાફ કરવા માટે છે તેમ જ બુદ્ધિ અને ધીરજ ગુણ દોષ પારખવા અને

દોષો નિવારવા માટે છે. ધાર્મિક શિક્ષણના વિરોધી પક્ષની દલીલો તો એટલું જ સાબીત કરે છે કે જે ખામીઓને કારણે આગળ જતાં ભણેલાઓને ધાર્મિક શિક્ષણ તરફ અરુચિ થાય છે તે ખામીઓ દૂર કરવી અને એ શિક્ષણમાં પ્રાણ લાવવો. ત્યારે અત્યારે ધાર્મિક શિક્ષણ કયા પ્રકારનું હોવું જોઈએ કે જેથી તે રસપ્રદ થાય, આગળ જતાં તે લેનારને પસ્તાવો ન થાય એ જ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ધાર્મિક શિક્ષણ કઈ રીતે અને કઈ દૃષ્ટિએ આપવું તેનું ટૂંક સૂચન અહિં કરવામાં આવે છે. વિશેષ સુધારાને અને પરિવર્તનને પૂર્ણ અવકાશ છે.

શિક્ષણમાં પહેલી વાત દૃષ્ટિની ઉદારતાની છે. એટલે જે વિષય પરત્વે જે વિચાર ધાર્મિક શિક્ષણમાં શિખવવામાં આવે તે વિષય પરત્વે તે વિચાર છેવટનો જ છે એમ આગ્રહ ન રાખતાં તે પણ એક વિચાર છે, જાણવા જેવો છે, અને અમુક જમાનાના, અમુક સંપ્રદાયના વિદ્વાનો અમુક વખત સુધી આ રીતે માનતા આવ્યા છે એમ ધારીને જ એ વિચાર શિખવવો જોઈએ. આ પ્રમાણે દૃષ્ટિ વિશાળ બની એટલે એ વિષય પરત્વે બીજા આચાર્યોના વિચાર ઉપર પણ ઉદારભાવે લક્ષ આપી શકાશે. અને એક વિષય પરત્વે ધાર્મિકકોષમાં સમાતી બધી જ માન્યતાઓ સમતોલપણે જાણવાની તક રહેશે. પરિણામે સર્વજ્ઞપણું હોઈ શકે કે નહિ એવી અને બીજી બાબતોમાં માત્ર એક વિચારનો પૂર્વગ્રહ ન બંધાતાં તે મુદ્દા ઉપર ભિન્ન ભિન્ન દર્શનોમાં મળતાં બધા જ મંતવ્યો સમતોલપણે જાણી અને વિચારી શકાશે. દૃષ્ટિ ઉદાર થઈ એટલે તેનો જ્ઞાનનો દરવાજો પહોળો થયો, તેનું સાહિત્ય અપાર બન્યું, અને તેને માત્ર દુરાગ્રહને લીધે જ અમુક સાહિત્યમાં ગોંધાઈ રહેવાની સ્થિતિ પ્રાપ્ત થઈ હતી તે પણ ગઈ. પછી ધાર્મિક શિક્ષણ લેનાર જો દશવૈકાલિક શીખતો હશે તો તે સ્થાનકવાસી કે શ્વેતાંબર દેરાવાસી [illegible] ધમ્મપદ, ગીતા અને બાઇબલ આદિ વાંચવાનો. અને જો તે વિદ્યાર્થી બ્રાહ્મણ હોય વેદ કે

ઉપનિષદ્ શિખતો હશે તો તેની દૃષ્ટિ અવેસ્તા, કુરાન અને જૈન કે બૌદ્ધ આગમ તરફ પણ જશે.

ધાર્મિક શિક્ષણમાં બુદ્ધિસ્વાતંત્ર્ય અને તર્કશક્તિને સંપૂર્ણ છૂટ હોવી જોઇએ. ધર્મ એ નાનીસૂની કે સાંકડી વસ્તુ નથી. મનુષ્ય મહાન્ બનવા જ ધર્મનું શરણ લે છે. એટલે ધર્મના પ્રદેશમાં તો બુદ્ધિની સ્વતંત્રતા અને તર્કને વધારેમાં વધારે છૂટ હોવી જોઈએ. જેમ ઉગતા બાળકના શરીરને રૂંધવામાં આવે તો તે તેના જીવનને ગૂંગળાવે છે અને શરીરના વિકાસને તદ્દન પુષ્ટિ આપવામાં આવે તો તેથી શરીર વધે છે અને મજબૂત બને છે, એજ રીતે બુદ્ધિની સ્વતંત્રતા અને તર્કશક્તિની છૂટથી ધર્મ વિકસે છે, તેના તરફની રુચી વધે છે. શરૂઆતમાં અમુક તત્ત્વો ડગમગવા લાગે તેથી કાંઇ ધર્મનો નાશ થતો નથી. ઊલટું તેમાં સુધારો અને ઉમેરો જ થાય છે. અને ધર્મ એ માત્ર મર્યાદિત કે જડ વસ્તુ નથી. એ તો અમર્યાદિત અને જીવંત વસ્તુ છે. એટલે જેમ જેમ બુદ્ધિને છૂટ તેમ તેમ ધાર્મિક ગણાતી માન્યતાઓ અને વિષયો વધારે ચર્ચાવાનાં, વધારે સ્પષ્ટ થવાનાં અને કસાવાના. આ તત્ત્વ શિક્ષણમા આવવાથી ઘણા જૂના વિષયો ચાળણીમાં ચળાશે એ વાત ખરી પણ તેથી તો ઊલટું તેનું સ્વરૂપ વધારે ચોખ્ખું બનશે. સત્યને શંકાનો ભય શાનો! એને લીધે ધાર્મિક શિક્ષણ પામેલ મોટી ઉંમરે એના તરફ આદર બતાવવાના.

ધાર્મિક શિક્ષણમા જિજ્ઞાસા નિરંકુશ રહેવી જોઇએ, એટલે કે કોઇપણ વિષય પરત્વે શક્ય હોય એટલુ બધું જ્ઞાન મેળવવાની વિદ્યાર્થીમા ઇચ્છા ઉત્પન્ન કરવી જોઇએ. અને એ ઇચ્છાને શિક્ષકોએ પૂર્ણ પ્રયત્નથી સંતોષવી જોઈએ. આમ કરવા માટે કોઇપણ વિષયનું ધાર્મિક શિક્ષણ આપતાં માત્ર મર્યાદા તરીકે ભલે અમુક પુસ્તક પસંદ કરવામાં આવે પણ તે વિષય પરત્વેના વિચારો અને શોધો જાણવા માટે દેશકાળનું બંધન નહિ જ રાખી શકાય. અને પરિણામે તુલનાત્મક અભ્યાસ

દાખલ થશે; અને ભણનારને કદી અરુચિ નહિ થાય તેમ જ તેનું વિચારક ક્ષેત્ર પણ વધશે.

આ ઉપરાંત શૈલીનું પરિવર્તન જરૂરી છે. ગોખણપટ્ટીનું સ્થાન સમજશક્તિ અને કલ્પનાશક્તિ લે એટલે સમય અને શક્તિ લેખે લાગવાનો. પછી ધાર્મિક શિક્ષણ તરફ આકર્ષવા માટે નહિ જરૂર પડે પતાસાં વહેંચવાની, કે નહિ જરૂર પડે બીજાં પ્રલોભનોની. ટૂંકમા ઉપરના સ્વરૂપનું તારણ એટલું જ કાઢી શકાય કે ધાર્મિક શિક્ષણ ઉદાર દૃષ્ટિથી, તુલનાત્મક પદ્ધતિથી, અને સમજશક્તિ તેમજ કલ્પના-શક્તિના વિકાસને પ્રધાન રાખીને જ અપાવું જોઇએ.

આ બધું છતાં ધાર્મિક શિક્ષણ મરજીયાત રહેવું જોઇએ. એનાં કારણો ટૂંકમાં આ છે:

(૧) વર્ગ ખાલી ન રહે તે માટે શિક્ષકને શિક્ષણ ખૂબ આકર્ષક બનાવવાની ફરજ પડશે. કારણ કે વર્ગના ચાલવા ઉપર જ તેની પ્રતિષ્ઠાનો આધાર મનાવો જોઇએ.

(૨) તેથી શિક્ષકને ખૂબ વાંચવું વિચારવું પડશે, અને શિષ્યોનાં માનસ તપાસી તેને અનુકૂળ થવા શિક્ષણમાં રસ રેડવો પડશે. આને લીધે એ શિક્ષક ગભીર બનશે. અને પરિણામે ફરજીઆત પદ્ધતિમાં જે શિષ્ય અને શિક્ષક બંનેય છિછરા રહી જાય છે તેને બદલે શિક્ષક તો પ્રૌઢ બનશે જ અને અન્તે એ ચેપ બીજે પણ ફેલાશે.

(૩) ફરજીઆત પદ્ધતિથી આગળ જતાં જે કંટાળો અને હંમેશને માટે અણગમો જન્મે છે તેને સ્થાન જ નહિ રહે.

ફરજીઆત શિક્ષણના ફાયદાઓ કાંઇ ધ્યાન બહાર નથી; પણ મરજીઆત શિક્ષણના પરિણામ સામે તેની કશી જ કિંમત નથી.

ધાર્મિક શિક્ષણમાં જ્યાં જ્યા આચાર વિષેના શિક્ષણની વાત આવે ત્યાં પણ ઉપરના ઉદારતા, તુલના આદિ તત્ત્વો દાખલ કરીનેજ આચાર શિખવનાથી વિદ્યાર્થીઓને તેમાં પણ રસ પડશે.

તીર્થોની પ્રતિષ્ઠા કેમ સચવાય?

જૈનતીર્થોની ઇમારત તપ, ત્યાગ, અને અધ્યાત્મચિંતનના પાયા ઉપર ઊભી થએલી છે, તેથી એનો પ્રાણ કે આત્મા પણ એ જ છે. જૈનતીર્થોમાં છે તેના જેવાં અને તેનાથી પણ કદાચ ચડિયાતાં, કારીગરીવાળાં અને કળાપૂર્ણ ભવનો અને મહેલો હિંદુસ્તાનમાં અને દુનિયાના બીજા ભાગમાં કાંઈ ઓછાં નથી. તેમજ જૈન મંદિરોમાં અને જૈન ભંડારોમાં હોય તે કરતાં લાખો અને કરોડોગણું ધન કોઇ એકાદ જગ્યાએ જ આજે મોજૂદ છે, છતાં કોઇપણ જૈન એ ખજાનાઓ અને એ મહેલોમાં તીર્થબુદ્ધિ નથી ધરાવતો, ધર્મબુદ્ધિથી તેની યાત્રા કરવા નથી જતો. એનું કારણ શું છે? આ પ્રશ્નનો ઉત્તર દરેકને માટે સહેલો છે, અને તે એ કે એ મહેલો અને ભંડારોની વિભૂતિ કાંઇ તીર્થ નથી. તીર્થનો આત્મા તો તપ, ત્યાગ, અને અધ્યાત્મચિંતનમાં છે. જે જગ્યામાં કે જે ભૂમિમાં એ ગુણો ખીલ્યા હોય તે ભૂમિ તીર્થોનું કલેવર છે. અને વિશાળ મંદિરો કે તેની કારીગરી એ તો માત્ર શરીરના અને શરીર દ્વારા કદાચ આત્માના અલંકારો છે. શરીરમાં ચૈતન્ય કે તેજ આત્માને લીધે જ હોય છે અને ઘરેણાંઓ પણ ચૈતન્ય અને તેજ હોય ત્યા લગી જ શરીરને શોભાવે છે. પ્રાણ વિનાનું શરીર પછી તે ગમે તેવું હોય છતાં નથી શોભતું કે નથી પ્રતિષ્ઠા પામતું. અને નિષ્પ્રાણ શરીર ઉપર અલંકારો લાદવા એ તો એ શરીરની અને એને લાદનારની માત્ર મશ્કરી છે.

જૈનતીર્થોમાં આત્મા, શરીર, અને આભૂષણ એ ત્રણે મોજૂદ છે કે કશાની ઉણપ છે એ જ્યારે જોવા જઇએ છીએ ત્યારે સ્પષ્ટ લાગે છે કે એમાં ઉણપ છે; અને તે ઉણપ શરીર કે અલંકારની

નહિ પણ આત્માની. શરીર અને અલંકારની ઊણપ હોય અને આત્મા સબળ હોય તો એ ઊણપ જરાપણ સાલતી નથી. ઊલટું મહત્ત્વ વધારે ખીલે છે. પણ જ્યારે આત્માની ઊણપ હોય ત્યારે ગમે તેવું શરીર અને ગમે તેવાં આભૂષણો છતાં એ બધું ફીકું લાગે છે. તપ, ત્યાગ, અને અધ્યાત્મચિંતનનો આત્મા તીર્થોમાં કેમ નથી રહ્યો ? અથવા તો કેમ દબાઈ અને કચરાઇ ગયો છે ? એ પ્રશ્ન વિચારવા જેવો છે. જેમ જેમ ઊંડો વિચાર કરીએ છીએ તેમ તેમ તેના કારણો સ્પષ્ટ તરી આવે છે. એ આત્માને દબાવાનાં અને કચરાઇ જવાનાં મુખ્ય બે કારણો છેઃ (૧) અતિરેક; (૨) મમત્વ અને કલેશ.

જ્યારે વૃત્તિ અંતર્મુખ હોય છે ત્યારે જ તપ, ત્યાગાદિ તત્ત્વો જન્મે છે અને વિકસે છે. વૃત્તિ બહિર્મુખ થતાં એ તત્ત્વો ઓસરવા માંડે છે. એ તત્ત્વોનો વારસો તો જૈનસમાજને વિચારમાં મળ્યો પણ વખત જતાં એ સમાજ એની પૂજા પ્રતિષ્ઠામા પડી ગયો અને તેય પણ સ્થૂળ પૂજા પ્રતિષ્ઠા. આ સ્થૂળ પૂજા પ્રતિષ્ઠાએ સમાજની વૃત્તિ વધારે બહિર્મુખ કરી અને એમ મનાવા લાગ્યું તથા જાણે અજાણે એવું વાતાવરણ ઊભું થઇ ગયુ કે જ્યાં વધારે કિંમતી, વધારે કળામય અને સમૃદ્ધ મંદિરો તે તીર્થ બીજા તીર્થો કરતાં વધારે મોટું. આ રીતે બહિર્મુખ વૃત્તિ વધતી ચાલી અને તેને પરિણામે સ્વાભાવિક રીતે જ જે અંતર્મુખ વૃત્તિનો થોડો ઘણો સંભવ હતો તે દબાઈ ગયો. અને બાહ્ય દેખાવ તેમજ બાહ્ય શણગારનો એટલો બધો અતિરેક થઇ ગયો કે ત્યાગી, તપસ્વી, આધ્યાત્મિક ગણાતા કે મનાતા પુરુષો પણ એ બાહ્ય વિભૂતિ અને આડંબરની વાહવાહમાં ઓછે-વત્તે અંશે ઘસડાવા લાગ્યા. પરિણામે બાહ્ય શોભાના અતિરેકથી તીર્થોની સાદગી અને સરળતા હણાઈ; તેમજ તપ, ત્યાગ, અને અધ્યાત્મચિંતન માત્ર શબ્દમાં રહી ગયાં. એક બાજુ જેનાથી શાંતિ, સમાધિ, સહિષ્ણુતા, અને વિવેકનો સંભવ હતો એ અંતર્મુખ વૃત્તિ

ઓસરી અને બીજી બાજુ જેનાથી ક્લેશ, કંકાસ અને મમત્વ સિવાય બીજું થવાનો સંભવ જ નથી એવી બહિર્મુખ વૃત્તિ જન્મી. પરિણામ એ આવ્યું કે તીર્થોના કલેવરના હક્ક વિષે અને એવી બીજી ક્ષુદ્ર બાબતો વિષે ભક્તોમાં ભાગલા પડયા અને તાણાતાણી શરૂ થઇ. બે કજીયાળી શોક્યો વચ્ચે જેમ ધણી કચરાય તેમ બે પક્ષોની તાણાતાણી વચ્ચે તીર્થપણું જવા લાગ્યું. હવે જે તીર્થપણું ભાવનામાં, વર્તનમાં હતું તે તીર્થપણું ચડસાચડસીમાં, હારજીતમાં અને કબજો મેળવવામાં મનાવા લાગ્યું. આત્મામાં અને તેથી પોતાની પાસે જ રહેલા તેમજ કોઇથી છિનવી ન શકાય એવા તીર્થપણા તરફ દુર્લક્ષ થતાં અને તીર્થપણાની છાયા પાછળ અગર તો કૃત્રિમ તીર્થ પાછળ દોડવા જતાં સહજ વસ્તુ ચાલી ગઇ અને અસહજ વસ્તુ જોખમમાં આવી પડી.

તેથી દિગંબરોને હંમેશાં શ્વેતાંબરો દુશ્મન થઇ પડયા અને તેઓ તેમને સ્વાર્થી તેમજ નીચ જણાવા લાગ્યા. શ્વેતાંબરોને પણ દિગંબરો વિષે એમ જ થયું. બન્ને પક્ષો તીર્થોને સાચવવા કુરબાની આપવા લાગ્યા, પ્રાણ પાથરવા મંડયા. છતાં બેમાંથી એકે તીર્થપણું સાચવી શક્યા નહિ; અને સૂતા કે બેસતાં, પ્રત્યેક ક્રિયામા બન્ને તીર્થ-રક્ષા વિષે શંકાશીલ અને ભીરુ બની ગયા. તીર્થોની રક્ષા કરવાના પ્રયત્નમાં તીર્થત્વની પ્રતિષ્ઠા જ લગભગ ગુમાવી બેઠા. હવે બન્ને વચ્ચે એટલે સુધી અંતર વધી ગયુ છે કે કોઇને એ બન્નેની એકતાનો માર્ગ સૂઝતો જ નથી. જેઓ કાંઇ માર્ગ સૂચવે તેઓ તો એક જ વસ્તુ સૂચવી શકે, અને તે હક્ક જતો કરવાની અથવા તો ઓછામાં સંતોષ માનવાની સૂચના. પરંતુ આ સૂચના સામે વ્યવહારૂ લોકો એકજ દલીલ કરે છે અને તે સાવ નિરર્થક પણ નથી. તે દલીલ એ છે કે જો આપણે આ રીતે હકો જતા જ કરીએ અને ઢીલું મૂકીએ તો આપણે નબળા ગણાઈએ અને નબળો કશું ય સાચવી ન શકે. ત્યારે શું નબળા બની સર્વસ્વ ગુમાવવું? આજે એક તો કાલે

બીજો, પરમ દિવસે ત્રીજો એમ સ્વાર્થીઓ અને દુશ્મનો આવવાના અને નબળાઈનો લાભ લઇ બધું ઓઇયાં કરવાના. શું આ રીતે બધું ગુમાવવું? આ દલીલ બન્ને પક્ષોના ડાહ્યા ડાહ્યા માણસોની છે. અને તેમાં વજુદ પણ છે. પરંતુ જ્યાં એકજ વસ્તુ ઉપર બન્ને વિરોધી પક્ષોના સંબંધનો સંભવ છે ત્યાં તકરાર બંધ કરવાનો ઉપાય શો છે? એ પણ વિચારવું તો ઘટે જ. ઓછામાં ઓછું કાંતો એકપક્ષ તદ્દન પાયમાલ થઇ જાય અને બીજો આબાદ રહે; અને કાંતો એક અથવા બન્ને પક્ષ ઉદારતા કેળવે. આ સિવાય ત્રીજો રસ્તો કોઇપણ છે ખરો? પહેલો રસ્તો શક્ય નથી. અને શક્ય હોય તોપણ તે પસંદ કરવા જેવો છે ખરો? જમણી આંખ ડાબીનો નાશ કરી ટકવા માગે એના જેવો એ ઉપાય નથી શું? શ્વેતાંબરો છેકજ પાયમાલ થાય તેથી શું દિગંબરોનું મહત્ત્વ રહેવાનું! અથવા દિગંબરો બરબાદ થાય એમાં શુ શ્વેતાંબરોની મહત્તા ગણાવાની? જો બન્ને પક્ષ સરખા બળવાળા હશે તો તો જ્યાંલગી મમતામમતી હશે ત્યાં લગી લડાઇનો અંત આવવાનો જ નથી. એટલે સમાનબળમાં લડાઇનો અંત નથી; અને એકની પાયમાલી પણ પસંદ કરવા જેવી વસ્તુ નથી. ત્યારે પછી માર્ગ શો રહે છે? એ પ્રશ્ન થાય છે. અને તેનો ઉત્તર જૈનધર્મ સહેલાઇથી એ જ આપે છે કે સહિષ્ણુતા કેળવવા. એક પક્ષ ઉદાર બનશે ત્યારે તે દેખીતી રીતે ઘણું ગુમાવશે પણ જો સમાજની અને રાષ્ટ્રની એકતા માટે એ ઉદારતા દાખવવામા આવી હશે તો તે પક્ષ જ જીત્યો ગણાશે. અને સામા પક્ષને ઉદારતાનો ચેપ લાગ્યા વિના કદી નહિ રહે, તેથી જેમ જેમ વિચાર કરીએ છીએ તેમ તેમ વ્યવહારૂ દૃષ્ટિએ પણ તીર્થોની સમાધાની માટે ઉદારતાનો જ માર્ગ સામે આવે છે.

એક બાજુ તીર્થોને શોભે એવી સાદગી અને સરળતા દાખલ થઇ અને બીજી બાજુ મમતામમતી ઓછી થઇ એટલે તીર્થોની પ્રતિષ્ઠા આપોઆપ સચવાવાની અને તેનું તેજ પણ આપોઆપ વધવાનું.

કાંટો ભોંકાય છે ત્યારે પણ દુઃખ થાય છે અને તેને ખેંચીને તાણી કાઢવામા પણ દુઃખ તો થાય છે; છતાં તેને તાણી કાઢતા જે દુઃખ થવાનું તે ન થાય એટલા માટે શું તેને અંદર રહેવા દેવામાં ડહાપણ ગણાશે? એજ રીતે જૈનપણાની ભાવનામા જે અભિમાનનો કે મમતામમતીનો કાંટો ભોંકાયો છે અને એને લીધે બન્ને પક્ષો જે રીતે દુભાય છે તે દુઃખ ચાલુ રાખવું? કે એ હક્કની મમતાના કાંટાને કાઢવા જતાં થનાર દુઃખ સહી લેવું? આનો જે ઉત્તર તેજ તીર્થની પ્રતિષ્ઠાનો માર્ગ છે. આતો એક રીતે પ્રતિષ્ઠા સાચવવાનો વિચાર થયો. આ વિચાર આધ્યાત્મિક છે. જૈનસમાજની ભાવના આધ્યાત્મિક ભૂમિકા ઉપર ઘડાએલી હોવાથી તેને માટે પ્રથમ રસ્તો આધ્યાત્મિક હોય તેજ સૂચવવો યોગ્ય છે.

પરંતુ તીર્થોની પ્રતિષ્ઠા સાચવવાનો અને વધારવાનો સમયાનુકૂળ માર્ગ વ્યવહાર દૃષ્ટિએ બીજો પણ છે, અને તે એ કે જ્યાં જ્યા સંભવ હોય ત્યાં બધેજ તીર્થસ્થાનોમાં વિદ્યાધામો ઊભાં કરવાં. મકાન તો ત્યા હોય જ; છેવટે મંદિરો તો હોય જ. અને મંદિરોનો અમુક ભાગ વિદ્યા જેવા પવિત્ર તત્ત્વના સેવનમાં વપરાય તેથી વધારે રૂડું શું હોઇ શકે! ક્રાંતિનાં પરદેશી બળો ફરજ પાડે અગર તલવાર કે કાયદાની કલમ દબાણ કરે તે પહેલાં સમયને સમજનાર પોતાનાં જ તીર્થોને કે મંદિરોને સમાજના વિદ્યાધામો બનાવી દે તો કેટલું સુંદર! કોઇ એમ કહે કે ધર્મસ્થાનોમાં અર્થકરી વિદ્યા કેમ શીખવાડાય? એનો એક સીધો અને ટૂંકો ઉત્તર એ છે કે ભલે અર્થકરી વિદ્યા ન શીખવો તો પણ તમે જેને ધર્મકરી અને શાસ્ત્રીય વિદ્યા માનતા હો તે તો શીખવો? જો એમ કહેવામાં આવે કે આજે શાસ્ત્રીય વિદ્યા લેનાર ક્યાં છે? તો એનો અર્થ એ થયો કે શાસ્ત્રીય વિદ્યા લોકમાન્ય નથી અને જે લોકગ્રાહ્ય છે તે શીખવી શકાય તેમ નથી; એટલે સમાજ વિદ્યાહીન રહે તો કાંઇ અડચણ નથી. ખરી વાત તો એ છે કે આજે જે આપણી બહિર્મુખ વૃત્તિ મકાનો, શણગારો,

અને દેખાવો પાછળજ માત્ર વળેલી છે તે તરફથી લક્ષ ખસેડવું જોઇએ. અને તે બે રીતે ખસેડી શકાય. આધ્યાત્મિક પ્રદેશમાં જઇને અને વિદ્યાના પ્રદેશમાં જઇને. બીજો માર્ગ સર્વગ્રાહ્ય અને જરૂરી છે, અને તેમાંથી ક્યારેક પહેલા માર્ગનો સંભવ પણ છે. જે પુષ્કળ ધન, સમય, અને અપાર બુદ્ધિશક્તિ તીર્થોની પ્રતિષ્ઠા સાચવવા ખાતર ખરચાય છે (અને છતાં નથી સચવાતી પ્રતિષ્ઠા કે નથી વધતું સામાજિક બળ) તે જ ધન, સમય, અને શક્તિ જો તીર્થો દ્વારા વિદ્યા વૃદ્ધિ કરવામાં ખરચવામાં આવે તો પરિણામે સમાજ સબળ બને અને તીર્થોની પણ પ્રતિષ્ઠા એક અથવા બીજી રીતે સચવાય.

ત્રણે જૈન ફીરકાઓના પરસ્પર સંબંધ અને મેળનો વિચાર

સ્થાનકવાસી, મૂર્તિપૂજક શ્વેતાંબર અને દિગંબર એવા ત્રણ ફીરકાઓ અત્યારે છે, અને એ ત્રણે ભગવાન મહાવીરના શાસનના અનુગામી છે. તેથી એ શાસનથી જ આરંભ કરીએ. ભગવાન મહાવીર પહેલાં પણ જૈનપરંપરા હોવાનાં ઐતિહાસિક પ્રમાણો છે. એ પાર્શ્વનાથની પરંપરા શિથિલ અને છિન્નભિન્ન જેવી હતી. ભગવાન મહાવીરે સુધારાનો પ્રાણ ફૂંક્યો. પાર્શ્વનાથની પરંપરાના ઘણા નબળા અને સબળા અંશો એ સુધારાને શરણે આવ્યા. જેઓ એને વશ ન થયા તે લાંબો વખત ન નભ્યા અને અંતે નામશેષ થઈ ગયા. જૂની પરંપરા અને નવો સુધારો એ બેમાંથી ભગવાનનું એક શાસન શરૂ થયું. અત્યારના જૈન ધર્મનું મૂળ એ શાસનમાં છે.

એક બીજમાંથી અંકુર એક ફૂટે પણ તુરત જ તેમાંથી અનેક ફણગા ફૂટે છે. અને આગળ જતાં ડાળો, ડાંખળીઓ વગેરે વિસ્તાર થાય છે. જો એક બીજમાંથી ભેદ અને પ્રભેદ સાથે વિસ્તાર ન થાય તો વડ જેવું મોટું ઝાડ કદી સંભવે જ નહિ; એ માત્ર બીજ જ રહી જાય. આખી કુદરતમાં જે સુંદરતા અને અલૌકિકતા છે તે વિસ્તારને લીધે જ છે. અને વિસ્તાર એ ભેદ પ્રભેદ વિના સંભવિત નથી. વીરશાસનનો વિસ્તાર થવાનું નિર્માયું હતું એટલે ભેદો પડવા સ્વાભાવિક હતા. એ પ્રમાણે મહાવીરના શાસનની પરંપરામાં પણ ભેદો પડ્યા; એ વધ્યા. જૈનપરંપરાનો ઇતિહાસ આપણને કહે છે કે એ ભેદો પાર વિનાના હતા. તેમાંના કેટલાકનાં તો આજે નામ પણ નથી

રહ્યાં. અને જેનાં નામ વગેરે રહ્યાં છે તેનો પણ પૂરો ઇતિહાસ આપણી પાસે નથી.

આજે જૈન શાસનના ત્રણ ફીરકા મુખ્ય મનાય છે; પણ ખરી રીતે જોતાં એક એક ફીરકામા આજે પણ પુષ્કળ ગચ્છ, સંઘાટક આદિ ભેદો છે. અને એ પેટા ભેદો વચ્ચે પણ ઘણીવાર તો મુખ્ય ફીરકાઓ વચ્ચે દેખાય છે તેટલું જ અંતર છે. દિગંબર તેરાપંથી, કે દિગંબર વીસપંથી હ્યો, સ્થાનકવાસી તેરાપંથી કે બીજા સ્થાનકવાસી હ્યો, શ્વેતાંબર–અંચળગચ્છી, પાયચંદગચ્છી કે તપાગચ્છ હ્યો, એ બધા વચ્ચે પણ આજે તો મોટું અંતર થઈ પડયું છે. સ્થાનકવાસી અને મૂર્તિપૂજક એ બે વચ્ચે જે ભેદ અને વિરોધની ખાઇ દેખાય છે તેથી જરાપણ ઓછી ખાઇ સ્થાનકવાસી–તેરાપંથી અને બીજા સ્થાનકવાસીઓ વચ્ચે નથી. દિગંબર અને શ્વેતાંબર વચ્ચે દેખાય છે તેટલું જ અંતર લગભગ પાયચંદ અને તપા એ બન્ને શ્વેતાંબર ગચ્છો વચ્ચે છે. આ બધું હોવા છતાં પ્રસ્તુત લેખનો આશય તો મુખ્યતઃ ઉક્ત ત્રણ ફીરકાઓના સંબંધ વિષેજ વિચાર કરવાનો છે.

પહેલાં તો ભેદનુ મૂળ તપાસીએ. આચાર વિચાર અને પરંપરાની ઘણી બાબતોમાં શ્વેતાંબર દિગંબર વચ્ચે ભેદ છે છતાં એમનો મુખ્ય ભેદ નગ્નત્વ અને વસ્ત્રધારણ ઉપર અવલંબિત છે. બન્નેને માન્ય મૂર્તિના સ્વરૂપનો ભેદ હ્યો કે સ્ત્રીદીક્ષા લઇ શકે કે નહિ એ ભેદ હ્યો, પણ એની પાછળ તો તત્ત્વ એક જ છે, અને તે નગ્નત્વમાં જ ધર્મ માનવાનું કે વસ્ત્રધારણમાં પણ ધર્મ માનવાનું. દિગંબરોએ નગ્નત્વને ધર્મનું મુખ્ય અંગ માન્યું એટલે સાધુઓ અને મૂર્તિ બન્ને ઉપર નગ્નત્વ આરોપાયું. શ્વેતાંબરોએ વસ્ત્રધારણમાં પણ જૈનત્વનો નાશ ન જોયો એટલે સાધુઓ અને મૂર્તિ બન્ને ઉપર વસ્ત્રો લદાયાં. નગ્નત્વનો જ આગ્રહ રખાયો એટલે સ્ત્રી આપોઆપ શ્રમણ દીક્ષાથી મુક્ત થઈ ગઇ. વસ્ત્રો સ્વીકારાયાં એટલે શ્વેતાંબરોમાં શ્રમણી કાયમ

રહી. નગ્નત્વ અને વસ્ત્રધારણના ભેદની આજુબાજુ બીજા ઘણાજ ભેદોનું જંગલ ઊભું થયું.

નગ્નત્વ અને વસ્ત્રધારણનો વિરોધ જો કે પાછળથી જન્મ્યો, છતાં એ બેનો ભેદ તો ભગવાન મહાવીર જેટલોજ જૂનો છે. પરંતુ સ્થાનકવાસી અને મૂર્તિપૂજક વચ્ચેના ભેદ વિષે તેમ નથી. હિંદુસ્તાનમા મૂર્તિવિરોધની વિચારણા મહમદ પેગંબર પછી જ તેના અનુગામી આરબો અને બીજાઓ દ્વારા ધીરે ધીરે દાખલ થઈ. પણ જૈન પરંપરામાં મૂર્તિવિરોધ દાખલ થયાને પૂરી પાંચ સદીઓ પણ નથી થઈ. સ્થાનકવાસી અને મૂર્તિપૂજક વચ્ચે ગમે તેટલા ભેદો હોય છતાં એ ભેદોનો મુખ્ય આધાર મૂર્તિની માન્યતા અને તેના વિરોધમાં છે. અમુક શાસ્ત્ર માનવુ કે નહિ, અમુક તીર્થ હયાત છે કે વિચ્છેદ પામ્યું છે એ બધા વિચારભેદોની પાછળ મુખ્ય ભેદ તો મૂર્તિની માન્યતા અને અમાન્યતાનો છે. આમ એક બાજુ નગ્નત્વ અને વસ્ત્રધારણનો અને બીજી બાજુ મૂર્તિ માનવી કે નહિ તેનો ભેદ હોવા છતાં અને તેને લીધે બીજા ઘણા નાના મોટા ભેદો દાખલ થએલા હોવા છતા ત્રણે ફીરકાઓમાં અભેદનુ તત્ત્વ પણ છે. ડાળો પૂર્વ અને પશ્ચિમમાં કે દક્ષિણ અને ઉત્તરમાં ફેલાય અને એની વચ્ચે મોટું અંતર પણ દેખાય છતાં એનાં થડ અને મૂળ તો એકજ હોય છે. એકજ મૂળમાથી રસ બધે પહોંચે છે અને બધી ડાળો કે પાંદડાં પોષાય છે અને જીવિત રહે છે તેમ એ ત્રણે ફીરકાઓનું પણ છે. એ ત્રણે જુદા અને તદ્દન વિરોધી જેવા આજે થઇ પડયા છે કે દેખાય છે, છતાં એ ત્રણેના અસ્તિત્વ કે જીવનનું તત્ત્વ એકજ છે. અને તે તત્ત્વ એટલે વીતરાગપણાની ભાવના અને ઉપાસના. એ ભાવના અને ઉપાસના વાટેજ ત્રણે ફીરકાઓ જીવે છે, પોષણ પામે છે, અને વિસ્તરે છે. આ રીતે જોતાં ત્રણે ફીરકાઓના અગમ્ય અને સંખ્યાબંધ ભેદો હોવા છતાં એમાં જે એક અભેદનું તત્ત્વ છે તે જ મુખ્ય છે, અને તે જ અસલી છે. આ તત્ત્વને ત્રણે ફીરકાઓ એક

સરખી રીતે માને છે અને તેની ઉપાસના માટે એક સરખો ભાર આપે છે. જ્યારે આમ છે ત્યારે વિરોધ શાનો ! પૂર્વ દિશામાં ફેલાતી શાખા એમ કહે કે બધીજ શાખાઓએ મારી દિશામાં, મારી ઢબે, મારી સાથેજ ચાલવું જોઇએ, અને બીજી શાખાઓ એ રીતે કરે તો એનું પરિણામ એજ આવે કે અંતે ઝાડ જ ન વધે; અને તે ન વધે એટલે પૂર્વની શાખા પણ ન રહે. એક બાજુ ભાર વધતાં સમતોલપણું જવાથી વૃક્ષ વધી જ ન શકે અને અંતે પૂર્વની શાખાનો પણ સંભવ ન રહે. એજ ન્યાય ધર્મની શાખાઓને લાગુ પડે છે. એક ફીરકો માને છે તેજ રહેણીકરણી દરેકે સ્વીકારવી અને બીજી નહિ એવો ભાર આપવા જતાં મનુષ્ય સ્વભાવમાં રહેલા જે સમતોલપણાને લીધે ધર્મનો વિસ્તાર થાય છે તે સમતોલપણું જ ન રહે. અન્તે બીજા ફીરકાઓની સાથે તે એક ફીરકો પણ ન ટકે. તેથી વિકાસ અને વિસ્તાર માટે ભેદ અનિવાર્ય છે. અને ભેદથી જ સમતોલપણું સચવાય છે. ત્યારે અહિં પ્રશ્ન એ થાય છે કે જો વીતરાગપણાની ભાવના ઉપર રચાએલા બધાજ ફીરકા-ભેદો અનિવાર્ય અને ઇષ્ટ હોય તો આજની જૈન ધર્મની જે સ્થિતિ છે તે સ્વાભાવિક હોઈ તેમાં કહેવાપણું શું રહે છે ?

અત્યારે જે કહેવાપણું છે તે ભેદ કે જુદાઈની બાબતમાં નહિ પણ વિરોધની બાબતમાં છે. વિરોધ અને ભેદ એ બન્ને એક નથી. કડવાશ હોય ત્યારે વિરોધ કહેવાય છે; અને ત્રણે ફીરકાના પરસ્પર સંબંધમા કડવાશ છે. કડવાશ એટલે પોતાને વિષે મિથ્યાભિમાન અને બીજા તરફ અણગમો. આ કડવાશ ત્રણે ફીરકાઓમાં અંદરોઅંદર કેવી અને કેટલી છે એ સૂક્ષ્મ દૃષ્ટિએ જોનારથી ભાગ્યે જ અજાણ્યું છે. દરેક ફીરકાનો આધાર તે તે ફીરકાના સાધુ, પંડિત, અને ઉપદેશકો છે. એક ફીરકાનો ગુરુવર્ગ અને ઉપદેશકવર્ગ બીજા ફીરકાને હૃદયથી મિથ્યા જૈન માને છે, અને એ જ રીતે પોતાના અનુયાયીઓને સમજાવે છે. બીજા ફીરકાનો ગુરુ અને ઉપદેશકવર્ગ પણ તેમજ કરે છે. આનાં બે પરિ-

ણામ આવ્યાં છે: પહેલું તો એ કે કોઇ પણ એક ફીરકાની આચાર-વિષયક કે જ્ઞાનવિષયક સુંદર વસ્તુ બીજા ફીરકાના ધ્યાનમાં જ નથી આવતી. ઊલટો તે તેનાથી દૂર ભાગે છે, અને તે તરફ અણગમો કેળવવામાં જ ધર્મનું પોષણ સમજે છે. બીજું પરિણામ એ આવ્યું છે કે ભિન્નભિન્ન ફીરકાના ગુરુ અને ઉપદેશકવર્ગ વચ્ચે પ્રેમ કે આદરનો સંબંધ જ નથી રહ્યો, અને તેઓનુ પારસ્પરિક સંમેલન (હવે તેઓ અને બીજાઓ ઇચ્છે તો પણ) લગભગ અશક્ય જેવુ થઇ પડયું છે. જાણે એક ફીરકો બીજાનો દુશ્મન હોય અને બીજાના બગાડ કે બીજાની આપત્તિ વખતે રાજી થતો હોય એવો વ્યવહાર શરૂ થયો છે. ક્યાંઈ મંદિર ઉપર અન્યાય ગુજર્યો, આફત આવી અને દિગંબરો કે શ્વેતાંબરો મુશ્કેલીમા હોય ત્યારે, ગમે તેટલો મોટો અને શક્તિશાળી હોવા છતા પણ ત્યાંનો સ્થાનકવાસી સમાજ વ્હારે નહિ ધાય એટલું જ નહિ પણ ઘણા દાખલાઓમાં તો ઊંડે ઊંડે રાજી પણ થશે. આ વસ્તુનો ચેપ સામેના ફીરકાઓમાં પણ નથી એમ તો નહિજ. ક્યાંઈ સ્થાનક ઉપર આફત આવી અગર સ્થાનકવાસી સાધુઓને મુશ્કેલી આવી કે તેમની હેલના-નિંદા થતી હોય ત્યારે મૂર્તિ-પૂજક બન્ને ફીરકાઓ એમા રસ લેવાના અને કદાચ રસ ન લે તોપણ પોતાનાથી બની શકે તેવી પણ મદદ નહિ આપવાના. ઘણે સ્થળે તો આ ફીરકાઓ સ્થાનક, મંદિર, અને ગુરુવર્ગને કારણે કોર્ટે પણ ચડેલા છે અને હજીએ પણ ચડે છે.

શ્વેતાંબર-મૂર્તિપૂજક ફીરકાના અનેક વિષયોમા ઊંડાણવાળા સાહિત્યનો લાભ નથી લેતો સ્થાનકવાસી ફીરકો કે નથી લેતો દિગંબર ફીરકો. સેંકડો વિદ્વાનોએ હજારો વર્ષ સુધી ભગિરથ પ્રયત્ન કરીને ઉપજાવેલું અને બીજે ક્યાંય પણ ન મળે તેવું મૂર્તિપૂજક-શ્વેતાંબર અને દિગંબર-નું સાહિત્ય સ્થાનકવાસીને માટે અસ્પૃશ્ય થઇ પડયું છે. અને મોટે ભાગે તો તે એ સાહિત્યને જાણતો જ નથી. કારણ કે પહેલેથી જ એને એ સાહિત્ય વિષે બેપરવા અને આદરહીન બનાવવામાં આવ્યો

છે. દિગંબર ફીરકાનું પણ ગંભીર અને બીજે ન મળી શકે તેવું કેટલુંક સાહિત્ય છે. એને વિષે સામાન્ય રીતે શ્વેતાંબરો બેપરવા છે. આને પરિણામે પાઠશાળાઓ, છાત્રાલયો, અને વિદ્યાલયોમાં કે ગુરુ-વર્ગના અભ્યાસક્રમમાં જ્યાં પુસ્તકોની પસંદગીનો સવાલ આવે છે ત્યાં કેટલીક વખતે એકજ વિષય ઉપર અન્ય ફીરકાનું સર્વોત્તમ પુસ્તક છોડી તેની જગોએ કચરા જેવું પુસ્તક પસંદ કરવામાં આવે છે; અને પરિણામે ભણનાર જ્ઞાન કે વિદ્યા કરતાં અજ્ઞાન અને અવિદ્યા જ વધારે સેવે છે. એટલે એકંદરે અત્યારનો જે ફીરકાઓનો કડવાશવાળો સંબંધ છે તે આપણામાં જ્ઞાનશત્રુતા જ પોષે છે. જે ધર્મ, સહિષ્ણુતા અને જ્ઞાનના પ્રચાર માટે જન્મ્યો હતો અને એ પ્રચાર સિવાય જે ધર્મનું જીવન નકામું જ ગણાવું જોઇએ તે ધર્મ ફીરકાઓની કડવાશમા પરિણમતાં અસહિષ્ણુતા અને અજ્ઞાન જ પોષી રહ્યો છે. આ સ્થળે એક રૂપક યાદ આવે છે. કિનારે પહોંચ-વાના ધ્યેયથી વહાણો અમુક ટાપુથી ઉપડયાં. બધાં વહાણોએ ઉતારૂ-ઓને લીધા. શરત બધાની એકજ હતી અને તે કિનારે પહોંચા-ડવાની. રસ્તામાં એક વહાણના કપ્તાન અને મુસાફરોએ બીજા વહાણમાં કાંઇક ખોડ બતાવી અને ટીકા કરી. એ ટીકાને તેના કપ્તાન અને મુસાફરોએ અંગત ટીકા માની સામસામી ખોટી ટીકા શરૂ કરી. મુસાફરી વખતે બધા હતા તો નવરા જ. ટીકા અને ખોડ કાઢવાનુ મળી આવતાં સૌનું મન ત્યાં રોકાયું. મુસાફરીનો આનંદ, સમુદ્રની ગંભીરતા, અને આકાશની અપારતા તરફ તેમજ સહી-સલામતી અને ઝડપ વધારવા તરફ લક્ષ જવાને બદલે એક બીજાની ટીકામાં સામુદાયિક માનસ રોકાયુ. કોઇ વિવાદમાં ઉતર્યા અને બીજાઓ શ્રોતા બન્યા. પરિણામે તકરાર વધી. એક બાજુ બધું રક્ષકબળ પરસ્પરના નાશમા ખરચાવા લાગ્યું; અને બીજી બાજુ વહાણો અકસ્માત એક ખરાબાથી બચવાની સાવધાની રાખી ન શક્યાં. એક વહાણ અથડાયું અને બીજાં તેના નાશ તરફ બેપરવા હતાં. એ

અભિમાનમાં બીજાઓની પણ એ જ દશા થઇ. એકજ સાધ્ય માટે નીકળેલા મુસાફરો સાધનની ટીકામાં ઉતરતાં પરિણામે સાધ્યભ્રષ્ટ થઇ ગયા. એ સ્થિતિ આજે ત્રણે ફીરકાઓની છે. ત્રણે ફીરકાઓનું લક્ષ અહિંસા અને જ્ઞાનની ઉપાસના તથા તેનો પ્રચાર છે; જ્યારે તેઓ તેથી ઊલટુંજ કરી રહ્યા છે. બીજા તરફ કડવાશ રાખવી એટલે કે પોતાને મોટો અથવા શુદ્ધ ધાર્મિક માની બીજા તરફ અણુગમો રાખવો એ જો હિંસા કહેવાતી હોય તો એમ કહેવું જોઇએ કે અહિંસાની સાધના માટે નીકળેલા અને ચાલતા ફીરકાઓ હિંસા જ કરી રહ્યા છે, અને જ્ઞાનને બદલે અજ્ઞાનનોજ પ્રચાર કરી રહ્યા છે. આનું વ્યાવહારિક પરિણામ સામાજિક અને રાષ્ટ્રિય ક્ષેત્રમાં પણ કડવુ આવ્યુ છે.

જૈન સમાજ સામાજિક દૃષ્ટિએ નબળો ગણાય છે. રાષ્ટ્રિય અને રાજકીય બાબતોમાં પણ એ પછાત છે. કારણ શું? એવો પ્રશ્ન જો કરીએ અને તેના ઉત્તર માટે ઊંડા ઉતરીએ તો જણાશે કે તેનું મુખ્ય કારણ સંગઠનનો અભાવ છે. જ્યા ધાર્મિક દ્વેષ હોય ત્યા સંગઠન સંભવે જ નહિ. જો ધાર્મિક દ્વેષનું પરિણામ માત્ર સ્થાનક, મંદિર, ગુરુવર્ગ, અને પંડિત ઉપદેશકવર્ગ સુધી જ રહ્યું હોત તો કદાચ ચલાવી પણ લેવાત. પણ એ વિષ બીજા વિષોની પેઠે ચેપ ફેલાવે તે સ્વાભાવિક જ હતુ એટલે બધા જ ક્ષેત્રોમા એ વિષ ફેલાયું. આજે તો ન છૂટકે ને લાચારીથી જ ત્રણે ફીરકાવાળા મળે છે. અને એ લાચારી એટલે ક્યાંઇક બ્યાપારીક સંબંધ, ક્યાંઇક લગ્ન-સંબંધ અને ક્યાંઇક રાજકીય સંબંધ. પરંતુ એ સંમેલન નથી તો વ્યાપક અને નથી તો બુદ્ધિપૂર્વકનું, તેમજ નથી હાર્દિક. આ દેખાતું વિરલ સંમેલન પણ ગૃહસ્થોમા જ છે. કારણકે પેલી લાચારી ગૃહસ્થોને જ મળવાની ફરજ પાડે છે. પરંતુ ગુરુવર્ગ અને પંડિત ઉપદેશકવર્ગમાં તો એ લાચારીજન્ય વિરલ સંમેલન પણ નથી. ગુરુઓને કે પંડિત ઉપદેશકોને નથી જરૂર વ્યાપાર ખેડવાની કે નથી પ્રસંગ લગ્નાદિનો.

એ વર્ગને રાષ્ટ્ર અને રાજકીય બાબતોનું તો સ્વપ્ન પણ નથી. એટલે તેમનામાં પારસ્પરિક સંમેલન કે સંગઠનના સંભવનું વ્યાવહારિક કારણ એકેય નથી. અને જે ધર્મ તેમને અરસપરસ મેળવવામાં સૌથી વધારે અને સૌથી પહેલો કારણભૂત થવો જોઇએ અને થઇ શકે તેજ ધર્મે તેમને ઊલટા હમેશને માટે દૂર કર્યા છે. એક બાજુ વ્યાવહારિક જરૂરિયાતોને લીધે ત્રણે ફીરકાના ગૃહસ્થો અરસપરસ વધારે મળવા અને સંગઠિત થવાનો વિચાર કરે ત્યાં તો બીજી બાજુ પેલો ગુરુ અને ઉપદેશક વર્ગ એમા ધર્મનાશ જોઇ એમને મળતા અટકાવવા અને અરસપરસ ગાઢ સંબંધ બાંધતા અટકાવવા કમર કસે છે. પરિણામે એ ફિરકાઓ નથી પડી શકતા તદ્દન છુટા કે નથી થઇ શકતા એકરસ અને સંગઠિત. આ સ્થિતિ લગભગ ગામેગામ છે. ત્યારે હવે શું કરવું જોઇએ ?

ઉત્તર ટૂંકો અને સીધો છે. તકરાર અને વિરોધ મટાડવાની આશા ધર્મ પાસેથી હતી. આજના ધર્મમાંથી એ સફળ થવાનો સંભવ જ નથી એટલે ત્રણે ફીરકાઓને પોતાનો મેળ સાધવા—વધારવા અને સંગઠન કરવા માટે બે જ રસ્તા બાકી રહે છે. પહેલો એ કે નિર્ભય અને સ્વતંત્રબુદ્ધિવાળી વ્યક્તિઓએ (તે ગૃહસ્થ હોય કે ત્યાગી) ધર્મનાં સૂત્રો હાથમાં લેવાં અને તેના ઉપર જે કડવાશનો મેલ ચડ્યો છે તે દૂર કરી ધર્મની મારફત જ બધી કોમોમાં વધારેમાં વધારે મેળ સાધવો. અને બીજો માર્ગ પરંતુ છેવટનો માર્ગ (ભલેને તે ક્રાન્તિકારી લેખાય) એ છે કે ગૃહસ્થોએ આ નવા ધર્મને જ એટલે કે વિકૃત અને સાંકડા ધર્મને શરણે જવુ છોડી જાણે કે ધર્મનો વારસો ન જ મળ્યો હોય એવી રીતનુ મનને ઘડી વ્યાવહારિક ભૂમિકા ઉપર એકત્ર થવું, અને બુદ્ધિપૂર્વક તથા અગત્યનું સંગઠન કરવું, જેમા ઇચ્છા પ્રમાણે એક ફીરકાના ગૃહસ્થો બીજા ફીરકાના ગૃહસ્થો સાથે હૃદયથી દરેક ક્ષેત્રમાં ભેટી શકે અને અરસપરસ સહકાર કરી શકે. જ્યારે ગૃહસ્થો પેલા ધર્મધ્વજોને બાજુએ મૂકી એકરસ થવા લાગશે અને દિગંબર

શ્રીમાન્ શ્વેતાંબર વિદ્યાર્થીઓને અને શ્વેતાંબર ગૃહસ્થ દિગંબર સંસ્થાઓને મદદગાર થતાં દેખાશે, બધા સંયુક્ત કે સહકારના ધોરણ ઉપર સંસ્થા ચલાવશે ત્યારે ધર્મદૂતો આપોઆપ ખેંચાઇ તેમાં જોડાશે. તેમને એમ જ થવાનું કે હવે આપણો ભેદકમંત્ર નકામો છે.

સેંકડો અને હજારો વર્ષથી માંડીને તે ઠેઠ અત્યારસુધીનો ધર્મદૂતોનો ઇતિહાસ એક જ વસ્તુ દર્શાવે છે અને તે એ કે તેમણે વિરોધ અને કડવાશ જ ફેલાવી છે. આપણે અજ્ઞાનથી તેને વશ થયા; હવે જુગ બદલાયો છે. આર્થિક, સામાજિક અને રાષ્ટ્રિય પરિસ્થિતિ આ વસ્તુ ચલાવી શકે તેમ રહ્યું નથી. તેથી હવે દરેક જુવાન કે વૃદ્ધ જેનામાં બુદ્ધિ અને સ્વતંત્રતાનો છાંટો પણ હોય તે પોતાથી બને ત્યાં અને બનતી રીતે, સાચા દિલથી અને બુદ્ધિપૂર્વક, બીજા ફીરકાનો સહકાર સાધે. આજે એજ વસ્તુ ધર્મ્ય થઇ પડી છે.

❦

॥ अर्हम् ॥

શિષ્યચોરીની મીમાંસા

આખા દેશનું ધ્યાન અત્યારે સરકાર સામે ચાલતા જંગમાં રોકાઈ રહ્યું છે એટલે જૈનસમાજ પણ એની અસરથી સ્વાભાવિક રીતેજ છૂટો રહી ન શકે. બીજી બાજુ આખો ય જૈનસમાજ એ એક વ્યાપારી સમાજ છે અને વ્યાપારી દુનીઆમાં જે ભારે આર્થિક ઉથલપાથલ થઇ રહી છે તેની અસર પણ જૈનસમાજ ઉપર નાની-સુની નથી. આ સિવાય બીજા કેટલાય સામાજિક અને કેળવણી સંબંધી જે અગત્યના ફેરફારો ઝપાટાબંધ ચોમેર થઈ રહ્યા છે, એની અસરથી પણ જૈનસમાજ મુક્ત નથી. આવી સ્થિતિમા એ બધા અગત્યના સવાલો ઉપર વિચાર કરવો છોડી શિષ્યચોરી જેવા ક્ષુદ્ર દેખાતા વિષય ઉપર કેમ વિચાર કરવામાં આવે છે ? અથવા તો એવો ક્ષુદ્ર વિષય આજે કેમ ચર્ચવામા આવે છે ? એ પ્રશ્ન થવો સહજ છે. એનો ઉત્તર એ છે કે—આજે શિષ્યચોરીના વિષયે જૈનસમાજનું ભારે ધ્યાન રોક્યું છે; અને એ વિષય " ઉંટડીનું દૂધ પીવું તે શાસ્ત્ર-વિહિત છે કે નહિ ?" એના જેવો માત્ર કાલ્પનિક ચર્ચાનો વિષય નથી રહ્યો. કારણ કે શિષ્યચોરીમાં માનનારા એને શાસ્ત્રસમ્મત માની બીજાને તેમ મનાવી એ કૃત્ય કરે છે; એટલે શિષ્યચોરીના હિમાય-તીઓ સમાજમાં ગમે તેટલા ઓછા હોય છતાં લોકો લગભગ આખા સાધુવર્ગને ખોજા અને પઠાણની જેમ બાળકચોર માને છે; અને સીધી કે આડકતરી રીતે લોકો તેમની સાથે મનુષ્યચોર તરીકે જ વ્યવહાર કરે છે. શિષ્યચોરીના હિમાયતી ગૃહસ્થો પણ પોતાનાં બાળક બાળિકાઓને સાધુ પાસે ખુલ્લા દિલથી ભાગ્યે જ જવા દે છે. શિષ્ય-

ચોરીમાં ન માનનારાઓ તો આ બાબતનો ભારે વિરોધ કરે છે, અને તેથી જ્યાં ત્યાં તકરારની આગ સળગી ઊઠે છે, અને આ બધું શાસ્ત્રને નામે થાય છે. લોકો, ખાસ કરી સાધારણ લોકો એમ જ માને છે કે "શાસ્ત્ર કહે છે તે જ કરવુ જોઇએ અને શાસ્ત્ર ખોટું ન કહે." આ જાતની શાસ્ત્રની પ્રતિષ્ઠા લોકોના મનમાં છે તેથી જ એ પ્રતિષ્ઠાનો લાભ લઇ દરેક જમાનામાં જેમ બનતું આવ્યુ છે તેમ આજે પણ કેટલાક મહાશયો શિષ્યચોરી જેવા વિષયને શાસ્ત્રસમ્મતિનું નામ આપી તેનુ સમર્થન કરી રહ્યા છે; અને બીજી બાજુ તેમનો વિરોધ કરનાર પક્ષ આ વસ્તુ શાસ્ત્રસમ્મત નથી એમ કહી તેનો ભારે વિરોધ કરી રહ્યો છે. આ વિરોધ માત્ર શાબ્દિક ન રહેતાં ઘણીવાર મારામારી અને કોર્ટે ચઢવા સુધીના પગલામાં પરિણમ્યો છે. એ ઝેરે તેથીએ વધારે ઉગ્રરૂપ ધારણ કર્યું છે. આજ કારણથી આ વિષય આજે ચર્ચવાનું દુરસ્ત ધાર્યું છે. આ ચર્ચામાં કોઇ પણ એક પક્ષનું અનુસરણ કરવાનો ઇરાદો નથી. જે પ્રમાણો બન્ને પક્ષકારો શાસ્ત્રમાથી રજૂ કરે છે અને જે અમારી જાણમા છે તેનો તદ્દન મધ્યસ્થ દૃષ્ટિએ વિચાર કરવો એ જ આ ચર્ચાનો ઉદ્દેશ છે.

અત્યારે પ્રસ્તુત બાબત પરત્વે જૈન સાધુ સમાજમાં મુખ્ય ત્રણ વર્ગ છે. એક સ્પષ્ટપણે શિષ્યહરણની હિમાયત કરનારો, બીજો તેનો તદ્દન વિરોધ કરનારો, અને ત્રીજો દેખીતી રીતે તટસ્થ છતા શિષ્ય-હરણના પક્ષનો લાભ લેનારો. કોઇ પણ વિષય ઉપર વિચાર કરવામા અને નિર્ણય બાંધવામા સાધુવર્ગ ઉપર આધાર ન રાખતા, પોતાની જ બુદ્ધિ ઉપર આધાર રાખનાર ગૃહસ્થવર્ગ જૈન સમાજમાં બહુ જ નાનો છે, અને તે જેવડો છે તે આખો ય વર્ગ શિષ્યહરણના વિરોધી પક્ષનું વલણ ધરાવે છે. તેથી ગૃહસ્થવર્ગ પણ ઉપર કહેલા સાધુવર્ગના ત્રણ ભાગમાંજ વહેંચાઇ જાય છે. અત્યારે ઉપરઉપરથી જોતા શિષ્યહરણના હિમાયતી અને વિરોધી એ બે પક્ષ વચ્ચે જ અથડામણી

દેખાય છે, છતાં વાસ્તવિક રીતે આખોય જૈનસમાજ આ ઝેરીથી અથડામણીનો ભોગ થઈ પડ્યો છે.

'શિષ્યહરણ યોગ્ય છે કે નહિ ?' એનો ખુલાસો સ્વતંત્ર બુદ્ધિથી અને શાસ્ત્રના આધારોથી એમ બન્ને રીતે મેળવી શકાય તેમ છે. જેઓને વિચારવાની અને સાચું ખોટું તપાસવાની સ્વતંત્ર-બુદ્ધિ મળી છે તેમને તો આ વિષય પરત્વે કોઇ પણ નિર્ણય બાંધવા માટે કોઇનો આધાર લેવાની જરૂર નથી; અને બહુ ઊંડા પાણીમા ઉતરવું પડે તેમ નથી. તેઓ તો તદ્દન સહેલાઈથી કોઇપણ નિર્ણય બાંધી શકે એટલી આ બાબત સહેલી, બુદ્ધિગમ્ય, અને દીવા જેવી ખુલ્લી છે. છતા આ સ્થળે તો આ પ્રશ્નનો ખુલાસો શાસ્ત્રીય દૃષ્ટિએ જ કરવાનો હોઇ બુદ્ધિનો ઉપયોગ મુખ્યતઃ શાસ્ત્રના પ્રમાણોને આધારે જ કરવાનો છે.

જૈન સાધુની આખી જીવનચર્યા અહિંસા આદિ પાચ મહાવ્રતોને આધારે જ હોવાનું શાસ્ત્રમા કથન છે અને તે દરેક પક્ષ સ્વીકારે છે. એ પાચ મહાવ્રતો જૈનપણાના પાયા ઉપર યોજાયલાં છે. જૈનપણુ એટલે લોભ, લાલચ, ભય આદિ વિકારોનો વિજય અથવા એ વિજય માટેનો પ્રયત્ન. હિંસા હોય કે અસત્ય, ચોરી હોય કે પરિગ્રહ, એ બધા દોષો જૈનત્વના વિરોધી છે; તેથા જૈનત્વને ધારણ કરનાર કે તેની સાચી ઉમેદવારી કરનાર સાધુ એ દોષોનો હંમેશને માટે ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લે છે, જે પ્રતિજ્ઞા પાંચ મહાવ્રતના નામથી ઓળખાય છે. એમા ત્રીજું મહાવ્રત અદત્તાદાન વિરમણ આવે છે. એનો સ્થૂલ શબ્દાર્થ એ છે કે—"કોઇ પણ વસ્તુ તેના માલિકની રજા સિવાય લેવાનો સદંતર ત્યાગ." જેમ દરેક વ્રત કે નિયમની પાછળ એના શબ્દાર્થ ઉપરાત એનો વિશિષ્ટ ભાવ હોય છે તેમ આ ત્રીજા મહાવ્રતની બાબતમાં પણ છે. "માલિકની પરવાનગી સિવાય તેની ચીજ લેવાનો ત્યાગ એ ત્રીજું મહાવ્રત." એટલો માત્ર શાબ્દિક અર્થ લઇને કોઇને કોઈ તેને વળગી

રહે તો તો તે ઘણો અનર્થ પણ કરી બેસે. દાખલા તરીકે કોઇ એમ કહે કે ઉપરના અર્થ પ્રમાણે તો એ મહાવ્રતનો અર્થ કોઇની માલિકીની ચીજ જ પરવાનગી સિવાય લેવાનો ત્યાગ થાય છે તેથી કાંઇ માલિકી વિનાની ચીજ લેવાનો ત્યાગ થતો નથી. જેમ હવા પ્રકાશ આદિ ભૌતિક તત્ત્વોનો જીવનમા ઉપયોગ દર ક્ષણે કોઇ મનુષ્યની પરવાનગી સિવાય જ કરીએ છીએ તેમ બીજી પણ કોઇ વસ્તુ જેની માલિકીનો સ્પષ્ટ દાવો કરનાર કોઇ ન હોય તે લેવામાં શી અડચણ છે ? કારણ કે જ્યારે તેનો કોઇ વાંધો લે એવો માલિક જ નથી તો પછી તેનો ઉપયોગ કરવો એ અદત્તાદાન શી રીતે હોઇ શકે ? એવી દલીલ કરી તે અદ-ત્તાદાન ત્યાગની પ્રતિજ્ઞા લેનાર કોઇ એકાંત ખૂણેથી મળી આવનાર ધનનો અગર તો જંગલમા માલિક વિનાના રખડતા તદ્દન અનાથ બાળક–બાળિકાઓનો સંગ્રહ કરે, અથવા તો જેમા લવલેશ પણ કોઇની માલિકીનો દાવો નથી એવી જાતપ્રતિષ્ઠા સાચવવાની અને મેળવવાની પાછળ ગાંડોતૂર થઈ જાય તો શું એ અદત્તાદાનત્યાગની પ્રતિજ્ઞા પાળે છે એમ કોઇ કહી શકશે ? જો એણે કોઈની માલિકીની ચીજ લીધી નથી અને લેવાનો વિચાર સુદ્ધા કર્યો નથી તો એને શામાટે પ્રતિજ્ઞાપાળક કહેવો ન જોઇએ ? અને આવા ત્રીજા મહાવ્રતના ધારણ કરનારને જૈનશાસ્ત્રની દૃષ્ટિએ કોઇ માણસની માલિકી વિનાની ધનસંપત્તિ કે બીજી ચીજ લેવાની, અડવાની, અને વાપરવાની શામાટે છૂટ ન હોવી જોઇએ ? આ પ્રશ્નનો ઉત્તર મેળવવા જ્યારે આપણે ઊંડા ઉતરીએ છીએ ત્યારે આપણને તરતજ જણાઇ આવે છે કે નહિ નહિ, શબ્દના સ્થૂળ અર્થ ઉપરાંત પ્રતિ-જ્ઞાની પાછળ એનો ખાસ પ્રાણ કે ભાવ પણ હોય છે. પ્રતિજ્ઞાનો સમગ્ર ભાવ સ્થૂળ અને પરિચિત શબ્દોમા સમાઇ નથી શકતો. એને બુદ્ધિ અને વિચારથી ગ્રહણ કરવાનો હોય છે. ત્યારે એ જોવુ રહે છે કે અદત્તાદાન-ત્યાગ મહાવ્રતનો ભાવ શો છે ? જૈનત્વના પાયા ઉપર લેવામાં આવતી ત્રીજા મહાવ્રતની પ્રતિજ્ઞાનો સાચો અને પૂરો ભાવ તો લોભ અને

ભયના ત્યાગમાં છે. સામાન્ય રીતે કોઈ એક માણસ બીજાની માલિકીની ચીજ તેની પરવાનગી સિવાય લે છે ત્યારે કાં તો તેનામાં અમુક લાલચ હોય છે અને કાં તો અમુક ભય હોય છે. લોભ અને ભય જેવી મોહજન્ય વૃત્તિઓ જ અદત્તાદાનની પ્રેરક હોય છે, તેથી અદત્તાદાનના ત્યાગની પ્રતિજ્ઞા પાછળ ખરો હેતુ એવી વૃત્તિઓનોજ ત્યાગ કરવાનો હોય છે. જેનામાં લોભ અને ભય જેવી વૃત્તિઓ જ નથી હોતી તેનું જીવન સ્વાભાવિક રીતે જ અદત્તાદાનથી મુક્ત હોય છે. પછી ભલે તે હવા આદિ ભૌતિક તત્ત્વનો ઉપયોગ કરતો હોય અથવા તો અકસ્માત સાંપડેલ સોનાના સિંહાસન ઉપર તે જઇ પડ્યો હોય. જેણે લોભ–ભય–આદિ વૃત્તિઓ જીતી નથી પણ એમને જીતવાનો એનો પ્રયત્ન ચાલુ છે તે કોઇ જ માલિકીવાળી કે બિનમાલિકીની કોઇ પણ નાની કે મોટી, જડ કે ચેતન વસ્તુને લોભ કે ભયથી પ્રેરાઇ નહિ અડે, નહિ સંઘરે, અથવા આપોઆપ આવી પડેલ વસ્તુ પાછળ પણ કલેશ નહિ પોષે. સારાંશ એ છે કે—ત્રીજા મહાવ્રતદ્વારા નિર્લોભપણું, નિર્ભયપણું પોષવાનું હોય છે, અગર તો પ્રગટાવવાનું હોય છે. જ્યાં નિર્લોભપણા અને નિર્ભયપણામા ખલેલ પહોંચે ત્યાં દેખીતી રીતે ત્રીજા મહાવ્રતનો સ્થૂલ અર્થ ખંડિત થયેલો ન જણાવા છતા જૈનદૃષ્ટિએ ત્રીજા મહાવ્રતનો તેટલે અંશે ભંગ જ છે; અને જ્યાં નિર્લોભત્વ, નિર્ભયત્વ આદિ મૂળ વસ્તુ અબાધિત હોય ત્યા દેખીતી રીતે કોઇને કોઇ વાર ત્રીજા મહાવ્રતનો ભંગ પણ લાગે છતાં વાસ્તવિક રીતે તેવા દાખલાઓમાં ત્રીજું મહાવ્રત અખંડિત જ હોય છે.

ત્રીજા મહાવ્રતની પ્રતિજ્ઞાના અર્થ વિષે અહીં જે સહજ લંબાણુ ચર્ચા કરી છે તે પ્રસ્તુત વિષયની સાથે ખાસ સંબંધ હોવાને લીધે જ કરેલી છે. માબાપ કે બીજા ખાસ લાગતાવળગતાની સમ્મત્ત લઈ દીક્ષા લેવી અગર એવી સમ્મતિ મેળવનારને જ દીક્ષા આપવી એ 'સમ્મત–દીક્ષા' કહેવાય અને સમ્મતિ સિવાય ફોસલાવીને નસાડી ભગાડીને કે બીજી કોઈ પણ રીતે દીક્ષા આપવી તે " અસંમત

દીક્ષા " કહેવાય. જરા કડક શબ્દોમાં છતાં સાચા અર્થમાં તેને શિષ્યહરણ પણ કહેવાય. મૂળ આગમોમાં ખાસ કરી પ્રાચીન અને વિશિષ્ટ આગમોમાં એવું સ્પષ્ટ અને ખુલાસાવાર વિધાન નથી કે— " દીક્ષા લેનારે અમુક અમુક લાગતાવળગતાઓની પરવાનગી લઇનેજ દીક્ષા લેવી અને તે સિવાય ન લેવી ", તેમજ દીક્ષા આપનાર માટે પણ તેમાં એવું વિધાન ક્યાંય નથી કે "જે અમુક લાગતાવળગતાઓની પરવાનગી મેળવે તેને જ તેણે દીક્ષા આપવી અને બીજાને ન આપવી." આવું સ્પષ્ટ વિધાન દીક્ષા લેનાર કે આપનાર માટે ન હોવા છતાં ભગવાન મહાવીરના દાખલામાં અને તેમના સંઘબંધારણના ઇતિહાસમાં જે દાખલાઓ અંગ–ઉપાંગમા નોધાયલા મળે છે તે બધા જ દાખલાઓમાં એક જ બીના છે, અને તે એ કે દીક્ષા લેનાર માબાપ અને સ્ત્રીઆદિની પરવાનગી લઇને જ દીક્ષા લે છે અને દીક્ષા આપનાર તેવી સંમતિ લેનારને જ દીક્ષા આપે છે. એટલે કે જ્યાંસુધી મૂળ અંગ–ઉપાગોને લાગે વળગે છે ત્યાંસુધી સંમત–દીક્ષાના જ સ્પષ્ટ દાખલાઓ મળે છે. અને પરંપરા ભગવાન મહાવીરથી લગભગ છસો વર્ષ લગી નિરપવાદ રીતે એક સરખી ચાલુ રહે છે. નથી તો ખુદ ભગવાને એમા અપવાદ સેવ્યો કે નથી તેમના તેટલા વખત સુધીના શિષ્યપરિવારે અપવાદ સેવ્યો. સંમત–દીક્ષાનું સ્પષ્ટ વિધાન આગમોમાં ન હોવા છતાં સંમતદીક્ષાના નિયમનું આટલું કડક અને ચોક્કસ પાલન કેમ કરવામાં આવ્યું ? અને કેમ ચાલુ રહ્યું ? એનો વિચાર કરતાં કોઇ પણ બુદ્ધિમાન સહેજે સમજી શકશે કે–અસંમતદીક્ષામાં ત્રીજા મહાવ્રતનો ભાવ શાબ્દિક કે આર્થિક દૃષ્ટિએ ભંગ થવાનો સંભવ ઊભો થાય છે; અને જૈનશાસ્ત્રો જેમાં મહાવ્રતના ભંગનો સંભવ હોય એવી કોઇ પણ બાબતને આચરવામાં સંમત થઇ શકે નહિ. જે શાસ્ત્ર અને જે શાસ્ત્રના પ્રણેતાનો એક માત્ર ઉદ્દેશ શાંતિ અને ચિત્તશુદ્ધિનો હોય તે શાંતિની વિરોધી અને ચિત્તશુદ્ધિમા ખલેલ પહોંચાડનારી કોઇ પણ બાબતને માન્ય રાખી શકે નહિ. દલીલ ખાતર

થોડી વાર એમ માની લેવામાં આવે કે અસંમતદીક્ષામાં દીક્ષા આપનારનો હેતુ સ્વપરકલ્યાણનો હોય છે તો પણ એ કહેવું જોઈએ કે જૈન આગમોએ અને ખુદ ભગવાન મહાવીરે તેવી અસંમતદીક્ષાની હિમાયત નથી કરી. એક પણ દાખલામાં તેમણે એને સ્થાન નથી આપ્યું તેનું શું કારણ ? તેનું કારણ એ જ સંભવે છે કે—જો સ્વ-પરકલ્યાણનો હેતુ હોય તો પછી અધીરાઈ અને ઉતાવળ કરવાથી શું ફાયદો ? એક બાજુ અસમ્મતદીક્ષાને પરિણામે લાગતાવળગતામાં કલેશ કંકાસ વધે, દીક્ષા આપનાર ઉપર તહોમત મૂકાય, તે કદાચ જોખમમા પણ પડે, તેને લીધે આખો ધર્મસંઘ નિંદાપાત્ર બને અને જૈન જેવા શુદ્ધ ધર્મની હિમાયત કરનારાઓ ઉપર જાત જાતનાં કલંકો મૂકાય તે કરતા દીક્ષા લેનારની બુદ્ધિ જાગ્રત કરી તેને વિચાર કરવાની અને સંયમ કેળવવાની ઘેર બેઠાં તક આપવી એ શું ખોટી છે ? કલ્યાણની ખરી ઇચ્છા જેનામા જાગી હોય તે તો ન છૂટકે જ ઘરમાં રહેતો હશે તોપણ ધીરજ અને સંયમની વૃદ્ધિ કેળવશે જ, અને વખત જતાં એ વૃત્તિને પ્રભાવે દીક્ષાના વિરોધીઓ પણ આપોઆપ સમ્મત થશે. જૈન ધર્મમાં ધૈર્ય અને સહનશીલતાને મુખ્ય સ્થાન છે. સાચી કલ્યાણની ઇચ્છા જન્મે અને દીક્ષાની સમ્મતિ ન મળે ત્યારે જ એક રીતે એ દિશામા ધૈર્ય અને સહનશીલતા કેળવવાની તક ઊભી થાય છે અને તે જ વખતે બુદ્ધિ, વિનય, પ્રેમ, અને સાચા ત્યાગથી સામા પક્ષને જીતવાની તક મળે છે. ભગવાને એ વસ્તુ જેમ જાણી હતી તેમ જીવનમાં પણ ઉતારી હતી. અને વિવેકી તથા સાચા ઉમેદવારોએ એ ભગવાનના જીવનનું તત્વ જાણી લઈને અમલમાં મૂક્યું હતું. તેથી જ આપણે ભગવાન પછીના લગભગ છ સૈકાઓમાં એક પણ દાખલો અસમ્મત દીક્ષાનો નથી જોતા. આ રીતે સમ્મતદીક્ષાની પરંપરા મૂળમાં તો ત્રીજા મહાવ્રતમાંથી નીકળી અને વ્યવહારમાં એ એટલી બધી સ્થિર તેમજ પ્રતિષ્ઠિત થઈ ગઈ કે—અસમ્મતદીક્ષા આપવાનો વિચાર કરવો કે તેવી દીક્ષા લેવાનો વિચાર કરવો એ

ત્રીજા મહાવ્રતના ભંગ જેવું જ થઇ પડયું. જૈન શ્રમણુસંઘની કહો, કે જૈનધર્મની કહો, પ્રતિષ્ઠાનો આધાર માત્ર મહાવ્રતો છે. અસંમતદીક્ષાથી મહાવ્રતનો ભંગ ન થતો હોય તેવા દાખલાઓમાં પણ મહાવ્રતના ભંગ વિષે કે મહાવ્રત દૂષિત થવા વિષે શંકા લેવાને કારણુ મળે એ વસ્તુ જ જૈન શ્રમણુસંઘ ચલાવી ન શકે. તેથી તે ધીર અને ગંભીર સંઘે સમ્મતદીક્ષાની પરંપરાને કાયમ રાખી અને વધાવી લીધી અને દીક્ષા લેવામાં સમ્મતિ મેળવવી એ એક મહત્ત્વનું ધાર્મિક વિધાન જ બની ગયું.

ભગવાનના સંઘને લગભગ છસો વર્ષ થયાં હતાં. નાની મોટી તેની અનેક શાખાઓ વડવાઇની પેઠે ફેલાઇ હતી. લગભગ હિંદુસ્તાનના બધા ભાગમાં એ સંઘ ફેલાયો હતો. ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા અને ભિન્ન ભિન્ન દરજ્જાના લોકો એમાં દાખલ થઇ ચૂકયા હતા, અને દાખલ થતા જતા હતા. સંઘની આટલી બધી વિશાળતા વખતે અને આટલે લાંબે ગાળે કોઇ અપવાદ કે ભિન્નતા દાખલ થાય એ મનુષ્ય-સ્વભાવના અભ્યાસીને માટે નવાઈ જેવું નથી. એક પ્રસંગ ઊભો થાય છે તે આર્યરક્ષિતનો છે. આ પ્રસંગ વીરના છઠ્ઠા સૈકાનો છે. આર્ય-રક્ષિતે આર્યતોસલીપુત્ર પાસે દીક્ષા લીધી ત્યારે બાપની પરવાનગી નહિ લીધેલી. માત્ર માતાની સમ્માત લીધેલી. વિવાહિત ન હોવાથી સ્ત્રીસમ્મતિનો તો સવાલ જ નહોતો; આ પ્રસંગથી દીક્ષાના બંધારણનું પ્રકરણ નવું શરુ થયું. માત્ર પિતાની જ અસમ્મતિ અને તે પણ વિરોધ વિનાની અસમ્મતિ છતાં આર્યરક્ષિતે દીક્ષા લીધી. એ દીક્ષાને જૈન શાસ્ત્રોમાં **प्रथम शिष्यनिस्फेटिका** કહેવામાં આવી છે. [આ કથનની પાછળ ભારે મહત્ત્વના મુદ્દાઓ સમાયેલા છે.]

આ કિસ્સો બહુ અગત્યનો હોવાથી ટૂંકમાં તેનું વર્ણન આપી તેનું પૃથક્કરણ કરવું જરૂરી છે. આર્યરક્ષિત જ્યારે બાત્રીસ વર્ષ જેટલી તરુણ ઉંમરના હતા ત્યારે પુષ્કળ વિદ્યાઓનો અભ્યાસ કરી સ્નાતકની પેઠે ઘેર પાછા ફર્યા. માતાને પૂર્ણ સંતોષ થવો હજી બાકી જ હતો,

તેથી તેણે પુત્રને એ વિધાન કહ્યું કે જ્યાં લગી દષ્ટિવાદનામક જૈન શાસ્ત્ર તું નથી ભણ્યો ત્યાં લગી તારો અભ્યાસ અધૂરો કહેવાય. પુત્ર તો વિદ્યાભૂખ્યો હતો અને તેમાં વળી ખુદ માતાની પ્રેરણા એટલે તે જરાપણ થોભ્યા વિના બોલ્યો કે એ શાસ્ત્ર મારે ક્યાં શીખવું ? માતાએ પોતાના ભાઈ જે એક વિદ્વાન અને પ્રધાન જૈન આચાર્ય હતા જેમનું નામ આર્યતોસલિપુત્ર હતું તેમની પાસે જવા સૂચના કરી. આર્યરક્ષિત ત્યાં પહોંચ્યો. ભાણેજને કહ્યું કે જૈનદીક્ષા લીધા સિવાય એ શાસ્ત્ર શીખી શકાય નહિ. તેમજ અદીક્ષિતને અમારાથી શીખવી પણ ન શકાય. વિદ્યાભૂખ્યા આર્યરક્ષિતે દીક્ષા લીધી. અને એ શાસ્ત્રનો અભ્યાસ કર્યો. અન્તે દીક્ષામાં તેમનું મન ઠર્યું અને તે એક અસાધારણ વિદ્વાન તથા વિશિષ્ટ આચાર્ય થયા. આ દાખલામાં નીચેની બાબતો ખાસ ધ્યાન દેવા જેવી છે:

(૧) આર્યરક્ષિત બાવીસ વર્ષ જેટલી પાકી ઉંમરના હોવા ઉપરાંત વિશિષ્ટ વિદ્યાભ્યાસી હોઈ સ્વયંનિર્ણય કરવાની શક્તિવાળા હતા.

(૨) તે વિવાહિત ન જ હતા.

(૩) આચાર્યે તેમને ફોસલાવવાનો, નસાડવાનો, કે બીજો કોઈ તેવો અયોગ્ય માર્ગ અવલંબ્યો જ ન હતો એટલું જ નહિ પણ આચાર્યે આર્યરક્ષિતની માતાને એટલે પોતાની બ્હેનને સુદ્ધાં આ વિષે કાંઈ કહ્યું ન હતું કે તું છોકરાને વિદ્યાભ્યાસ નિમિત્તે મારી પાસે મોકલ અથવા તું એને દીક્ષા લેવા દે અથવા બીજી કોઈપણ લાલચ તેને આપી ન હતી. ઊલટું તેમણે તો સીધી અને ચોકખી રીતે આર્યરક્ષિતને એટલું જ કહ્યું કે અમારો ધર્મ દીક્ષિતને જ શાસ્ત્ર શીખવવાનો છે.

(૪) દીક્ષા લીધા પછી કે દીક્ષા લેતી વખતે નથી માતાએ વિરોધ કર્યો કે નથી પિતાના વિરોધનો ઉલ્લેખ; એટલું જ નહિ પણ આર્યરક્ષિતના પિતાએ પોતાની પત્ની સાથે પણ કોઈ જાતનો ક્લેશ કર્યાનો

ઉલ્લેખ નથી, તેમ જ પુત્રને તેના મામા જૈન આચાર્ય પાસે ભણવા મોકલવા માટે વિરોધ કર્યાનો પણ ઉલ્લેખ નથી. એજ રીતે પાછળથી દીક્ષા આપનાર આચાર્ય સાથે ક્લેશ થયાનો અગર તો બીજી કોઇપણ ખેંચતાણ થયાનો કશો જ ઉલ્લેખ નથી.

આ કિસ્સામાં પરંપરાથી ચાલી આવતી દીક્ષાવિધિમાં જો કાંઇ ઉણપ હોય તો તે એટલી જ હતી કે આચાર્યે દીક્ષાના ઉમેદવાર રક્ષિતને તેના પિતાની સમ્મતિ મેળવવા વાસ્તે પાછો મોકલવા ઉપર ભાર ન આપ્યો. અને તેની માતાની સમ્મતિથી જ સંતોષ માની લીધો. એકબાજુ દીક્ષા લેનાર આગળ જતા વિશિષ્ટ શ્રુતધર તરીકે પ્રસિદ્ધ થએલ આર્યરક્ષિત અને બીજી બાજુ નિઃસ્પૃહ, નિર્ભય, અને નિષ્કપટ, તેમજ અસાધારણ વિદ્વાન તરીકે પ્રસિદ્ધ, દીક્ષા આપનાર આચાર્ય તોસલિપુત્ર; ત્રીજી બાજુ શિષ્ય અને ગુરુ વચ્ચે, મામા ભાણેજનો સંબંધ, અને ચોથી બાજુ બ્હેને પોતે જ વગર માગ્યે ભાઇ આચાર્ય પાસે પુત્રને મોકલ્યો. આટલી સુસ્પષ્ટ અને સંતોષપ્રદ બીના હોવા છતાં ફક્ત પિતાની અસમ્મતિને કારણે આ કિસ્સાને "પ્રથમ શિષ્યનિસ્ફેટિકા" કહેવામાં આવેલ છે. આ કથન અનેક મહત્ત્વની બાબતો ઉપર પ્રકાશ પાડે છે. તેમા પહેલી બાબત તો એ છે કે જ્યારે ફક્ત પિતાની જ અસમ્મતિવાળી દીક્ષા શિષ્યનિસ્ફેટિકા ગણાઇ ત્યારે ભગવાનથી માંડી તે જમાના સુધીના છસો વર્ષ જેટલા ગાળામાં દીક્ષા લેનાર અને આપનાર માટે ઉમેદવારે પોતાના લાગતા-વળગતા બધા જ પાસેથી સમ્મતિ મેળવવાનું ધોરણ કેટલું મજબૂત અને અનિવાર્ય હતું એ સૂચિત થાય છે. અને એ સૂચનાની પોષક આગમ વર્ણિત કથાઓ ઉપલબ્ધ છે. બીજી બાબત એ છે કે આ શિષ્યનિસ્ફેટિકા પ્રથમ ગણાઇ છે, એટલે આ કિસ્સાની નોંધ કરના-રાઓ બધાજ એમ જાણતા હોવા જોઈએ કે આર્યરક્ષિત પહેલાં એકે કિસ્સામાં અસમ્મતદીક્ષાનો પ્રસંગ બન્યો જ નથી અને માત્ર આર્યરક્ષિતનો જ પ્રસંગ પહેલો છે. અને એ પ્રસંગ પહેલો હોવાથી જ

તેમજ સમ્મતિપૂર્વક દીક્ષા લેવા અને દેવાની પરંપરા અતિ સખત અને અતિ માન્ય હોવાથી જ ફક્ત પિતાની અસમ્મતિવાળા નજીવા કિસ્સાને પાછળથી અને તે વખતે શિષ્યનિસ્ફેટિકા જેવું મોટું રૂપ આપવામાં આવ્યું.

આર્ય રક્ષિતનો દાખલો બની ગયો, પણ પાછળથી એનો ઉપયોગ બહુ અઘટિત રીતે થવા લાગ્યો. અત્યાર લગી એક સરખી ચાલી આવેલી સમ્મતદીક્ષાની પરંપરામા એક નજીવી ચીરાડ પડી. તેને કેટલાક અલ્પજ્ઞ અને અવિચારી ગુરુઓએ મોટો દરવાજો બનાવવાનું શરૂ કર્યું. આર્યરક્ષિતના દાખલાનો ઉપયોગ કરી ઘણા વગર સમ્મતિએ દીક્ષા આપવા લાગ્યા અને પછી તો એ શિથિલતા એટલે સુધી વધી કે ન જોવાતો ઉમરનો ભેદ, કે ન જોવામાં આવતું દીક્ષા લેનારનું વિવાહિતપણું કે અવિવાહિતપણું; અને દીક્ષા લેનારને ભોળવવાની, નસાડવાની અને છૂપાવવા આદિની બધી પ્રપંચક્રિયામાં એ શિથિલતા પરિણમવા લાગી. આ ભયંકર સ્થિતિ જોઈ આચાર્યોને અપવાદ દાખલ કરવાની ફરજ પડી. અપવાદ દાખલ કરવામાં બે તરફ ધ્યાન રાખવાનું હતું: એક તો એ કે આર્યરક્ષિતની જે શુભ-પરિણામકારક ઘટના બની ગઈ હતી તેનો બચાવ કરવો અને બીજું એ કે તે ઘટનાનો અઘટિત રીતે થતો ઉપયોગ અટકાવવો. આ કારણથી જે અપવાદવિધાન આગમો અને નિર્યુક્તિમાં ન હતું તે ભાષ્યકાળમાં ભાષ્યમાં દાખલ થયું. તેમાં આચાર્યોએ શિષ્યનિસ્ફેટિકાના સંબંધમા ખુલાસો કર્યો કે સોળ વર્ષ સુધીની ઉંમર સુધીમાં અસમ્મત દીક્ષા શિષ્યનિસ્ફેટિકામાં આવે છે. અને તેથી ઉપરની ઉંમરમાં શિષ્યનિસ્ફેટિકાનો આરોપ લાગુ નથી પડતો.

દીક્ષા શિષ્યનિસ્ફેટિકામાં આવે છે. અને તેથી ઉપરની ઉંમરમાં શિષ્યનિસ્ફેટિકાનો આરોપ લાગુ નથી પડતો. આ રીતે આર્યરક્ષિતની ઘટનાનો બચાવ કરતા અને તેનો દુરુપયોગ થતો અટકાવવા આચા-

યોએ અમુક અપવાદવિધાન કર્યું તો ખરું. પણ જેમ સર્વત્ર અને સદાકાળ બનતું આવ્યું છે તેમ એ અપવાદવિધાનનો પણ દુરુપયોગ થવા લાગ્યો, અને તે એ રીતે કે-સોળથી વધારે વર્ષની ઉંમરનાને દીક્ષા આપવામાં સમ્મતિનું ધોરણ સચવાવા ન લાગ્યું; અને ઘણી વાર તો તેવી ઉંમરનાને સમ્મતિ વિનાજ ઉત્સર્ગમાર્ગ તરીકે દીક્ષા આપવાના કિસ્સાઓ બનવા લાગ્યા. તેને પરિણામે ઘણી વાર દીક્ષા આપનારને દીક્ષિત ઉમેદવારના લાગતાવળગતા પકડવા લાગ્યા, અને ક્યારેક કયારેક અદાલતોમાં ઘસડવા પણ લાગ્યા. ઘણીવાર ન્યાયાલયોમાં આવા કિસ્સાઓના મુકદ્દમાઓ પણ ચાલવા લાગ્યા. કોઇવાર દીક્ષા આપનાર પોતાના અન્યાયને લીધે હારી પણ જતા અને ઘણીવાર જાહેર રીતે તેવી દીક્ષા આપનારને શિષ્યચોર કે મનુષ્યહારક કહી નિંદવાના પ્રસંગો પણ ઊભા થવા લાગ્યા. અવિચારી અવિવેકી અને શિષ્યલાલચી ગુરુઓ અપવાદનો મર્મ ભૂલી જવાથી અને તેને ઉત્સર્ગનું રૂપ આપવાથી જ્યારે શાસનને વગોવવામાં કારણભૂત થવા લાગ્યા ત્યારે વળી પેલા અપવાદમાં સુધારો કરવાની આચાર્યોને ફરજ પડી; અને તેથી જ આપણે ભાષ્ય અને ચૂર્ણિમા સ્પષ્ટ વાંચીએ છીએ કે— જ્યાં દીક્ષા લેનારના લાગતાવળગતાઓ બળવાન હોય, રાજ્યાશ્રય પણ તેમના પક્ષમાં હોય, અને જૈન ધર્મ વગોવાવાનો સંભવ હોય તેમજ કોર્ટ કે ન્યાયાલયોમાં ઘસડાવાનો પ્રસંગ ઊભો થતો હોય ત્યાં ગમે તેટલી ઉમર મોટી હોવા છતાં પણ અસમ્મતદીક્ષા ન આપવી, અને દેશકાળ તેમજ પરિસ્થિતિનો વિચાર કરવો. આટલા સુધારાથી પણ જેઓ પેલા અપવાદનો દુરુપયોગ કરતા ન અટક્યા તેઓને લક્ષીને વળી તેજ ગ્રંથોમાં આગળ જતાં આચાર્યોને સ્પષ્ટ કહેવાની ફરજ પડી કે જેઓ આર્યરક્ષિતના આપવાદિક દાખલાને સામાન્ય નિયમ તરીકે ગણી અસમ્મત દીક્ષા આપે જાય છે તેઓ મંદધર્મ અર્થાત્ ધર્મભ્રષ્ટ છે અને તેઓ મૂળને-ઉત્સર્ગ નિયમને-છોડી અપવાદને વળગેલા છે. તેમનું આ વર્તન મૂળમાંથી ઉખડી ગયેલા અને માત્ર

થડ કે શાખાઓ ઉપર રહેલા વડવૃક્ષ જેવું છે: એટલે કે જેમ મૂળમાંથી ઉખડી ગયેલ વડવૃક્ષ ગમે તેવાં થડ અને ડાળો હોવા છતાં પણ જીવિત કે રક્ષિત ન રહી શકે તેમ જેઓ સમ્મતદીક્ષાના ઉત્સર્ગ નિયમને બાજુએ મૂકી અસમ્મતદીક્ષાના અપવાદવિધાનને જ મુખ્યતઃ આગળ ધરે છે અથવા તેને અવલંબે છે તેઓ તીર્થંકરની આજ્ઞાને છોડી આડે રસ્તે ચાલતા હોવાથી અનુક્રમે ચારિત્રભ્રષ્ટ જ થાય છે. ભાષ્ય અને ચૂર્ણિના આ છેલ્લા અને સપ્ત કથન ઉપરથી તે વખતની ગુરુઓની દીક્ષા આપવાની પ્રવૃત્તિ ઉપર બહુ સ્પષ્ટ પ્રકાશ પડે છે. અને આર્યરક્ષિતનો દાખલો કેટલા અંશે સ્વીકારવા યોગ્ય છે? એ બાબત ઉપર જરા પણ શંકા ન રહે તેવો પ્રકાશ પડે છે. અહીં સુધી તો ઉત્સર્ગ અને અપવાદને લગતી જે ટૂંક હકીકત મળે છે તેની વિચારણા થઈ. પરંતુ ઉત્સર્ગ અને અપવાદ એ શી વસ્તુ છે! એ બન્નેનો શો સંબંધ છે? અને કઇ હદ સુધી એ સંબંધ સચવાઈ રહે છે? એ વસ્તુ જાણ્યા વિના પ્રસ્તુત ચર્ચા અસ્પષ્ટ અને અધૂરી રહે. તેથી ટૂંકમાં એ વિષે પણ કંઇક લખી દેવું જોઇયે.

ઉત્સર્ગ એટલે સામાન્ય નિયમ. એ નિયમ કોઈ એક તત્ત્વ ઉપર ઘડાયેલો હોય છે. અપવાદ એટલે વિશેષ નિયમ. એ પણ ઉત્સર્ગના જ તત્ત્વ ઉપર ઘડાયેલો હોય છે. ઉત્સર્ગનો પ્રદેશ વિસ્તૃત હોય છે, અને અપવાદનો પ્રદેશ ઉત્સર્ગના પ્રદેશમાંથી જ કપાતો હોવાથી તે સ્વાભાવિક રીતે જ તેના કરતાં ટૂંકો હોય છે. ઉત્સર્ગ અને અપવાદનો સંબંધ પોષ્ય પોષકપણાનો છે. એટલે કે અપવાદ એ ઉત્સર્ગનો પોષક હોય છે, અને તે જ્યાં લગી ઉત્સર્ગનો પોષક રહી શકે ત્યાં લગી જ તે અપવાદ ગ્રાહ્ય છે, અને પછી તો તે ત્યાજ્ય બને છે. અપવાદ એ પ્રાસંગિક એટલે કોઇક જ સ્થળમાં અને કોઇક જ કાળમાં સ્થાન લે છે, જ્યારે ઉત્સર્ગ સર્વ દેશ અને સર્વ કાળમાં ચાલુ રહે છે. પ્રસ્તુત બાબતમાં ઉત્સર્ગ અપવાદ આ રીતે સમજી શકાય. સમ્મત દીક્ષાનો ફલિત નિયમ એ ઉત્સર્ગ છે;

અને તે નિર્લોભત્વ, નિર્ભયત્વ, અને શાસનપ્રતિષ્ઠાના તત્ત્વ ઉપર સ્થિર છે. અસમ્મતદીક્ષાનો અપવાદ જો, અને જ્યાં લગી, એ તત્ત્વોનો પોષક હોય તો, અને ત્યાં લગી જ, તે અપવાદકોટિ તરીકે ગ્રાહ્ય રહે છે. એટલે ઉત્સર્ગને મર્યાદા નથી હોતી પણ અપવાદને દેશની, કાળની, અને સંયોગોની મર્યાદા હોય છે. એ મર્યાદાનો સૂક્ષ્મ વિચાર સાધારણ લોકો ન કરી શકે એટલા જ માટે ભાષ્ય અને ચૂર્ણિમા છેવટે કહેવું પડયું કે અપવાદને આગળ કરી જેઓ વર્તે છે તેઓ મંદધર્મી અને મૂલચ્યુત છે.

અપવાદ એ અપવાદની મર્યાદામાં છે કે નહિ એને જાણવાનું સામાન્ય સાધન એટલું જ છે કે અસમ્મતદીક્ષા લેનાર અને આપનારમાં લોભ, ભય, અને શાસનઉપેક્ષા જેવા દોષો હોવા ન જોઈએ. આ દોષો મારા પોતામાં નથી અથવા તો તદ્દન ઓછા છે એમ તો સૌ કોઈ કહી શકે. પણ તેની ખરી પ્રતીતિ આજુબાજુના લોકોની એક-મતી અથવા બહુમતીથી અથવા તો સમગ્ર સંઘની સમ્મતિથી જ થઈ શકે. જેનામાં લોભ ન હોય, ભય ન હોય, અને શાસન માટે યથાર્થ આદર હોય તે શિષ્યો માટે લાંચ કેમ આપે ? તેમને નસાડે કેમ ? બીજાને ત્યાં છૂપાવે કેમ ? સીધી કે આડકતરી રીતે ખોટું બોલે અને બોલાવે કેમ ? દાવપેચ અને જૂઠાણાં સેવે કેમ ? મારપીટ, લડાલડી અને કોર્ટબાજીમાં રસ લે કેમ ? જેઓને શાસનનો સાચો આદર હોય તેઓ પોતે જાણી જોઈને કોર્ટે ઘસડાય એવા પ્રસંગો ઊભા કરે જ કેમ ? રાજસત્તાને દીક્ષા ઉપર અંકુશ મૂકવો પડે અગર તો જાહેર સ્થાનોમાં અને જાહેર છાપાઓમાં ફક્ત શિષ્યહરણને કારણે થતી ધર્મહેલનામા ભાગીદાર થવાની સ્થિતિ એ લોકો પસંદ કરે જ કેમ ? જ્યારે આવી સ્થિતિ દેખાય ત્યારે જાણી લેવું જોઈએ કે હવે અપવાદે મર્યાદા મૂકી છે, અને તે ઉત્સર્ગનો પોષક મટી ઘાતક થવા લાગ્યો છે. આ સ્થિતિ આજે છે કે નહિ ? એ વિચારવાનું કામ દરેકનું છે. મને તો ચોખ્ખું લાગે છે કે અસમ્મતદીક્ષાના અપવાદે મર્યાદા મૂકી છે અને

ભાષ્ય-ચૂર્ણિકારના કથન પ્રમાણે તે મંદધર્મીની પ્રવૃત્તિ થઇ પડેલ છે. તેના પુરાવા તરીકે ચોમેર ચાલતી ઝગડાબાજી, કોર્ટબાજી અને ક્લેશપ્રવૃત્તિ ઉપરાંત સ્થળે સ્થળે થતો સંઘ-ભેદ છે. સૌથી વધારે અને પ્રબળ પુરાવો તો એ છે કે નામદાર શ્રીમંત સરકાર ગાયકવાડને પોતાને જ દીક્ષા ઉપર અંકુશ મૂકનારો ઠરાવ ધારાસભામાં લાવવો પડયો છે.

શાસ્ત્રને આધારે વર્તવાની વાત કરનારા અને જ્યાં ત્યાં શાસ્ત્રના પુરાવાના નામે મરજી મુજબ વિધાન કરનારાએ જાણવું જોઈએ કે શાસ્ત્ર એટલે શું ? અને શાસ્ત્રની મર્યાદામા શું સમાય છે અને શું નહિ ! સાધારણ લોકો તો નથી હોતા ભણેલા કે નથી હોતા વિચાર-શીલ કે જેથી તેઓ કાંઇ શાસ્ત્રનો વિવેક કરી શકે. હજારો વર્ષ જેટલા લાંબા સમયમાં ઘણા લે.કોએ ઘણું લખેલું હોય છે અને તે બધું શાસ્ત્ર પણ કહેવાય છે તેમાં ઘણીવાર તો એક બીજાથી તદ્દન વિરોધી અને અસંગત વિધાનો પણ મળી આવે છે. દરેક જણ પોતાને ફાવતું વાક્ય લઇ તેને આધારે પોતાની પ્રવૃત્તિને શાસ્ત્રીય ઠરાવવાનો પ્રયત્ન કરે તો હિંસા, મૃષાવાદ, ચોરી, અને વ્યભિચારાદિ દોષોનું પોષણ થઇ શકે એવા પ્રસંગો પણ તેમાંથી મળી આવવાનો અથવા તો ઉપજાવી શકાવાનો ચોક્કસ સંભવ છે. તેથી ટૂંકમાં અને છતા અવિરોધી, સર્વગ્રાહ્ય શાસ્ત્રવ્યાખ્યા એટલી છે કે જે સુધારે અથવા જેનાથી કશું બગડે નહિ પણ સર્વ સુધરે તે શાસ્ત્ર અથવા એમ કહો કે જેનાથી કલેશોનુ પોષણ ન થાય તે શાસ્ત્ર. જૈનશાસ્ત્રને નામે ચઢેલાં શાસ્ત્રોમાં કોઈપણ કારણને લીધે એમ લખાએલું સુદ્ધાં મળે છે કે સીધી રીતે વડીલો કે લાગતાવળગતાઓ સમ્મતિ ન આપે તો દીક્ષા લેનાર અમુક અમુક રીતે પ્રપંચબાજી પણ રમે અને એ છળપ્રવૃત્તિ દ્વારા પણ છેવટે પરવાનગી મેળવે. આ કથન ગમે તેણે કોઈ પણ સંયોગોમાં, કોઇ પણ આશયથી કર્યું હશે એમ આપણે માની લેવું જોઈએ. એ કથનને શાસ્ત્રીય માની પણ

લઈએ. હવે ધારો કે આવા કથનનો ઉપયોગ સાર્વત્રિક થવા લાગે તો એનું પરિણામ છેવટે શું આવે? એનું પરિણામ એક જ આવે, અને તે એ કે સત્ય તેમજ સરળતા ખાતર અસત્ય અને કૂડકપટનું સેવન, અથવા એમ કહો કે અહિંસા ખાતર હિંસાનો પ્રચાર, અને પુષ્ટિ થવા પામે. તેથી જ્યાં આંટીઘુંટીની બાબત આવે ત્યાં ધોરી માર્ગ પ્રમાણે જ વર્તવાનો સુવર્ણ નિયમ શાસ્ત્રસમ્મત છે.

જૈન શાસ્ત્રનો મુખ્ય પાયો તો અનેકાંતદૃષ્ટિ છે. ઉપર જે અસમ્મત દીક્ષાના અપવાદો ગ્રન્થોમાં દાખલ થયા છે તેમાં પણ આચાર્યોએ અનેકાન્તદૃષ્ટિ રાખેલી છે. સોળ વર્ષની ઉંમર સુધીનાને અસમ્મત દીક્ષા આપવામાં શિષ્ય-નિસ્ફેટિકા કહેલ છે. એટલે કે તે કૃત્યને ત્રીજા મહાવ્રતના ભંગ તરીકે ગણી એ દોષ માટે મૂળ આદિ પ્રાયશ્ચિત્તોનુ વિધાન કરેલ છે. તેમાં પણ એકાંત નથી. જો કોઇ સાતિશય જ્ઞાની અતિ ઉજ્જવળ ભાવી જુએ, અને દીક્ષા લેનાર દ્વારા તેનું અને શાસનનું પરમ હિત જુએ, વળી તે એવો અમોઘહસ્ત હોય કે તેના હાથથી દીક્ષા લેનાર કદી દીક્ષાભ્રષ્ટ થવાનો જ ન હોય તો તેવો જ્ઞાની સગીર ઉંમરના બાળક સુદ્ધાને એ સમ્મતદીક્ષા આપે આવું પણ કથન છે. અત્યારે આ આપવાદિક કથનનો ઉપયોગ કરી જેના દ્વારા ધર્મનો ચોક્કસ જ પ્રભાવ વધે અને જે કદી દીક્ષાથી ચલિત થવાના જ નથી એવા નાના નાના બાળક બાળિકાઓને ખુણેખોચરેથી જ્ઞાનદ્વારા શોધી કાઢી તેમને અસમ્મત દીક્ષા આપી શાસન પ્રભાવના કરવા જેવા જ્ઞાનીઓ જો આજે હોય તો તેમણે શા માટે ચૂપ બેસી રહેવું જોઇએ? તેમને તો બાળકોને નસાડવાનો, ભગાડવાનો અને ગમે તેવો દાવપેચ ખેલવાનો શાસ્ત્રમાં પરવાનો છે. જો એમ કહેવામાં આવે કે ભલે શાસ્ત્રમાં સગિર ઉંમરનાને અસમ્મત દીક્ષા આપવાની છૂટ હોય, ભલે પ્રપંચબાજી ખેલવાની બારીઓ હોય છતાં આજે એ છૂટો અને એ બારીઓનો ઉપયોગ કરનાર વિશિષ્ટ જ્ઞાનીઓ ક્યાં છે? તો એ પ્રશ્ન પણ થયા વિના નથી રહેતો કે સોળ વર્ષથી

મોટી ઉંમરનાને અસમ્મત દીક્ષા આપનારના અપવાદકથનને સમજનાર વિશિષ્ટ જ્ઞાની પણ ક્યાં છે? જેઓની સત્યવાદિતા વિષે લોકોને વિશ્વાસ ન હોય, જેઓમાં શાન્તિ અને સરળતાનો છાંટો ભાગ્યે જ હોય, જેઓ બ્રહ્મચર્યભંગના સેવાએલ દોષો જાહેરપણે કે ખાનગી રીતે કબુલી પોતાની નિખાલસતા પૂરવાર કરવા જેટલા નિર્ભય ન હોય; અને જેઓ એક અથવા બીજી રીતે પૈસાનો વહિવટ તેમજ સંગ્રહ કરવા કરાવવામાં મશગુલ હોય તેવાઓ પુસ્તકોના ગમે તેટલા ઢગલા ચૂંથ્યા છતાં તેનો મર્મ અનેકાન્ત દૃષ્ટિએ સમજી શકે અથવા તો સમજ્યા પ્રમાણે અમલમાં મૂકી શકે એવો કદી સંભવ છે ખરો? જો એવો સંભવ હોત તો દીક્ષા જેવી પવિત્ર વસ્તુની શાસ્ત્રને નામે જે કિનાખોરી ચાલી રહી છે તે ન જ હોત

બધાં શાસ્ત્રીય પ્રમાણો અને અત્યારની પરિસ્થિતિનો વિચાર કરતાં દીક્ષા પરત્વે એક જ વસ્તુ ફલિત થાય છે અને તે એ કે જો બધી બાજુનો વિચાર કરતાં દીક્ષા લેવી અને આપવી યોગ્ય હોય તો તે સમ્મતિ સિવાય ન જ લેવી કે દેવી જોઈએ. અને સોળ વર્ષથી મોટી ઉંમરનાને અસમ્મત દીક્ષા સુદ્ધાં આપવાની ઘોષણા કરનારે જાણી લેવુ જોઈએ કે એ સીધું વિધાન નથી; એતો એક અચાનક બની ગએલ અને પરિણામે શુભ નિવડેલ વિધાન છે. દાખલાના બચાવ માટે સ્વીકારેલ અપવાદમાંથી નીકળતો ફલિતાર્થ એવું વિધાન છે કે નથી ઉત્સર્ગ તરીકે એ વિધેય અને નથી અપવાદ તરીકે એકાંત ગ્રાહ્ય, એટલે આવી બારીઓના આધારે કોઈ શાસ્ત્રાર્થ કરવાનો ઉત્સાહ ધરાવતો હોય તો તે ઇચ્છે ત્યારે અને તે કહે ત્યારે દલીલપૂર્વક અને સમભાવપૂર્વક લેખિત અથવા તો વાચિક શાસ્ત્રાર્થમાં એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે ઊભો રહેવા આ લેખક તૈયાર છે.

પંડિત સુખલાલ

શાસ્ત્રીય દષ્ટિએ અને સમયધર્મની દષ્ટિએ દીક્ષાની વિચારણા

આ ટૂંકા નિબંધમાં દીક્ષાને લગતા વિચારો દર્શાવવાના છે. અહિં દીક્ષા વિષે વિચાર કરવો તે બે રીતે પ્રસ્તુત છે. શાસ્ત્રીય રીતે અને સમયધર્મ રીતે. આ વિષે સર્વથા તટસ્થભાવ રાખીને જણાવવાનું છે. શાસ્ત્રીય રીતે લખવા કરતાં સમયધર્મની દષ્ટિએ દીક્ષાની પરીક્ષા કરવી એ વધારે અગત્યનું છે. પણ અત્યારના કેટલાક દીક્ષા આપનારાઓ એમ કહે છે કે ધર્મને નિમિત્તે અને આત્મ–કલ્યાણને સારું ગમે તેને ગમે તે પ્રકારે દીક્ષા આપવામાં કોઈ પ્રકારનો બાધ નથી, પછી ભલેને તે માટે તર્કટ, પ્રપંચ, અસત્ય, ચોરી પૈસાની બરબાદી વગેરે નીતિવિરુદ્ધ પ્રવૃત્તિઓ કરવી, કે કરાવવી કે અનુમોદવી પડતી હોય! તે દીક્ષા આપનારાઓ છડેચોક એમ બોલે છે કે ધર્મને માટે તર્કટ, પ્રપંચ, અસત્ય, ચોરી એ બધું સેવવામા કોઈ જાતનો વાંધો નથી એટલું જ નહિ પણ તે શાસ્ત્રવિહિત છે. કેટલાક તો શાસ્ત્રના પાઠોના ઊલટાસુલટા અર્થ સમજાવીને પણ લોકોને ભ્રમમાં નાંખતા અચકાતા નથી. આ બધાં કારણોથી દીક્ષા વિષે શાસ્ત્ર શું ઉચ્ચારે છે એ જ પહેલું જણાવવું રહે છે:—

(૧) દીક્ષા આપનારાઓ મહાવ્રતધારીઓ છે?

(૨) દીક્ષાના અધિકારી અને અનધિકારી વિષે શાસ્ત્રમાં કાંઇ ચર્ચા છે?

(૩) શાસ્ત્રકારોએ માતાપિતા વગેરેની મર્યાદા બતાવી છે?

(૪) પૂર્વેના દીક્ષા લેનારાઓએ તે મર્યાદાઓને તોડી છે?

(૫) દીક્ષા લેવા માટે અપવાદમાર્ગ સેવવાનું કાંઇ કારણ છે?

ઉપર્યુક્ત પાંચ પ્રશ્નોને શાસ્ત્રના આધારે વિચારીશું તો વર્તમાન દીક્ષા વિષેની કેટલીક ભ્રાન્તિઓ દૂર થઈ જશે.

(૧) આપણે બધા જાણીએ છીએ કે પ્રસ્તુત દીક્ષા આપનારા જૈન સાધુઓ છે. તે સાધુઓ પાંચ મહાવ્રતની પ્રતિજ્ઞાને સ્વીકારનારા અને તેનુ પાલન કરનારા છે. એ પાંચ મહાવ્રતોમાં પ્રથમ અહિંસા, બીજું સત્ય, ત્રીજું અચૌર્ય, ચોથું બ્રહ્મચર્ય અને પાંચમું અપરિગ્રહ આવે છે. જ્યારથી તેઓ यावज्जीव सामायिक પાળવાનું વ્રત લે છે ત્યારથી આ પાંચેય પ્રતિજ્ઞાઓ તેઓને પાળવાની હોય છે એટલું જ નહિ પણ જ્યારે જીવન મરણના કટોકટીના પ્રસંગો ઊભા થાય છે ત્યારે મરણ સ્વીકારીને પણ તેમને એ પ્રતિજ્ઞાઓ પાળવાનું શાસ્ત્ર ફરમાવે છે અને જે સંયમીઓ પૂર્વે થયેલા છે તેઓએ પણ તે પ્રતિજ્ઞાઓ આજ રીતે પાળેલી છે. શાસ્ત્રકારે એ પ્રતિજ્ઞાઓના પાલન માટે પાચ સમિતિઓ, ત્રણ ગુપ્તિઓ, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન વગેરે અનેક પ્રકારનાં બીજાં આવશ્યક વિધાનો કરેલાં છે.

એ પ્રતિજ્ઞાઓને પાળવામાં શાસ્ત્રમાં ક્યાંય કોઈએ કદિ પણ એવો અપવાદ બતાવ્યો નથી કે જે અપવાદને સેવતાં એ પ્રતિજ્ઞાઓનો મૂળથી જ નાશ થાય.

માણસોમાં નબળાઈ હોવાથી અપવાદો સિવાય ચાલી શકતું નથી પણ એ બધા અપવાદો ઉત્સર્ગના પોષક હોય છે. જે અપવાદ ઉત્સર્ગનો પોષક ન હોય તેને તેનો અપવાદ જ કેમ કહેવાય?

ચૌર્યના ત્યાગની પ્રતિજ્ઞા લેનારો કોઈ પણ માણસ લોકોના કલ્યાણ માટે કે ધર્મને માટે કોઈનું ઘર ફાડે તો તેને શાસ્ત્ર તો સંઘરતું જ નથી; પણ આજનો કાયદો શું કહેશે? જીવન પર્યંત બ્રહ્મચર્ય પાળનારો માણસ કોઈ કામાતુર સ્ત્રીને દીક્ષા સ્વીકારવાની શરતે તેની જ સંમતિથી તેની કામવૃત્તિને પોષવાને કારણે માત્ર સ્પર્શ કરે તો શાસ્ત્ર એને ભ્રષ્ટ કહેવાને તૈયાર છે. ન્યાય તો તેને ભ્રષ્ટ કહેશે જ.

બધા માણસોમાં વિચારની પરિપક્વતા ભાગ્યે જ હોય છે તેથી પોતાના હિતાહિતનો વિચાર ન કરી શકે એવા ઉંમરે મોટા પણ વિચારમાં અવ્યક્ત એવાઓને ભમાવવા એ શું પાચે પ્રતિજ્ઞા પાળનારાઓને શોભા આપે એવું છે ?

તેમની એ પ્રતિજ્ઞાઓમાં એ સ્પષ્ટ આવે છે કે હિંસા, અસત્ય, ચૌર્ય વગેરે પાપો કરવાં નહિ, કરાવવા નહિ અને કરનારને સંમતિ પણ ન આપવી. આટલું જ નહિ પણ તેનો વધુ વિગતથી વિચાર કરવામાં આવ્યો છે. જેમકે જ્યારે સાધુ ચોરીનો ત્યાગનો નિયમ લે છે ત્યારે એમ બોલે છે કે ગામમાં, નગરમાં કે અરણ્યમાં, રાતે કે દિવસે, રાગથી કે દ્વેષથી, થોડું કે ઘણું, નાનું કે મોટું, સજીવ કે નિર્જીવ એવું કોઇ પ્રકારનું ચોરકર્મ નહિ કરું, નહિ કરાવું કે કરનારને નહિ સંમતિ આપું. વળી વધારામાં તે પ્રતિજ્ઞામાં કહે છે કે સર્વ પ્રાણ, સર્વભૂત, સર્વ જીવ કે સર્વ સત્વોને દુઃખ ન થાય, ખેદ ન થાય, તકલીફ ન થાય, ઉપદ્રવ ન થાય, શોક ન થાય, તેઓને કોઈને ઝૂરવું ન પડે, કોઈને પરિતાપ ન થાય એ અર્થે ચોર કર્મનો ત્યાગ સ્વીકારું છું. તે ત્યાગ કાંઈ છાનોમાનો કે અજ્ઞાનથી નહિ પણ અરિહંતની સાક્ષીએ, સિદ્ધની સાક્ષીએ, સાધુની સાક્ષીએ, દેવની સાક્ષીએ તેમજ પોતાની જાગ્રતાવસ્થામાં સ્વીકારું છું.

આ જાતના ચોરકર્મના ત્યાગની પ્રતિજ્ઞા લેનારો અને તેને પાળનારો માણસ એવા કયા મોઢે કહેવાને તૈયાર થઈ શકે કે અમે તે પ્રકારે કોઈને દીક્ષા આપવી શાસ્ત્રવિહિત છે.

શાસ્ત્ર તો સ્પષ્ટ કહે છે કે રાગવૃત્તિથી પણ ચોરી ન કરવી એટલે કોઈના કલ્યાણના રાગથી કે ધર્મના રાગથી કરવામાં આવતું ચોરકર્મ પણ શું એ પ્રતિજ્ઞા નથી અટકાવતી ?

જો દીક્ષા દેનારાઓએ અચૌર્યની પ્રતિજ્ઞા લીધી હોય અને જો તેઓ પાળવા બંધાયા હોય તો તેઓ કદી પણ ગમે તે પ્રકારે દીક્ષા

આપવાની હિમાયત ન જ કરી શકે છતાં હિમાયત કરવા હિંમત કરે તો શાસ્ત્ર તેને ચોર જ કહેશે.

પ્રાણી કદાચ ઉંમરે પક્વ હોય પણ વિચારમાં અપક્વ હોય તો તેની મૂર્ખતાનો લાભ લઇ તેને ભમાવવો એ પણ શું ચોરી નથી ? બીજું તો કાંઈ નહિ પણ જેમને એક પડેલું તણખલું પણ લેવામાં અચૌર્યનો ભંગ લાગે છે તેઓ પારકાં છોકરાંને ભગાડતાં શી રીતે અચોર રહેતા હશે ?

જ્યારે સાધુઓ લઘુશંકા કરવા જાય છે ત્યારે તેઓ अणुजाणह जस्सुग्गहो એવા શબ્દો ગણગણે છે. એનો ખરો અર્થ એ છે કે જ્યાં એ લઘુશંકા કરે છે તે જમીનનો માલીક કોઈ આસપાસ ન દેખાય તો તેના પરોક્ષ માલીકની અનુમતિ મેળવવા એ શબ્દો બોલે છે. આ શું તેઓનો ઢોંગ નથી ? નહિતર જેઓ આટલું સૂક્ષ્મ અચૌર્ય સાચવવા પ્રયત્ન કરતા હોય તેઓ પારકાં છોકરાં ભગાડવા કે સંતાડવાનો વિચાર સરખો પણ કેમ કરી શકે? આ તો એક નીચેના ઉદાહરણ જેવી વાત થઈ:—

એક મહારાજ એક ગામમાં ચોમાસુ રહ્યા. ત્યાં તેણે પોતાની બોલવાની ચતુરાઈથી લોકોને વશ કર્યા. બિચારો એક ભક્ત ત્યાં ફસાયો. તેણે કહ્યું स्वामिजी ! मुझे परदेश जाना है इसलिये मैं सोनेके गहिनें ओर गिनियो आपकी कुटियामें रख जाऊंगा । મહારાજ બોલ્યા राम, राम, राम हमको तेरे सोनेसे क्या मतलब ? तुझे जो करना हो सो कर । બિચારો તે એકવાર આવીને સ્વામિજીની ઓરડીમાં પોતાનું દ્રવ્ય દાટી ગયો અને સ્થળ પણ બતાવી ગયો. મહારાજનું ચોમાસુ પૂરું થયું એટલે તેમણે દંડથી ખોદીને સોનાને ન અડી જવાય માટે પોતાના દંડથી જ બહાર કાઢયું અને રખેને હાથથી તેનો સ્પર્શ થઈ જાય માટે દંડથી જ તેને કપડામાં લઈ બીજી પોતાની પરિચિત જગ્યાએ દાટી દીધું અને વિહાર કરી ગયા. પેલો ભક્ત તો નિશ્ચિંત જ હતો કારણ કે તે મુનિમહારાજ હતા. ભક્ત ગામમાં પાછો આવી

ગયો છતાં તેણે નિશ્ચિંતતાને લીધે સાધુજીની કુટિરની તપાસ ન કરી. મહારાજ બે ત્રણ ગાઉ ગયા ત્યાં એકાએક તેમનો હાથ માથા ઉપર પડયો. ચોમાસામાં વધેલા વાળમાં તે કુટિરનું એક તણખલું ભરાઈ ગએલું તેથી તે દોડતા દોડતા અને હાંફતા હાંફતા પાછા આવ્યા અને આવીને ગામના લોકોને કહેવા લાગ્યા કે " અરે ભાઈઓ ! ગજબ થઈ ગયો. તમારી આ ઓરડીના છાપરાનું તણખલું તમારી સંમતિ વિના મારી જટામાં આવી ગયું છે તેથી હું પાછું આપવા આવ્યો છું." લોકો તો તેની ત્યાગની પ્રતિજ્ઞા જોઈ મુગ્ધ થઈ ગયા. પેલો ભક્ત તો વિશેષ મુગ્ધ થઈ ગયો; એટલે તેણે ઓરડી તપાસવાનું માંડી જ વાળ્યું. આ સાધુને તમે કેવો કહેશો ? જો ભગવાન મહાવીરના સાધુઓ આ સાધુ જેવું કરતા હોય તો આપણે તેને કેવા કહીએ ? મહાવીરનો સાધુ સાચો અહિંસક, સાચો સત્યવાદી, સાચો અસ્તેયી, સાચો બ્રહ્મચારી અને સાચો નિર્ગ્રંથ હોય.

કાળ અને શારીરિક બળ જોતાં પણ જો તે ભગવાન મહાવીરના વેષને શોભાવે તો જ તે મહાવીરનો શ્રમણ છે નહિતર એને શાસ્ત્રકારો ઊંચા ઘોષથી પાપશ્રમણ કહેતાં પણ અચકાતા નથી.

આ પહેલા પ્રશ્નનું તાત્પર્ય એટલું જ છે કે જેઓ સર્વકાળે, સર્વપ્રકારે અસ્તેયવ્રત અને અહિંસા વગેરેની વાસ્તવિક પ્રતિજ્ઞા લઈ નીકળેલા હોય છે તેઓ જો ધર્મનું નામ લઈને કે કલ્યાણનું બ્હાનું બતાવીને શાસ્ત્રનિષિદ્ધ એવી પ્રવૃત્તિમાં પડે તેને શાસ્ત્ર તો સાધુ ન જ કહે.

(૨) છોકરાને નિશાળે બેસાડવો હોય ત્યારે આપણે એટલું જરૂર જોવું પડે છે કે તેનામાં ગ્રહણશક્તિ આવી છે કે નહિ ? છોકરાને પરણાવવો હોય ત્યારે પણ જોવું પડે છે કે તેનાં શરીર, મન, ઇંદ્રિયો વગેરે વિકાસ પામ્યાં છે કે નહિ ? કાચી ઉંમરે પરણનારા છોકરાઓ કેવો ત્રાસ ભોગવે છે, અને કેવા ખુવાર થાય છે એ સૌ કોઈને વિદિત છે. નિશાળ અને વિવાહ કરતાં દીક્ષા માટેનો અધિકારી જરૂર વિશેષ

યોગ્ય હોવો જોઇએ. દીક્ષા કોઈ સ્થૂલ વસ્તુ નથી કે જે વેશ બદલતાંની સાથે આવી જાય. વાસ્તવિક દીક્ષા એ વિવેક પરિપાકનું પરિણામ છે. એ પરિપાક થતાં સુધી દીક્ષાના ઉમેદવારે અવશ્ય ધીરજ રાખવી જોઇએ. જે મનુષ્યમાં માર્ગાનુસારીનો પહેલો ગુણ પણ પૂરેપુરો વ્યક્ત થયો હોય તે મનુષ્ય પછી અહિંસા, સત્ય વગેરેને અવિરોધી અને સમવૃત્તિ પોષે એવા ગૃહસ્થ ધર્મ આચરનારો હોય અર્થાત્ આ રીતે ધીરે ધીરે વિકાસ કરનારો હોય તો અવશ્ય દીક્ષાનો અધિકારી હોઈ શકે. આ જાતનો માણસ સ્વતઃ દીક્ષામાં આવી જાય છે. અહીં યાદ રાખવુ જોઇએ કે દીક્ષા એટલે વેશ નહિ પણ આત્મગુણનો વિકાસ.

આ કાળમા આપણામાં જ્યા માર્ગાનુસારીનો પહેલો ગુણ પણ લુપ્તપ્રાય જેવો માલુમ પડે છે ત્યાં વાસ્તવિક દીક્ષાના અધિકારી થવાની ખરી હિંમત કોણ કરી શકે ? ચિત્તનો વિકાસ સાધારણ રીતે ક્રમે ક્રમે જ થાય છે; એટલે દીક્ષામાં જે ગુણની પ્રાપ્તિ કરવાની છે તે ગુણો તરફની અભિમુખતા થયા વિના કોઇ દીક્ષા લઇ બેસે તેનુ પરિણામ જેનું પેટ સાફ નથી તે જો પારો ખાય ને જે પરિણામ આવે તેવું જ આવે; અને વર્તમાન સમયમાં તો એવું આવેલુ પરિણામ આપણે પ્રત્યક્ષ દેખીએ પણ છીએ. આ માટે શાસ્ત્રકારોએ માર્ગાનુસારી, શ્રાવક-ધર્મ, શ્રાવકની પ્રતિમાઓ, શૈક્ષદીક્ષા વગેરે વાસ્તવિક દીક્ષા સુધી પહોંચવાનાં અનેક પગથિયાં બતાવ્યાં છે. સાધારણ રીતે તે પગથિયે પગથિયે જનારો માણસ જ દીક્ષાના દ્વાર સુધી પહોંચી શકે છે.

માનસિક ઉત્ક્રાન્તિ કેટલી ધીરે ધીરે થાય છે અને તે ઉત્ક્રાન્તિને સાધનારાને કેટલું સાવધાન રહેવું પડે છે તેનો અનુભવ તેને જ હોય કે જે ચિત્તની શુદ્ધિ માટે તેની પાછળ જ પડેલો છે.

આનંદ શ્રાવક વગેરે ભગવાનના શ્રાવકોએ ભગવાનને કહ્યું છે કે હે ભગવન્! અમે અનગાર થવાને અશક્ત છીએ માટે જ આપની પાસે ગૃહિધર્મ સ્વીકારીને રહેવા ઇચ્છીએ છીએ. તોપછી માર્ગાનુ-

સારીનો પહેલો ગુણ કેળવ્યા વિના પણ જેને ભાગવતી દીક્ષા કહેવામાં આવે છે તે જેઓ લેવાની વાત કરે છે કે લે છે તેઓ વગર પગથિયે ઉપર ચડતા હોય એવું નથી લાગતું ?

જૂના જમાનામાં દીક્ષા લેનારા અને ગુરુ થનારા બન્ને જવાબદાર અને વિચારક હતા એમ દીક્ષા લેનારા અને દીક્ષા આપનારાના વૃતાન્તો આગમોમાં આવે છે તે ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે. જોકે દીક્ષાના અધિકારી વિષે આચારનાં વિધાન કરનારાં અંગોમાં ખાસ કાંઈ વિશેષ ચર્ચા આવી જણાતી નથી પણ જ્યારથી અયોગ્ય દીક્ષાની હિમાયત થવા લાગી ત્યારથી શાસ્ત્રીય મર્યાદા ઘડનારાઓ શાસ્ત્રોમાં એ વિષયની ચર્ચાને સ્થાન આપવા ચૂક્યા નથી.

ભગવાન મહાવીરના શાસનમાં જ્યારથી ચૈત્યવાસની શરૂઆત થઈ ત્યારથી અનેક પ્રકારના સદાચારનો ઘાત કરનારાં વર્તનો સાધુઓમાં પેસી ગયેલાં, તેમાનાં કેટલાકને તો શાસનહિતૈષી સમર્થ આચાર્યોએ દૂર કરેલાં છે છતાંય કેટલાંય હજી એમને એમ ચાલ્યાં આવે છે. એમાનું આ એક અયોગ્ય દીક્ષાનું પ્રવર્તન પણ છે. ચૈત્યવાસીઓ ચેલાઓને વેચાતા લેતા એ વાત આચાર્ય હરિભદ્રે તો લખેલી છે. આ જાતની અયોગ્ય દીક્ષાને પ્રતિબંધમાં મૂકવા જૈન સ્મૃતિકારોએ દીક્ષા લેનારની ઉંમર, સ્વભાવ વગેરેની ખાસ ચર્ચા કરેલી છે ઉપરાંત દીક્ષા આપવાથી અશાંતિ ન ફેલાય તે માટે પણ ખાસ એ મર્યાદાઓમા વિચારણા કરેલી છે.

પ્રવચન સારોદ્ધારનો ટીકાકાર જણાવે છે કે જે માણસ દેવાદાર હોય તે, દેવું વાળ્યા પહેલાં દીક્ષા માટે અધિકારી નથી. તે વિષે તે ગ્રંથકારના શબ્દોનો ભાવ નીચે પ્રમાણે છે:—

ગ્રંથકાર કહે છે કે જે વ્યક્તિ રાજા કે વ્યાપારીનું કરજ (વ્યાપારીનું સોનું, રૂપું, નગદ વગેરે) માથે રાખતો હોય, તેને ઋણાર્ત્ત સમજવો. તે તેવી સ્થિતિમાં દીક્ષાનો અધિકારી નથી

કારણ કે તેને દીક્ષા આપવાથી અશાંતિ થવાનો વિશેષ સંભવ છે.*

જે કોઈ પૈસાવાળાને ઘેર આજીવિકા માટે ચાકરી કરવા રહેલો હોય તે પણ દીક્ષાનો અધિકારી નથી કારણ કે તેને દીક્ષા આપવાથી તેના શેઠને તેના ઉપર બહુ અપ્રીતિ પેદા થાય છે.

વળી જે કોઈ ઘરની દાસીનું સંતાન હોય અથવા દુષ્કાળ વગેરે પ્રસંગોમાં કોઈને ત્યાં પેટવડીએ રહ્યો હોય અથવા ખરીદાયેલો હોય અથવા કરજ ચૂકવવાને માટે કામ કરવા સારૂ બંધાયેલો હોય એવો તે દાસ પણ દીક્ષાનો અધિકારી નથી કારણ કે તેને દીક્ષા આપવાથી તેમના સ્વામીઓને બહુ કલેશ થાય છે.×

જ્યારે ઉપર જણાવેલી અશાંતિના કારણે દાસ, દેવાદાર અને ભૃતકને દીક્ષાના અનધિકારીઓ બતાવ્યા છે અને પછી એજ દીક્ષાની પ્રવૃત્તિથી સંઘમાં મોટો વિક્ષેપ ઊભો થાય અને પરસ્પર દ્વેષ અને ઇર્ષાનું સઘન વાતાવરણ જામે ત્યારે તે દીક્ષાની પ્રવૃત્તિમાં કયો ખરો સંયમી ભાગ લઇ શકે ?

---

*यो राजव्यवहारिकादीनां हिरण्यादिकं धारयति स ऋणार्त्त. तस्य दीक्षादाने राजादिकृता ग्रहणाकर्षणकदर्थनादयो दोषाः ।

(જુઓ પ્રવચનસારોદ્ધાર પૃષ્ઠ ૨૩૦)

'પવિત્ર દીક્ષાના લેખકને બે બોલ' નામના હેન્ડબીલમા આ પાઠનો તદ્દન ઊંધો અર્થ કરી લોકોને ભમાવવામા આવ્યા છે.

×तथा रूप्यकादिमात्रया वृत्त्या धनीनां गृहे दिनपाटकादिमात्रेण तदादेशकरणाय प्रवृत्तो यः स भृतकः, सोऽपि न दीक्षोचितः, यस्यासौ वृत्ति गृह्णाति स दीक्ष्यमाणे तस्मिन् महतीमप्रीतिमादधत्ति ।

(જુઓ પ્રવચનસારોદ્ધાર પૃષ્ટ ૨૩૦)

तथा गृहदास्याः सञ्जातो दुर्भिक्षादिष्वर्थादिना वा क्रीतः ऋणादिव्यतिकरे वाऽवरुद्धो दास उच्यते तस्यापि दीक्षादाने तत्स्वामिकृता उत्प्रव्राजनादयो दोषाः ।

(જુઓ પ્રવચન સારોદ્ધાર પૃષ્ઠ ૨૩૦

ઉપર બતાવેલા દીક્ષાના અનધિકારીઓ અણસમજુ નથી હોતા પરન્તુ પૂરેપુરા સમજવાળા અને નીતિ જેમના ઉપર વ્યાવહારિક જવાબદારી સાચવવાનો અંકુશ મૂકી શકે એવા હોય છે, છતાંય તેમને શાસ્ત્ર દીક્ષા આપવાની ના પાડે છે. એનો અર્થ એ થયો કે દીક્ષા લેવા માટે માત્ર મોટી ઉમર જ બસ નથી પણ એ ઉપરાંત બીજી અનેક પ્રકારની યોગ્યતા પણ દીક્ષા લેનારમાં હોવી જોઇએ.

ઉપર લખેલી વાતને આ નીચે જણાવેલી હકીકત વધારે પુષ્ટ કરે છે.

શાસ્ત્રકાર કહે છે કે જે માણસ કોઈ પણ કારણથી ક્યાય અવબદ્ધ એટલે બધાયેલો હોય એટલે કે કોઇના પૈસા લઇને કોઇને ત્યાં રહેવા વચનબદ્ધ થયેલો હોય અથવા વિદ્યા વિગેરે માટે કોઇને ત્યાં વચનબદ્ધ થઈને રહ્યો હોય તેવી અવબદ્ધ વ્યક્તિને દીક્ષા આપવાથી કલહ વગેરે થવાનો સંભવ છે માટે તેને દીક્ષા ન આપવી.×

કોઈ એમ ન સમજે કે ઉપર કહેલા અનધિકારીઓ સગીર ઉમરના હોવાને લીધે શાસ્ત્રકારોએ તેમનો નિષેધ કરેલો છે. કારણ કે તે તે અનધિકારીની શાસ્ત્રમા જે વ્યાખ્યા આપી છે તેથી જ તે સગીર ઉમરના નથી તે સ્પષ્ટ માલમ પડે છે. વિચારીને જોઈશું તો માલમ પડશે કે કરજે નાણા લેનારો માણસ સગીર કેમ હોઇ શકે ? ધીરધારનો વ્યવહાર સગીર સાથે હોઈ શક્તો જ નથી. આ દલીલ ઉપરાંત બીજી દલીલ એ પણ છે કે સગીર ઉંમરના દીક્ષાના અનધિકારી છે એવું બતાવવા તે અનધિકારીઓને દર્શાવનારી ગાથામા*

× तथा अर्थग्रहणपूर्वकं विद्यादिग्रहणनिमित्तं वा एतावन्ति दिनानि त्वदीयोऽहमित्येवं येनात्मनः परायत्तता कृता भवति सोऽवबद्धः स एवावबद्धकः, सोऽपि न दीक्षार्हः कलहादिदोषसम्भवात् ।

(જુઓ પ્રવચન સારોદ્ધાર પૃષ્ઠ ૨૩૦)

* बाले वुड्ढे नपुंसे य कीवे जड्डे य वाहिए ।
तेणे रायावगारी य, उन्मत्ते य अदंसणे ॥

(જુઓ પ્રવચન સારોદ્ધાર પૃષ્ઠ ૨૨૯)

સૌથી પહેલાં ખાસ જુદો બાલ શબ્દ મૂકીને સગીર ઉંમરનાને દીક્ષાનો અનધિકારી બતાવ્યો છે.

બાલ એટલે સગીરનો અર્થ વર્તમાન સમયમાં કાયદા પ્રમાણે જે થતો હોય તે આપણે અહીં સમજવાનો છે. અથવા બાલમરણ શબ્દમાં બાલનો જે અર્થ શાસ્ત્રમાં લીધો છે તે જ અર્થ અહીં લેવો વધારે ઉચિત છે.

આ પછીની જ ગાથામાં શૈક્ષનિસ્ફેટિકા દ્વારા મેળવેલો દીક્ષાનો ઉમેદવાર પણ દીક્ષાનો અધિકારી નથી એમ બતાવ્યું છે. શૈક્ષનિસ્ફેટિકાનો અર્થ કરતાં પ્રવચન સારોદ્ધારનો ટીકાકાર લખે છે કે માતાપિતા વગેરે કુટુંબીઓ દ્વારા જે મોકળો થઇ શકયો નથી તેનું અપહરણ કરીને તેને દીક્ષા દેવાનો વિચાર કરવો તેનું નામ શૈક્ષનિસ્ફેટિકા છે * શૈક્ષ-નિસ્ફેટિકામાં આવેલો શૈક્ષ શબ્દ પણ કોઇ અણુસમજુ સગીર બાળકને સૂચવતો નથી કારણ કે તે માટે તો શાસ્ત્રકારે આગળ કહ્યા પ્રમાણે 'બાલ' શબ્દ મૂળ ગાથામા મૂકેલો છે. એટલે અહીં શૈક્ષ શબ્દનો અર્થ માતાપિતાની અનુમતિ નહિ પામેલો મોટી ઉંમરનો ઉમેદવાર લેવો જોઇએ એ ભૂલવું ન જોઇએ.

આ હકીકતનો સ્પષ્ટ અર્થ કરીએ તો આમાં ભગાડવું, સંતાડવું, ઊંધુચત્તુ સમજાવવું વગેરે આવી જાય છે.

શૈક્ષ નિસ્ફેટિકાનો સ્પષ્ટ અર્થ નીચેના દાખલાથી વધારે સમજાશે.

દશપુરમાં રહેતો રક્ષિત નામનો બ્રાહ્મણ પોતાનો પિતા સોમદેવ જેટલું જાણતો હતો તેટલુ તેની પાસેથી ભણ્યો. એથી વધારે ભણવા

---

* तथा शैक्षस्य—दीक्षितुमिष्टस्य निस्फेटिका -अपहरणं शैक्षनिस्फेटिका तद्‌योगाद् यो मातापित्रादिभिरमुत्कलितोऽपहृत्य दीक्षितुमिष्यते सोऽपि न दिक्षोचितः, मातापित्रादीनां कर्मबन्धसम्भवात् अदत्तादानादिदोषप्रसङ्गाच्च।

(જુઓ પ્રવચન સારોદ્ધાર પૃષ્ઠ ૨૩૦)

માટે ઘરમાં સગવડ ન હોવાથી તે પાટલીપુત્ર ગયો. ત્યાં તે અંગો-પાંગ સહિત ચારે વેદોને શીખ્યો. વેદોનું પારાયણ પણ તેણે પૂરું કર્યું અને વેદની બધી શાખાઓનો તે પારગામી થયો; મતલબ કે ચૌદે વિદ્યાઓને ભણીને તે દશપુરમાં આવ્યો. દશપુરના રાજાને જાણ થઈ કે પોતાના નગરનો બ્રાહ્મણ પાટલીપુત્રમાં રહી ચૌદેય વિદ્યાનો પારગામી થઈ રાજધાનીમાં આવે છે. તેના ઉત્સવ માટે આખા નગરને શણગારવામાં આવ્યું. રાજા પોતે પણ તેની સામે ગયો. રાજાએ તેનો સત્કાર કરીને તેને અગ્રાસન આપ્યું. આ પ્રમાણે હાથી ઉપર બેઠેલો અને નગરજનોથી અભિનંદિત થતો તે બ્રાહ્મણ પોતાને ઘેર આવ્યો, ત્યાં તેના સત્કાર માટે આવેલી બ્રાહ્મણ મંડળીએ તેનો ખૂબ સત્કાર કર્યો. એમ તેણે થોડા વખત સુધી બહાર બેઠા બેઠા લોકોનો સત્કાર સ્વીકાર્યો. તેના મિત્રો અને કુટુંબીજનોએ પણ ખૂબ હર્ષથી તેનો આદર કર્યો. એ રીતે પૂજાયેલા તે બ્રાહ્મણનું ઘર દ્વિપદ, ચતુષ્પદ, હિરણ્ય, અને સુવર્ણ વગેરેથી ભરાઈ ગયું; એટલે કે તેના માનમાં તેને આટલી બધી વિપુલ દક્ષિણા મળી. તેણે ત્યાં બેઠાં બેઠાં ચારે બાજુ નજર નાંખીને જોયું તો ક્યાંય તેની માતા રુદ્રસોમાને ન જોઈ એટલે તે ઘરમાં ગયો અને માતાને પગે પડ્યો.

ઉત્સાહ વિના અને તદ્દન ઉપેક્ષાવૃત્તિથી માતાએ પુત્રનુ સ્વાગત કર્યું. પુત્ર માતાનો ભાવ કળી ગયો. માતૃભક્ત પુત્રે પૂછ્યું કે હે માતા! મારા ભણતરથી તને સંતોષ નથી? હું ચૌદે વિદ્યાનો પાર-ગામી થઈને આવ્યો છું અને તેથી જ રાજા સહિત આખા નગરે આટલો ઉત્સાહ બતાવ્યો છે માતાએ કહ્યું કે શુ તું દૃષ્ટિવાદ ભણીને આવ્યો છે? પુત્રે વિચાર્યું કે માતાની તુષ્ટિ માટે હું દૃષ્ટિવાદને ભણી આવું. મારે તો માતાને સંતુષ્ટ કરવી જોઈએ. આમ વિચારીને તેણે માતાને પૂછ્યું કે એ દૃષ્ટિવાદને કોણ ભણાવે છે? જો કોઈ ભણાવે તો ત્યાં જઈને તેની પાસે ભણું. સંતોષ પામેલી માતાએ જણાવ્યું કે આપણા શેરડીના વાઢમાં તોસલીપુત્ર નામે આચાર્ય ઉતર્યા છે તે

તને ભણાવશે. પુત્રે માતાને કહ્યું કે તું ઉતાવળી ન થા. હું ત્યાં તેની પાસે જઇને તારા કહ્યા પ્રમાણે ભણી આવીશ. વળતે દિવસે રક્ષિત તે આચાર્ય પાસે ગયો અને વિનયથી નમસ્કાર કરીને તેની પાસે બેઠો. આચાર્યે તેના સંબધમાં પૂછતાં ત્યાં બેઠેલા સાધુઓએ કહ્યું કે આ તે જ બ્રાહ્મણ છે કે જે ગઈ કાલે હાથી ઉપર બેસીને અહીંથી નિકળ્યો હતો. ફરીથી આચાર્યે પૂછ્યું કે તું શા માટે આવ્યો છે? તેણે પોતાનો દૃષ્ટિવાદ ભણવાનો વિચાર જાહેર કર્યો. આચાર્યે કહ્યું કે તું જો અમારી દીક્ષા લે તો જ અમે તને તે શાસ્ત્ર ભણાવી શકીએ; તે પણ તું ક્રમથી ભણી શકીશ. એ સાંભળીને રક્ષિત બ્રાહ્મણે દીક્ષા લેવાનો સ્વીકાર કર્યો, પણ તેણે કહ્યું કે હું અહીં દીક્ષા નહિ લઈ શકું. માટે આપણે બધા બીજે જઈએ. અહીં રાજાનો મારા ઉપર અનુરાગ છે, લોકોનો પણ વિશેષ પ્રેમ છે. તમે અહીં મને દીક્ષા આપશો તો તેઓ મને પરાણે પણ લઈ જશે. માટે બીજે સ્થળે જઈને મને દીક્ષા આપવી એ વધારે સારૂં છે. એટલે આચાર્ય તોસલીપુત્રે બીજે સ્થળે લઈ જઈને તેને દીક્ષા આપી. આ જાતની દીક્ષા વિષે લખતાં આવશ્યકના ટીકાકાર હરિભદ્ર લખે છે કે ભગવાન મહાવીરના શાસનમાં સૌથી પહેલી આ શૈક્ષનિસ્ફેટિકા એટલે શિષ્યનું અપહરણ થયુ અને આચાર્ય હેમચંદ્રે પરિશિષ્ટ પર્વમાં આર્યરક્ષિતની દીક્ષાને સ્પષ્ટ શબ્દમાં પહેલવહેલી શિષ્યચોરી બતાવી છે.

ઉપરની કથામાં દીક્ષા લેનારો વિદ્વાન, સમજદાર અને માતાની અનુમતિથી જ દીક્ષિત થયેલો છે. છતાંય ટીકાકારે તેની દીક્ષાને શિષ્યની ચોરી તરીકે ગણાવેલી છે. આ વિષે વધુ વિચારીએ તો સ્પષ્ટ જણાશે કે દીક્ષા લેવામાં દીક્ષા લેનારની માત્ર માતાની જ સંમતિ પૂરતી જણાતી નથી. પરંતુ પિતાની અને માતાની અને વિવાહિત થયેલ હોય તો સ્ત્રીની પણ સંમતિની અવશ્ય અપેક્ષા છે.

પુત્ર માતા પિતાનો ઋણી છે માટે અને સ્ત્રીનો રક્ષક છે માટે તેઓની સંમતિ હોવી જ જોઇએ એ સ્વતઃસિદ્ધ છે. સાંગોપાંગ વેદના

અભ્યાસી, ચૌદ વિદ્યાના જાણકાર અને રાજમાન્ય એવા રક્ષિત બ્રાહ્મણને ભાગ્યે જ કોઈ સગીર ઉમરનો કલ્પી શકે. વૈદિક પરંપરા પ્રમાણે તો એ ૨૫ વર્ષથી ઓછો હોઈ જ શકે નહિ, કારણ કે તે પરંપરામાં તેટલો કાળ અભ્યાસ અને બ્રહ્મચર્ય માટે નિયત થયેલો જ છે. પણ ગણધર સાર્ધશતકના પ્રણેતાએ સ્પષ્ટ શબ્દોમાં રક્ષિતની ઉમર ૨૨ વર્ષની જણાવેલી જ છે એટલે એના સબંધમાં સગીરપણાની શંકાને અવકાશ જ નથી.

આ બધી હકીકતો ઉપરથી એટલુ સમજી શકાય છે કે દીક્ષા લેનાર માણસમાં કયા પ્રકારની બાહ્ય યોગ્યતા હોવી જોઈએ. બાહ્ય યોગ્યતામા ઉંમર, સમજશક્તિ અને વાલીઓની સંમતિ વગેરેનો સમાવેશ થાય છે.

જો સમજદાર અને વિદ્વાન રક્ષિત બ્રાહ્મણની દીક્ષાને શાસ્ત્રકાર શિષ્યની ચોરીમાં મૂકે તો આજની દીક્ષાની પ્રવૃત્તિને શિષ્યચોરી કહેવી એ સહજ વાત છે.

ઉપર જણાવેલા દીક્ષાના અનધિકારીઓ ઉપરાંત શાસ્ત્રકારે નીચે જણાવેલાઓને પણ અનધિકારીઓ તરીકે બતાવેલા છે.

જે વ્યક્તિ પુરુષાકૃતિવાળી હોવા છતાં નપુંસક પ્રકૃતિની હોય તે દીક્ષા માટે અનધિકારી છે; કારણ કે તેને દીક્ષા આપવાથી તેમાં અને તેના સહવાસીઓમાં અબ્રહ્મચર્ય વગેરે અનેક દોષો ઊભા થાય છે.

સ્ત્રીના અંગોપાંગ જોઈને કે શબ્દ સાંભળીને કામાતુર થતાં પોતાની કામવૃત્તિને જે ન રોકી શકે તે પણ ઉપરના કારણથી દીક્ષાનો અનધિકારી છે આવી પ્રકૃતિવાળી સ્ત્રીઓને પણ દીક્ષાનો અધિકાર નથી.

જે વ્યક્તિ ભાષા અને શરીરથી જડ હોય એટલે કે જેની ભાષા અસ્પષ્ટ હોય, બોલતાં જેની જીભ તોતડાતી હોય તે, અને જે અત્યંત મેદવાળો હોવાથી ભિક્ષા-ભ્રમણ કે બીજી કોઈ સાધુઓની ક્રિયાને ન કરી શકે એવો હોય તે પણ દીક્ષાનો અધિકારી નથી.

જે વ્યક્તિ ભગદર, અતિસાર, કોઢ, મસા, દમ, પ્રમેહ વગેરે

એવા મહાવ્યાધિઓથી ઘેરાયલી હોય; જે વ્યક્તિ ચોરનો ધંધો કરતી હોય; જે રાજાનો અપકારી હોય; ક્રોધ, માન, માયા, લોભ આદિની ઉગ્રતાવાળો હોય; મૂઢ હોય એ બધા દીક્ષાના અનધિકારી છે.

મૂઢનો અર્થ કરતાં પ્રવચન સારોદ્ધારનો ટીકાકાર લખે છે કે રાગાંધ હોઇને અજ્ઞાનતાદિના કારણથી જે યથાવસ્થિત વસ્તુનો વિચાર કરી ન શકે તે વિવેકમૂલક એવી ભાગવતી દીક્ષાનો અધિકારી ન હોઈ શકે. આ રીતે શાસ્ત્રકારે દીક્ષાના અનધિકારીઓની વિગતવાર મીમાંસા કરી છે.

જે જે દીક્ષા લેનારાઓ ઉપરના અનધિકારીઓમાં આવી જતા હોય તેઓને દીક્ષા આપવી તે ભગવાન મહાવીરના શાસનનું ઘોર અપમાન છે અને દીક્ષાની પણ પૂરી ફજેતી છે.

દીક્ષા આપનારાઓ આ બધી ઉપર કહેલી હકીકતને સમજીને દીક્ષા આપે તોજ તે સ્વ-પરનું કલ્યાણ કરી શકે. અન્યથા તેઓ બન્ને બૂડવાની દિશામા છે તેમ શાસ્ત્ર સ્પષ્ટ કહે છે.

ઉપર જણાવેલી અનધિકારીની હકીકતમાં દીક્ષાના ઉમેદવારની ઉંમર, શારીરિક પરિસ્થિતિ અને વિચારની પરિપક્વતા ઇત્યાદિ અનેક હકીકતો વિષે શાસ્ત્રકારોએ વિચારો દર્શાવ્યા છે. આ ઉપરાંત તેના અધિકાર વિષે વિચાર કરતા શાસ્ત્રકાર લખે છે કે દીક્ષાનો ઉમેદવાર સંસારથી નિર્વેદ પામેલો, ઇંદ્રિય અને શરીરના સુખોને તે દુઃખરૂપ સમજનાર, જેના કષાયો અત્યંત મંદ થયેલા છે એવો તથા કૃતજ્ઞ, વિનીત, અદ્રોહી, સ્થિર, શ્રદ્ધાવાળો અને સદ્ગુણસંપન્ન હોવો જોઇએ.

ટૂંકમા કહીએ તો દીક્ષાના ઉમેદવારને પાકે પાયે સમ્યક્ત્વનો સ્પર્શ થયો હોય તો જ તે દીક્ષાનો અધિકારી થઈ શકે. કદાચ કોઈ એમ સમજે કે સમ્યક્ત્વ તો શ્રાવક માત્રને હોય જ છે પણ તે વાત બરાબર નથી.

સમ્યક્ત્વ ટીલાંટપકાંમાં, માળા ફેરવવામાં, પૂજાઓની ધમાલમાં, પડિલેહણની ક્રિયાઓમાં, ઓઘામા, મુહપત્તિઓમાં કે સાધુઓના વેશમાં રહેતું નથી. એ તો આત્મિક ગુણ છે અને આત્મામાં જ પ્રગટે છે.

એ સમ્યક્ત્વનાં આસ્તિક્ય, અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ એ પાંચ ચિહ્નો છે. આસ્તિક્ય એટલે આત્મશ્રદ્ધા—આત્મવિશ્વાસ; અનુકંપા એટલે સર્વભૂતસમભાવ; નિર્વેદ એટલે વાસનાઓથી મળતાં ચક્રવર્તિ જેવાં સુખોની અનિચ્છા; સવેગ એટલે તૃષ્ણારહિતપણું અને પ્રશમ એટલે કષાયની મંદતા. જેનામાં આ પાચ ગુણોમાંથી એક ગુણ પણ પ્રગટયો હોય તે ભલે જાતિથી શ્રાવક ન હોય છતાંય સમ્યક્ત્વવાળો છે એમ શાસ્ત્રકારો કહે છે. અને તેને જ દીક્ષાના અધિકારી તરીકે શાસ્ત્રકાર સૂચવે છે.

પ્રસંગોપાત જણાવવું જોઇએ કે હું એકવાર એક પ્રસિદ્ધ જૈનાચાર્યને મળ્યો. તેમણે નિખાલસભાવે પોતાની જાતના અને આપણા બધાઓનાં વર્તન ઉપરથી જણાવ્યું કે આ વાતાવરણ જોતાં કોઇને સમ્યક્ત્વ સ્પર્શ્યું છે કે નહિ એ કહેવું ઘણું કઠિન છે.

આવી સ્થિતિમાં દીક્ષા માટે દોડાદોડી કરનારા ઉમેદવારો અંતર્મુખ થઈને એટલું જ વિચારે કે તેઓ સમ્યક્ત્વની સ્થિતિ સુધી પહોંચ્યા છે કે નહિ તોયે ઘણું છે.

જે રીતે દીક્ષાના ઉમેદવારના અધિકાર વિષે શાસ્ત્રમાં ચર્ચા કરી છે તે જ રીતે દીક્ષા આપનારના અધિકાર વિષે પણ લંબાણથી ચર્ચા કરેલી છે. તેનો ટૂંક સાર નીચે પ્રમાણે છે:

જેમનું એક પણ મહાવ્રત ખંડિત ન હોય, જેનામા સર્વ સત્ત્વો પ્રતિ મૈત્રીભાવ હોય, જે ગભીર, શાન્ત, આગમોનો અભ્યાસી, સર્વમાન્ય અને મન, વચન અને કાયાના વિકારોથી રહિત હોય તે જ દીક્ષા આપવા માટે અધિકારી હોઇ શકે.

શાસ્ત્રકાર એટલુ પણ કહે છે કે ઉપર જણાવેલા ગુણોમાંનો એક પણ ગુણ જેનામાં પરિપૂર્ણ હોય તે પણ દીક્ષા આપવાનો અધિકારી થઇ શકે છે. દીક્ષા આપનારાઓ આ વાતનો વિચાર કરે અને પોતાની યોગ્યતા સમજે તો જ તેઓ શાસ્ત્રને અનુસરનારા છે એમ માની શકાય. અન્યથા તેઓને શાસ્ત્રદ્રોહી કહેવા એ કાંઈ વધારે પડતું નથી.

આ બીજા મુદ્દા વિષે વધારે ન લખતાં એટલું જ કહેવું બસ છે કે દીક્ષા લેનાર અને દીક્ષા આપનાર બન્ને આગળ જણાવેલા સમ્યકૃત્વથી વાસિત ચિત્તવાળા હોય તોયે ઘણું છે! નહિ તો જ્યાં ગુરુ અને ચેલો બન્ને મિથ્યાત્વથી વાસિત હોય ત્યાં તેઓમાંના એકનું પણ શ્રેય થવાનો સભવ જ નથી.

અધિકાર વિના દીક્ષા લેનારા અને અધિકાર વિના દીક્ષા આપ-નારા એ બન્નેના ભવાડા અત્યાર સુધીમાં જગતની દૃષ્ટિમાં આવી ગયા છે. માટે શાસ્ત્ર માનનારાઓએ શાસ્ત્રની ઉપર જણાવેલી મર્યાદાને બરાબર વફાદાર રહેવુ જોઇએ.

બધાં શાસ્ત્રોમાં ગુરુ કરતાં વધારે સ્થાન માતાપિતાને મળેલુ છે. જૈનશાસ્ત્રમાં પણ માતાપિતાનું તેવું જ સ્થાન છે. સ્થાનાગ સૂત્રમાં ભગવાન કહે છે કે હે આયુષ્માન શ્રમણ! જગતમા ત્રણ પ્રકારના મનુષ્યોનો ઉપકાર વાળી શકાતો નથી (૧) માતાપિતાનો (૨) પોતાના પોષકનો અને (૩) ધર્માચાર્યનો.

કોઈ માણુસ આઠે પહોર અને બત્રીશે ઘડી માતાપિતાની સેવા કર્યા જ કરે અને તેમને કાવડમાં બેસાડીને પોતાના ખભા ઉપર લઈને જીવતાં સુધી વહ્યા કરે તો પણ માતાપિતાનો ઉપકાર વાળી શકાતો નથી. પાઠકો યાદ રાખે કે શાસ્ત્રના જે પાઠમાં જેમનો ઉપ-કાર વાળી શકાતો નથી એવા ત્રણ ગણાવ્યા છે તેમાં પણ માતા-પિતાનું પ્રથમ સ્થાન છે. એથી જૈનશાસ્ત્ર માતાપિતાની મર્યાદા કેટલી વિચારે છે એ સ્પષ્ટ જણાઇ આવે છે. આમ છે માટે જ ખુદ ભગ-વાન મહાવીરે પણ માતાપિતાની ભક્તિ તરફ સવિશેષ કાળજી બતાવી હતી. કૂર્માપુત્ર જેવા કેવળજ્ઞાની પણ માતાપિતાના વાત્સલ્યને તરછોડી શક્યા ન હતા; એટલે કે તેઓ કેવળી હોવા છતાં ઘરમાં જ રહ્યા હતા.

આપણે બધાંય મદિરમાં ચૈત્યવંદન કરતી વખતે ભગવાન પાસે હમેશાં પ્રાર્થના કરીએ છીએ કે મને બીજું કાંઇ ન મળે તો કાંઇ નહિ પણ **गुरुजणपूआ** ગુરુજનપૂજા અને લોકવિરુદ્ધપ્રવર્તનનો

ત્યાગ એટલું મળે તોયે ઘણું છે. આમાં ગુરુજન પદની વ્યાખ્યા કરતાં શાસ્ત્રકાર કહે છે કે ગુરુજન એટલે માતાપિતા અને ધર્માચાર્યની પૂજા. જ્યાં શાસ્ત્રમા માતાપિતા વિષે આટલો બધો સદ્ભાવ બતાવવામાં આવ્યો છે ત્યાં તેમનો દ્રોહ કરીને જે દીક્ષા લેવા નીકળે તે શાસ્ત્રનો પૂજક છે કે દ્રોહી છે એ સમજાતું નથી.

કોઇ એમ કહે કે આ રીતે તો કોઈ દીક્ષા લઈ જ ન શકે. માતાપિતા મોહને લીધે કદી રજા જ નથી આપવાનાં. તેમની આ સમજણ બરાબર નથી. કારણ કે જ્યા જગતમાં ત્યાગનું સ્વચ્છ વાતાવરણ નથી ત્યાં ત્યાગ માટે કોણ આકર્ષાય?

કેટલાંક વર્ષ પહેલાં ખાદી પહેરનારો કે તેની હિમાયત કરનારો મુર્ખ મનાતો. પણ આજે જ્યારે ખાદીની પાછળનું રહસ્ય સમજાયું અને તેનો જીવનમાં ઉપયોગી એવો લાભ સમજાયો એટલે આખા દેશમાં લોકો ખાદીને પ્રથમ સ્થાન આપવા લાગ્યા છે.

બધા એમ સમજતા કે આપણે એટલા બધા ડરપોક અને નરમ છીએ કે સ્વાર્થ વિના માત્ર સમૂહના હિત માટે આપણે કાંઈ જ કરી શકીએ એમ નથી. પરતુ હમણાની પૂરી થયેલી સત્યાગ્રહની લડત જોતાં એ વસ્તુ ખોટી ઠરી છે. તેનું કારણ એ છે કે એક તપસ્વી, સંયમી અને ચારિત્ર્યપાત્ર વ્યક્તિ તેની પાછળ આજથી ૨૦ વર્ષથી પ્રયત્ન કરી રહી હતી. વાણીથી, ભાવનાથી, અને વર્તનથી તેમણે તે વાતાવરણ દેશના ખૂણે ખૂણે ફેલાવી દીધુ. અને વીસ વર્ષની ભારે ધીરજ અને તીવ્ર તપશ્ચર્યા પછી દેશે એ વાતાવરણને ઝીલ્યુ અને કોઇ ન સમજી શકે એવું બળ બતાવ્યું. જે સ્ત્રીઓ ઘરનો ખૂણો મૂકી ક્યાંય ન જનારી તેઓમાં પણ એ વાતાવરણે પ્રવેશ કરી અપૂર્વ ચૈતન્ય આણ્યું.

કહેવાનું એ છે કે જે લોકો દીક્ષાના હિમાયતીઓ છે તેઓ ખૂબ ધીરજપૂર્વક દીક્ષા માટેનું વાતાવરણ જમાવે. દીક્ષા એટલે ખરો ત્યાગ, નિસ્વાર્થ સેવાભાવ, ખરી અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ,

ઓછામાં ઓછી હાજતો, ઇંદ્રિયનિગ્રહ, વાસનાઓનો જય, દેશકાળનું ભાન, અને તે સાથે સર્વ પ્રાણી પ્રત્યેના સમભાવની ખીલવણી.

દીક્ષાના હિમાયતીઓ પોતાના વર્તન દ્વારા ઉપરના ગુણોને સાધી બતાવશે, તે ગુણોનો જીવન સાથેનો સંબંધ જોડી બતાવશે, તે ગુણો સિવાય જીવનનો વિકાસ નથી તે સિદ્ધ કરી આપશે, અને ધીરજ રાખીને માત્ર સયમનું વાતાવરણ ઉપાશ્રયના આકાશના એકે એક પ્રદેશમાં ચારેકોર પ્રસરાવવા કટિબદ્ધ થશે ત્યારે સયમની કિંમત સમજનાર માબાપો પોતે સંયમ ધારણ કરશે અને ખરો સંયમ ધારણ કરતાં બીજા કોઈને પ્રતિબંધ નહિ કરે.

અત્યારે તો જે ધર્મસ્થાનકો કહેવાય છે ત્યાં પણ ત્યાગનું વાતાવરણ મુદ્દલેય કળાતું નથી. ત્યાં પેઠા કે કષાય, કલહ, ધમાધમ, ધામધૂમ અને કહેવાતા ત્યાગીઓના બીજા અનેક પ્રકારના ભવાડા લોકોની આંખે આવે છે. જ્યાં જુઓ ત્યા છાપામાં, મંદિરમાં, ઉપાશ્રયમાં બધે એનું એજ વિષ ફેલાઈ રહ્યું છે. ઘડીકમા એવું સંભળાય છે કે અમુક સાધુ બૈરી લઈને નાસી ગયો, કોઈ સાધુએ બૈરી સાથે ફોટો પડાવ્યો, કોઈ સાધુની સ્ત્રી ઉપરની ચીઠ્ઠી પકડાઇ, કોઈ આચાર્યે પોતાના ચેલાની સાથે સૃષ્ટિવિરુદ્ધ પ્રવૃતિ કરી, કોઈ સાધુએ ક્યાંક પૈસા જમા કરાવ્યા, અમુક સાધુના પૈસા ડૂબ્યા વગેરે વગેરે. જ્યાં હરઘડીએ કાન ઉપર આવું જ અથડાતું હોય ત્યાં કયો એવો આંધળો મનુષ્ય હોય જે આવી હલકી ક્ષુદ્ર પ્રવૃત્તિમાં ફસાય ? અને ક્યાં એવાં મૂર્ખ માબાપ હોય જે આવી પ્રવૃત્તિવાળા વાતાવરણમાં જવા માટે પુત્રને અનુમતિ આપે ? એટલા માટે ખરી વાત એ છે કે જ્યારે દીક્ષાના વેશધારીઓ ત્રિકરણ અને ત્રિશુદ્ધિથી ભગવાનના ભેખને શોભાવશે, ત્યારે એમને આવી ધમાલનો અવકાશ જ નહિ રહે, છળકપટ નહિ કરવાં પડે, કોઈને ભગાડવો, સંતાડવો કે પૈસા દઇને ખરીદવો નહિ પડે.

ત્યાગની સુગંધી જ એવી છે કે જેથી તેમને આપોઆપ સ્વયંસેવકો મળતા જ રહેશે. પણ જો તેઓ ધીરજ સાથે શુદ્ધ વાતાવરણ

નહિ જમાવે અને માત્ર ચેલાની વૃદ્ધિ જ કરવા કે પોતાની ચાકરી કરવા માટે જ કે બીજી વાસનાઓથી પ્રેરાઈને દીક્ષા આપવાનો ઢોંગ કરશે તો તેમાં તેઓ નિષ્ફળ જવાના છે. અને ભગવાન મહાવીરનો ધર્મ લજવાશે તે તો જુદું !

દીક્ષાનો ઉમેદવાર જો પૂર્વે જણાવેલા સમ્યક્ત્વવાળો હોય તો તેણે માત્ર વેશ લેવા દોડાદોડી કરવાની જરૂર નથી, તે માતાપિતાની સેવામાં રહી તેમના ચિત્તને પ્રસન્ન કરી જો સાધના કરવા નીકળશે તો જ તે ફળીભૂત થવાનો છે. તેમના મનનું સમાધાન કરવા ભલે વરસોના વરસો સુધી તેમની સેવામાં રહેવું પડતું હોય તોપણ સુપુત્રે તેમ જ રહેવું જોઈએ અને તેમ રહેતાં રહેતા પણ તેણે પોતાનો ત્યાગભાવ વધારે ને વધારે કેળવવો જોઇએ. અહી ત્યાગભાવનો એ અર્થ નથી કે કોઈ જાતની જક પકડવી કે ધમાધમ કરવી પણ ઇંદ્રિયોનો નિગ્રહ કેળવવો, સ્વાદેન્દ્રિય તેમજ સ્પર્શેન્દ્રિય ઉપર જય મેળવવો, ચિત્તને સમભાવથી વાસિત કરવું અને નિસ્વાર્થભાવે માતા-પિતા તેમજ બીજાઓની સેવામાં પરાયણ રહેવું એ છે. ટૂંકામા નિસ્વાર્થ રીતે અને પોતાની અનેક હાજતો ઓછી કરીને સંયમને કેળવવો. આ પ્રમાણે રહે તો તે સંયમી જ છે પણ માત્ર વેશધારીને કોઈ સંયમી કહેવાનું નથી.

શાસ્ત્રમાં પણ માતાપિતાની મર્યાદા સાચવવા માટે આ જ વિધિ બતાવેલો છે. ઘણા એવું કહેવા નીકળે છે કે માતાપિતાની સેવા એ તો મોહ છે. ભગવાને પણ એ સેવા મોહથી જ કરેલી. તેમની દયા ખાવા સિવાય બીજું કાંઈ લખવું તે અસ્થાને છે. આપણા જેવાના વિકાસ માટે તો ભગવાન મહાવીરના જેવો મોહ અવશ્ય કર્તવ્યરૂપ છે.

કોઈ મંગળ કાર્ય કરતા પહેલાં કાંઈ અમંગળ ન થાય એ માટે ખાસ ચીવટ રાખવી જોઇએ. દીક્ષારૂપ માગલિક પ્રવૃત્તિ કરતા પહેલાં જેઓ કુટુંબ, માતાપિતા કે સમાજનો દ્રોહ વહોરી લે છે તેઓ દીક્ષા લઈને શું ઉકાળવાના છે એ સમજાતું નથી.

વસુદેવ હિન્ડીમાં શિવકુમાર નામના રાજકુમારનું એક આખ્યાન છે. તેમાં શિવકુમારને વૈરાગ્ય થયાની હકીકત લખેલી છે. વૈરાગ્યથી પ્રેરિત થઈને પ્રવ્રજ્યા લેવા માટે શિવકુમારે માતાપિતા પાસે તેમની અનુમતિ મેળવવાનો પોતાનો વિચાર વ્યક્ત કર્યો. માતાપિતા તેને વાત્સલ્યને લીધે છોડી ન શક્યા. તેથી તે શિવકુમાર એક શ્રમણોપાસકના સમજાવવાથી વૈરાગ્યભાવને જાગતો રાખી માતાપિતાની સેવામાં જ રહ્યો. અને તેજ રીતે તેણે પોતાનું આખું જીવન પૂરું કર્યું.

આચાર્ય હરિભદ્રે પોતાના અષ્ટકમાં કહેલુ છે કે પ્રવ્રજ્યાનું પ્રારંભ મંગળ ગુરુજનોની સેવા છે.

જે માણુસ ધર્મનો અને ગુરુજનોનો પૂજક છે તેજ માણુસ કૃતજ્ઞ છે અને શુદ્ધ ધર્મનો ધારક છે.

ભગવાન મહાવીરની માતાપિતાની ભક્તિનો ઉલ્લેખ કરનારા જૈનાચાર્યો લખી ગયા છે કે ભગવાને માતાપિતા જીવતાં સુધી પ્રવ્રજ્યા ન લેવાનો અભિગ્રહ લીધેલો તે એટલા માટે કે બીજાઓ પણ તેનું અનુકરણ કરે અને માતાપિતા તરફ બહુમાન રાખે. આ હકીકત પર્યુષણપર્વમાં કલ્પસૂત્રની ટીકામાં આપણે રોજ સાંભળીએ છીએ; છતાંય એ વિચારવાની વાત છે કે કેટલાકોએ ભગવાનની માતાપિતાની ભક્તિને મોહને નામે વગોવેલી છે.

પચસૂત્રમા આચાર્ય હરિભદ્રનો કહેવાનો સાર એ છે કે માતાપિતાને ઉપતાપ પમાડીને પ્રવ્રજ્યા લેવી એ પ્રવ્રજ્યા પ્રતિપત્તિમાં મોટું વિઘ્ન છે માતાપિતાને પજવીને પ્રવ્રજ્યા લેવી એ ખરી રીતે ખરો ઉપાય નથી. તેમને સમજાવવા પ્રયત્ન કરવો અને વેશ લેવા માટે ઉતાવળ ન કરવી.

માતાપિતાની સેવામાં રહેનારો અને સંયમ કેળવનારો શિવકુમારની પેઠે સયમી જ છે એમાં લેશમાત્ર સંશય નથી.

આ પ્રમાણે જૈનશાસ્ત્રમાં માતા અને પિતાની મર્યાદા વિષે આવા અનેક ઉલ્લેખો ઠેકઠેકાણે સ્પષ્ટરૂપે મળે છે. તેનાં ઉદાહરણો

આપણા શાસનનાયક ભગવાન મહાવીર અને કેવળજ્ઞાની કૂર્માપુત્રનાં ચરિત્રોમાં પણ મળે છે જ તોપણ જેઓ એમ કહેવા નીકળ્યા છે કે માતાપિતાની સેવા એ મોહરૂપ છે તેઓ શાસન મર્યાદાના રક્ષક છે કે ભંજક છે એ સમજાતું નથી.

જૈનધર્મના અંગસૂત્રોમાં અનેક દીક્ષા લેનારાનાં ચરિતો નોંધાયેલાં છે. જેવાં કે મેઘકુમાર, યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, જમાલી, મૃગાપુત્ર, શૈલક, તેયલી અને થાવચ્ચાપુત્ર વગેરે. આ બધા દીક્ષા લેનારાઓએ ક્યાંય નાસભાગ કરી હોય કે તેમને સતાડવામાં આવ્યા હોય એવુ કશુંય તેમને માટે બન્યુ નથી.

દીક્ષાનો ઉમેદવાર પોતાના માતાપિતા પાસે આવીને પોતાનો વિચાર દર્શાવે છે અને દીક્ષા માટે અનુમતિની પ્રાર્થના કરે છે ત્યારે પહેલાં માતાપિતા તેમને સમજાવે છે, દીક્ષાની દુષ્કરતાનો આબેહૂબ ખ્યાલ આપે છે અને પોતાનું વાત્સલ્ય પણ ખૂબ બતાવે છે. પણ પછી પુત્રનો દૃઢ વૈરાગ્ય જોઈને તેને ભગવાન મહાવીર પાસે લઈ જઈને માતાપિતા કહે છે કે "હે ભગવન્! આ અમારા એકના એક પુત્રને દૃઢ વૈરાગ્ય થયો છે માટે આપને અમે એની શિષ્યભિક્ષા આપીએ છીએ તો આપ એને સ્વીકારો અને એનુ હિત થાય તેમ કરો." આટલું કહ્યા પછીજ ભગવાન મહાવીર તેને પ્રવજિત કરે છે. આવા અનેક ઉલ્લેખો આગમોમાં દીક્ષા લેનારના ચરિતોમા ઠેકઠેકાણે આજે પણ હયાત છે. પણ કોઈ માતાપિતાથી છૂપી રીતે ભાગ્યો હોય અને ભગવાને તેને પ્રવજિત કર્યો હોય એવો એક પણ દાખલો અંગોમાં તો મળતો નથી.

જ્ઞાતાસૂત્રમાં યુધિષ્ઠિર અને અર્જુન વગેરે કુન્તિ માતાની અનુમતિ લે છે એથી સ્પષ્ટ માલુમ પડે છે કે પૂર્વના લોકો માતાપિતા અને કુટુંબ તરફની પોતાની મર્યાદાઓ કેટલી બધી સાચવતા હતા. ખબર નહિ કે આપણે આજે માતા પિતા અને કુટુંબ તરફ આટલા બધા દ્રોહી કેમ થઈ ગયા છીએ? તે પૂર્વના પ્રવજ્યાના ઉમેદવાર

સુપુત્રો માતાપિતાના કેટલા બધા ભક્ત હતા તેનો ખ્યાલ નીચેનાં એક બે ઉદાહરણોથી આવી જશેઃ—

તીવ્ર વૈરાગ્યવાળા મેઘકુમારને જ્યારે તેની માતાએ તેનો રાજ્યાભિષેક કરવાનું કહ્યું ત્યારે તેણે ખુશીથી સ્વીકાર્યું અને પછી જ પ્રવ્રજ્યા સ્વીકારી.

જંબુકુમારને તેની માતાએ દીક્ષા લેતા પહેલાં વિવાહ કરવાનું કહ્યું તે પણ તેમણે સ્વીકાર્યું અને પછી જ દીક્ષા લીધી. ત્યારે આજના સુપુત્રો બિછાના ઉપર પડેલી સાઠ વર્ષની માતાની સેવાથી કંટાળીને દીક્ષા લેવા દોડે છે. એવો તે ક્યો તેમનો ઉત્કટ વૈરાગ્ય હશે ? દીક્ષા લઈને પેટ ભરવું છે, એશઆરામ કરવો છે કે કલ્યાણ કરવું છે તે સમજાતું નથી. જો કલ્યાણ જ કરવું હોય તો તે વૃદ્ધ માતાની સેવા શા માટે ખૂવે ?

એક જૈનાચાર્ય પોતાની નિરાધાર જેવી માતાને છોડીને દીક્ષિત થયેલા. તેની માતા કમોતે મરી ગઈ એ મેં જ્યારે સાભળ્યું ત્યારે એવો વિચાર થયો કે આવુ માતાનું દ્રોહ કરનારું આચાર્યપણું મેળવવા કરતાં માતાની સેવા કરવી તે સો દરજ્જે સારું છે.

જ્યારે પૂર્વપુરુષોએ માતાપિતાને અને પત્નીને સમજાવીને તેમની અનુમતિ મેળવવા પ્રયાસો કરેલા છે એવા ઉલ્લેખો સૂત્રોમાં સ્પષ્ટ મળે છે ત્યારે આજના ખરી દીક્ષાના ઉમેદવારો એમનું અનુકરણ કેમ ન કરે ?

કહેવાનુ એ છે કે સૂત્રોમાં વર્ણવાયેલા દીક્ષાના ઉમેદવારોમાંના કોઈને તેમની શિષ્યભિક્ષા મળ્યા વિના પ્રવ્રજ્યા આપવામાં આવી નથી અને કોઈએ અત્યારના દીક્ષાના ઉમેદવારો કરે એવો માતાપિતા કુટુંબ કે સમાજનો દ્રોહ કરીને પ્રવ્રજ્યા લીધી પણ નથી. એવું હોવાથી જ તેઓ તરી ગયા છે અને અત્યારના ઉમેદવારો એવા ન હોવાથી તેમનાં નાટકો આપણને જોવા મળે છે.

વર્ધમાનસૂરિ જણાવે છે કે જેનું સમ્યક્ત્વ શુદ્ધ છે, અને બાર વ્રતો જેણે નિર્મળ રીતે પાળ્યાં છે, જેનો ભોગાભિલાષ પૂરો થઈ

ગયો છે, ગાર્હસ્થ્યના મનોરથો જેના ફળી ચૂકયા છે, પરમ વૈરાગ્ય વૃત્તિથી જે વાસિત છે, શાન્તરસમાં જે નિમગ્ન છે, જે કુલના વૃદ્ધો, પુત્રો, અને સ્વામિ વગેરેની અનુજ્ઞા પામેલો છે અને પ્રવ્રજ્યા લેવા માટે ઉત્સુક થયેલો છે તે સર્વ પ્રકારે બ્રહ્મચર્યનું વ્રત લેવા યોગ્ય થાય છે.

જ્યારે એક માત્ર બ્રહ્મચર્ય માટે સાધારણ રીતે આટલી યોગ્યતાની અપેક્ષા શાસ્ત્રકાર બતાવે છે ત્યારે મેરુ જેવા મહાભારે એવાં પાંચ મહાવ્રતો પાળવા માટે યોગ્યતા હોવીજ જોઈએ એમાં તો કહેવું જ શું?

પૂર્વોક્ત આચાર્ય એમ લખે છે કે જે વ્યક્તિ દીક્ષાનો ઉમેદવાર છે તે ઉપરની યોગ્યતા સાથે એક માત્ર પ્રયોગની ખાતર ત્રણ વર્ષ દીક્ષિતના જેવું જીવન ગાળે એટલે કે સર્વથા બ્રહ્મચર્ય પાળે, સ્વાધ્યાયમાં પરાયણ રહે, મૌનધર્મ સાચવે, નિર્વદ્ય આહાર બીજાને ઘેરથી લે, માત્ર લાજ ઢાંકવા માટે મુંજના કદોરાવાળું કૌપીન રાખે, શૃંગાર માટે કદી ભૂષણ ન પહેરે તેમજ અંગસંસ્કાર ન કરે અને ઓઢવા સિવાય બીજું કપડું પણ સાથે ન રાખે અને જિન ભગવાનની ત્રિકાળ ઉપાસના કરે. આ રીતે ત્રણ વર્ષ સુધી તે ક્ષુલ્લક દીક્ષા માટેની પણ પોતાની યોગ્યતા મેળવે. જો તે બરાબર તેમાં સફળ થાય તો પછી ક્ષુલ્લક દીક્ષા લે અને તે પણ ત્રણ વર્ષ સુધી પ્રયોગમાં મૂકે અને તેમાં સફળ થયા પછી ભગવાન મહાવીરની ભાગવતી દીક્ષાનો અધિકારી થાય.

આ જાતનો સામાન્ય નિયમ દીક્ષાના અધિકારી માટે મૂકેલો છે. બીજા કેટલાક ગ્રંથોમાં દીક્ષાના અધિકારીની કસોટી કરવાની અમુક જાતની પરીક્ષાઓ બતાવી છે. તો આ પ્રકારના સાધારણ ધોરણને માન્ય ન રાખી અત્યારે જે એકાએક, ચૂપચાપ, ભગાડીને, સંતાડીને કે ખરીદીને અપરિપક્વ બુદ્ધિની વ્યક્તિને દીક્ષા આપવાનો જે અપવાદ કરવામા આવે છે તેનું કારણ કશું સમજાતું નથી. શાસ્ત્રમાં ઉત્સર્ગ અને અપવાદ બન્ને માર્ગો છે એ વાત ખરી છે,

પણ અપવાદનો ઉપયોગ ક્યારે અને કેમ કરવો અને અપવાદનો ઉપયોગ કરનાર અધિકારી કેવો હોય એ વિચારવું ઘટે.

પંચસૂત્રમાં આચાર્ય હરિભદ્રે લખેલું છે કે પૂર્વોક્ત ગુણસંપન્ન મનુષ્ય પૂજ્ય માતાપિતાની અનુમતિ લઈને નીકળે, તેમનો દ્રોહ ન કરે. અદ્રોહની પ્રવૃત્તિમાં પહેલો દ્રોહ કરવો તે વિઘ્નરૂપ છે. માતાપિતાની અનુમતિ લેતા પહેલા તેમને સમજાવે; તેમની અને કુટુંબની વ્યવસ્થા કરે.

આ બધુ જો દીક્ષા લેનાર ધીરજથી કરે તો માતાપિતાની સંમતિ ન મેળવી શકે એવું ભાગ્યે જ બને. ઉતાવળે કાંઈ આંબા પાકતા નથી. દીક્ષા લેનારે ધીરજ તો કેળવવીજ રહી. એ માટે તો દીક્ષા લે છે. જો તે ઉતાવળો થઈને દીક્ષાના બ્હાને ધમાધમ કરશે તો તે કોઈ રીતે શ્રેય સાધી શકવાનો નથી.

કેટલાકો કહે છે કે જો માતાપિતા રજા ન આપે તો દીક્ષા લેનારે ઢોંગ કરવા, ખોટું બોલવુ, કપટ કરવુ, જેમ તેમ કરી ઘરમાથી નીકળી જવુ એમ શાસ્ત્રમા કહેલુ છે. પણ વિચાર કરતા એ વસ્તુ સંગત માલુમ પડતી નથી.

જે માણસને ઢોંગ છોડવા છે, અસત્યનો ત્યાગ કરવો છે, અને કપટને કોરે મૂકવુ છે તે માણસ પાસે ઢોંગ કરાવવા, અસત્ય બોલાવવું, અને કપટ કરાવવું એ પ્રસ્થાન કરતાં જ શુકનને માટે નાક કપાવવા જેવુ છે એ લખનાર શાસ્ત્રકાર એમ નહિ સમજેલા કે તેમના આ લખાણનો ઉપયોગ લેભાગુ ગુરુઓ વેશધારીઓનુ ટોળું જમાવવામાં કરશે. અથવા તે શાસ્ત્રકારે જે સમયમા લખ્યુ તે સમય હવે રહ્યો નથી. હવે સમય બદલાયો છે એટલે તે લખાણ, અઢારમી સદીમાં લખાયેલો દસ્તાવેજ ફેરવ્યા વિના જેમ ચાલતો નથી તેમ, અત્યારે ચાલી ન શકે.

શાસ્ત્રકાર પોતે પણ કહે છે કે કેટલાક મંદ ધર્મીઓ આર્યરક્ષિતનો દાખલો લઈને શિષ્યચોરીની હિમાયત કરે છે. એવા તે હિમાયતીઓ ભગવાનના શાસનનો ઉચ્છેદ કરે છે એમ સમજતા નથી.

કહેવાનું એ કે શાસ્ત્રકાર પોતે પણ અપવાદનો ઉપયોગ કરવાનું કહેતાં કેટલા સાવચેત રહે છે.

એક તો અત્યારે ઉત્સર્ગમાર્ગનો લગભગ લોપ જ થયો છે અને સયમ સૌ કાણુંવાળી ચારણી જેવો અનેક અપવાદોથી પ્રવર્તતો દેખાય છે. તેમા પણ જો આવા મૂળ ગુણોનો નાશ કરનારા અપવાદો કરવામાં આવે જેનાથી સંઘમાં વિક્ષેપ, સમાજમા કલહ, ધર્મની ફજેતી વગેરે થઈ રહ્યાં છે, તો સયમ અને ધર્મ માટે સ્થાન ક્યાં રહેશે ?

કાલે ઊઠીને આ અપવાદને અવલબીને કોઈ એમ કહેશે કે અમે છોકરીઓને, બૈરીઓને ભગાડશું; શૈલિક ઋષિએ જેમ દારૂ પીધેલો તેમ દારૂ પણ પીશુ; સ્થૂલિભદ્ર વેશ્યાને ત્યાં ગયા તેમ પ્રતિબોધ કરવા વેશ્યાને ત્યાં પણ જઈશુ, અષાઢભૂતિની જેમ નાટકો પણ કરીશું. તો તેઓ આપણા દેશમા સાધુ સન્યાસી તરીકે રહી શકે એવું લાગે છે ?

અપવાદનો ઉપયોગ કરનારમાં ચારિત્રનું તેજ, બ્રહ્મચર્યની ઉત્કટતા મરણાન્તે પણ સત્યનો અત્યાગ, નિસ્વાર્થવૃત્તિ આ બધા ગુણો ખીલેલા હોય અને જો તેને એમ લાગે કે અપવાદ કર્યા વિના આરો જ નથી તો તે કાલિકાચાર્યની પેઠે અપવાદ જરૂર કરી શકે ખરો. પણ લેભાગુ અને વેશધારી સાધુઓ અપવાદ કરવા માંડે તો જૈનધર્મ વગોવાય એમાં શુ કહેવું ?

ધારો કે જે સાધુ અત્યારે વિદ્યમાન છે તેઓ દીક્ષાની પ્રવૃત્તિ બંધ પાડે, પોતપોતાનો પરસ્પર સુધારો કરે, શાસ્ત્રાભ્યાસ વધારે, સંયમની સાધનામા તત્પર થાય અને આજથી પાંચ વર્ષ સુધી કોઈ શિષ્યને ન મુંડે તો શું ખોટ જવાની છે ? શું વીતરાગનો વંશ જવાનો છે ? ભલા ! વીતરાગને વશ હોય પણ ખરો ?

આપણે ત્યાં ધર્મની ગાદીઓ કે જમીનો નથી કે જેને માટે વારસો ઊભા કરવા જ જોઈએ.

એ પરમાર્થી દીક્ષા દેનારાઓ એમ કહેશે કે પાંચ વર્ષ ખાલી

જવા દઇએ તો જગતનું અકલ્યાણ થશે તો હું તેમને વિનંતી કરું છું કે ભલે જગતનું અકલ્યાણ થાય. તો પછી જગત આખું આપોઆપ દીક્ષામાં ભળી જશે. એકવાર અખતરો થઇ જવા દેવો જોઇએ. એથી માલુમ પડશે કે મુંડયેથી કલ્યાણ છે કે અકલ્યાણ?

અંગ્રેજો કહે છે કે જો અમે નહિ હોઇએ તો હિંદુસ્થાનમાં બીજો કોઈ પેસી જશે અને દેશ ખુવાર થઇ જશે, પઠાણો આવશે, હિંદુઓ અને મુસલમાનો લડી લડીને મરી જશે. જેટલું આ ખોટું છે તેટલીજ સાધુઓની કલ્યાણની દલીલ ખોટી છે. સાચી હોય તો અખતરો થવા દે. લોકો એની પરીક્ષા કરી લેશે.

કહેવાનો આશય એ છે કે દીક્ષાના ધોરી માર્ગ સિવાય બીજા કાંટાવાળા માર્ગનું આલબન લઈ દીક્ષા આપવી તે નર્યું ગેરવાજબી છે, શાસ્ત્રથી વિરુદ્ધ છે; અને ભગવાન મહાવીરના શાસનને કલંકરૂપ છે. અને આગળ જણાવ્યા પ્રમાણે અપવાદ કરવાનું કશું કારણ પણ જણાતું નથી.

આગળ જે કહ્યું તે બધુ શાસ્ત્રની મર્યાદામા રહીને કહેવાયું છે. તેમાં કોઈ વસ્તુ સંક્ષેપ–વિસ્તારથી ભલે કહેવાણી હોય પણ મુખ્ય આધાર તો શાસ્ત્રપ્રમાણનો જ છે. એથી જેમનામાં થોડી પણ વિચારશક્તિ છે અને શાસ્ત્ર પ્રત્યે સદ્ભાવ છે તેવા ભાઇઓ અને બહેનો સ્પષ્ટ સમજી શકશે કે આ નાશભાગ કરીને–કરાવીને અપાતી દીક્ષા, માતાપિતા અને કુટુંબીઓને રોવડાવીને અપાતી દીક્ષા, બીજી લાલચો અને વેચાણખત કરી આપીને અપાતી દીક્ષા, અને જેઓ ઉમરે મોટા છતાં પોતાના કર્તવ્ય વિષે કશું સમજતા નથી એવાઓને અપાતી દીક્ષા શાસ્ત્રથી તદ્દન વિરુદ્ધ છે. તેને શાસ્ત્રના કોઈપણ પાનામા સ્થાન નથી.

જેઓ શાસ્ત્રના નામે તેને ચલવે છે તેઓ શાસ્ત્રના પૂજક નથી, શાસ્ત્રને સમજતા નથી અને તેમને શાસ્ત્ર કે દીક્ષાની પરવા કરતાં તેમના આરામ અને સત્તાની પરવા જ માલુમ પડે છે.

એ દીક્ષા આપનારાઓમાં કેટલાય આચાર્યો કહેવાય છે, કેટલાય પંન્યાસો કહેવાય છે. પણ તેઓ બધાની સ્થિતિ આપણા માટે દયા ખાવા જેવી છે. એ માટે આ એક જ ઉદાહરણ બસ થશે.

તમે સૌ વરસોવરસના પર્યુષણમા કલ્પસૂત્ર સાંભળતા આવ્યા છો. તેમાં આવે છે કે ભગવાન મહાવીરે પોતાના માતાપિતાની ભક્તિ—સેવાને માટે જ ગૃહસ્થાશ્રમના ત્યાગનો વિચાર બાહ્યદષ્ટિએ મોકુફ રાખેલો; અંતર તો તેમનુ ત્યાગી હતુ છતાંય વેશપલટો ન કર્યો તે એટલા માટે કે તેમના શાસનમા બધા લોકો તેમના આ પગલાનુ અનુકરણ કરે અને માતાપિતા તેમજ કુટુબીઓને માત્ર વેશપલટા માટે ન રીબાવે

આના ઉપર કેટલાક તાર્કિકપ્રખરો તર્ક કરે છે કે આપણા ઉપર માતાપિતાનો ઉપકાર શેનો ? માતાપિતાએ આપણા માટે શુ કર્યુ ?

આ પ્રશ્નનો બરાબર જવાબ કીર્તિવિજયજીએ પોતાના વિચારરત્નાકરમા જાણે ભવિષ્યમાં આવા તાર્કિકપ્રખરો માતાપિતાનો દ્રોહ કરવા નિકળી પડશે એમ જાણીને જ ન આપ્યો હોય એમ લાગે છે તે માટે આપ સૌ કીર્તિવિજયજીના વિચારરત્નાકરમા આવેલા સ્થાનાઙ્ગ સૂત્રનો અધિકાર જોઇ શકો છો.*

માતાપિતાની ભક્તિ વિષે ભગવાન મહાવીરની મર્યાદા આવી ઉત્તમ કોટીની હોવા છતા વર્તમાન વેશધારીઓએ એ માટે શુ લખ્યુ છે તે વાંચો.

---

* इह हि जगद्गुरुणा श्रीवर्द्धमानस्वामिनाऽप्यनुमतयोः परमोपकारिणो-र्मातापित्रोर्भक्त्यतिशयाय धर्मावबोधादिशुभोदर्काय च सर्वथा यतनीय प्राज्ञैः। न च वाच्यं स्वस्ववेदविक्रियोपशमनाय प्रवृत्ताभ्यां ताभ्यां महीजलसंयो-गोत्पन्नतृणन्यायेन कर्मवशादुत्पन्नाय प्राणिने किमुपकृतमिति ?। तदनन्तरमपि धारणपालनपोषणवात्सल्याद्यनेकोपकारकारित्वादशक्यप्रत्युपकारत्वमेव तयोः। न चेदं लौकिकमेव, आगमेऽपि।

विचाररत्नाकर पृ० २५

"શ્રી. મહાવીર મહારાજનો અભિગ્રહ સંવરરૂપ નથી પણ આસ્રવરૂપ છે. તો પછી તેવા આસ્રવરૂપ અભિગ્રહને ઉપોદ્દય ગણવાની હઠ કરવામાં ધાર્મિકપણાની સ્થિતિ કેટલી ગણાય?"

આ ઉપરથી એ વેશધારીઓ શાસ્ત્રને કેવા ખોટા અર્થમાં મૂકે છે, ખોટું સમજાવે છે, અને શાસ્ત્રનો કેટલો દ્રોહ કરે છે તે સમજાશે. જે જગ્યાનો એમણે પાઠ ઉતારેલો છે તે જગ્યાએ શાસ્ત્રકારે કહ્યું છે બીજું અને આ વેશધારીઓ સમજાવે છે બીજું.

અમદાવાદથી નીકળેલા એક હેન્ડબીલમાં આવા કેટલાય શાસ્ત્રના પાઠના અનર્થો કરી બતાવવામાં આવ્યા છે. જે હેન્ડબીલ કોઈ વેશધારીએ પોતાનુ નામ માણેકલાલ વાડીલાલ રાખીને સૂર્યપ્રકાશ પ્રેસમા પ્રકાશિત કરાવ્યુ લાગે છે.

શરૂઆતમા અમે કહી ગયા છીએ કે શાસ્ત્રના નામે ઉપર પ્રમાણે જે ભ્રાન્તિઓ ફેલાવવામાં આવી છે અને આવે છે તેને દૂર કરવા માટે જ શાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે. હવે એનો સમય–ધર્મની દૃષ્ટિએ વિચાર કરી લઈએ.

સમયધર્મની દૃષ્ટિએ દીક્ષાની પરીક્ષા

સમયધર્મ એવો બળવાન છે કે તેના સપાટાથી કોઈ બચી શકતુ નથી. અવતારી પુરુષો, વીતરાગપુરુષો, તીર્થકરો સુદ્ધાંય સમયધર્મને ઓળંગી શક્યા નથી. તો બિચારું શાસ્ત્ર તો તેની મર્યાદા કેમ તોડી શકે?

શાસ્ત્રનો અર્થ અમુક કાળને અંગે થયેલા ઉપયોગી વિચારોની શબ્દગૂંથણી. કાળ બદલાયો કે એ શબ્દગૂંથણી બદલાઈ જ જવી જોઈએ

કદાચ કોઈ શાસ્ત્રઘેલો એને બદલવાની આનાકાની કરે તો શાસ્ત્રના એ શબ્દો પાનામાં જ પડયા રહે પણ તેનો વ્યવહાર તો ન જ થઈ શકે. વ્યવહાર તો સમયધર્મ ઉપર જ ચાલે છે. એટલે જે શાસ્ત્ર સમયધર્મ ઉપર જ ચાલે છે એટલે જે શાસ્ત્ર સમયધર્મ પ્રમાણે નહિ બદલાયું તે અવ્યવહારુ થયું એટલે તે નકામુ થયું.

(૧) જુઓ તો ખરા. સાધુઓનો અત્યારે જે ટાપટીપવાળો અને ભભકાદાર વેશ છે તે શું પહેલાં હતો?

(૨) સાધુઓ જે કોઈનું મન મોહી જાય એવા ફોટાઓ પડાવે છે તેવા ફોટાઓ તેમના કોઈ પૂર્વજોએ પડાવેલા ખરા ? કે ચિત્રો દોરાવેલાં ખરાં ?

(૩) સાધુઓ અત્યારે જે જાતનાં રગીન, ચળકતાં અને બહુમૂલ્ય પાતરાં રાખે છે તે શું પહેલાં હતાં ?

(૪) સાધુઓ ગૃહસ્થો પાસે આગમો ભણે છે તેમ તેમના વડવાઓએ કરેલું ખરુ ?

(૫) સાધુઓ પોતાની ગદફીથી લોકોને જે ત્રાસ આપી રહ્યા છે તેવો ત્રાસ પહેલાં આપેલો ખરો ?

(૬) સાધુઓને ખંભે સૉ સૉ અને દોઢસૉ રૂપિયાની કામળીઓ લટકે છે તેવી કોઈ તેમના પૂર્વજોએ લટકાવી હતી ખરી ?

(૭) સાધુઓને જે માદક વ્યસનો છે તે પહેલા તેમના કોઈ વડવાઓને હતાં ખરાં ?

(૮) હરી ફરી શકે એવા સાધુઓ નિયતવાસ સેવે છે, કપડાંના ભડારો રાખે છે, પોતાના ખાતે પૈસા જમે કરાવે છે અને તેમના તાર ટપાલ તો વેપારીથી પણ ચડી જાય છે. શુ તેમના પૂર્વજો આવું કાંઈ કરતા ખરા ?

(૯) પોતાના આહારમાં સાધુઓ નિત્યપ્રતિ ઘી, દૂધ, મલાઈ અને શરીરને વધારે પુષ્ટ બનાવવા માટે ચદ્રોદય, મકરધ્વજ, મૌક્તિક વગેરે લેતા દેખાય છે તે રીતે તેમના પૂર્વજોએ લીધેલાં ખરાં ?

શુ આ બધી સાધુઓની રહેણીકરણી શાસ્ત્રીય છે? કે અશાસ્ત્રીય છે?

ખરી વાત તો એ છે કે એ બિચારા સમયધર્મને વિચારપૂર્વક ન અનુસરી શક્યા પણ સમયધર્મે જ એમના ઉપર એવો સપાટો ચલાવ્યો કે જેથી તેઓ આવા પામર બની ગયા. એમની રહેણીકરણીમાં જે ફેરફાર થઈ ગયા છે તે ભલે તેમના ઘાતક હોય પણ તેમાં કાળબળ કારણુ છે એમ માન્યા વિના છૂટકો જ નથી.

શક્તિ, અધિકાર અને માનસિક સ્થિતિ તપાસ્યા વિના ત્યાગને:

જે બોજો ઉપાડવાનો દેખાવ કરવામાં આવે છે તેનું પરિણામ બીજું શું આવી શકે?

પરવશપણે સમયને–કાળને વશ થવા કરતાં વિચારપૂર્વક વશ થવાય તો પરિણામ ઘણું સારુ આવે એમાં શકા નથી.

પહેલાં જે લોકો દીક્ષા લેતા હતા તે વખતે તેમની સામાજિક પરિસ્થતિ જુદી હતી. અત્યારે દીક્ષા લેનારાઓની સામાજિક પરિસ્થિતિ જુદી છે.

પહેલાં આવું લુટારુ પરરાજ્ય ન હોવાને કારણે આપણે દેખીએ છીએ તે કરતાં દેશ વધારે આબાદ હતો, સમૃદ્ધ હતો, લોકો સુખી હતા અને ઉદાર પણ હતા. હવે દેશ આબાદ નથી, દેશમાં ખાવાના સાસા છે, દારિદ્યનો પાર નથી.

આવે વખતે બધુ કામકાજ છોડી દઈને બીજા ઉપર બોજો નાંખવો સારો છે કે બીજાના બોજામાં ભાગ પડાવવો એ સારું છે? જો કે બીજા ઉપર બોજો નાંખીને ખાવાપીવાનું મેળવવું અને માળા ફેરવ્યા કરવી એ વાત મનને ગમે તેવી છે. એ કામ અશકતો સિવાય બીજા કરે એ દેશને પાલવે એવું નથી.

મજબૂત બાંધાના માણસો જો એવું કામ લઈ બેસે તો તેમાં તેમનું આળસ વધવા સિવાય અને દેશમાં એવો આળસ વધારનારો ચેપ ફેલાવવા સિવાય બીજું પરિણામ જણાતુ નથી.

પ્રત્યેક ધર્મના ગુરુઓની સ્થિતિ જોતાં આપણે આ વસ્તુ પ્રત્યક્ષ કરી શકીએ એમ છીએ નહિતર હિંદુસ્થાન લાખો સાધુઓનું સ્થાન હોવા છતા આટલુ આળસુ કેમ થાય? પરતત્ર કેમ થાય? અને આટલું સ્વાર્થી કેમ બને?

જો એ સાધુ ખરેખરા સાધુ હોય તો આવું ન જ બનવુ જોઇએ. પણ એ બધામાં મોટો ભાગ પેટસાધુઓનો હોવાથી આપણે આ દશા ભોગવીએ છીએ. એટલે હું તો સમયધર્મ જોતાં એવી સલાહ આપી શકુ કે ઓછામાં ઓછા પાચ વર્ષ સુધી કોઈ દીક્ષા ન લ્યે તો દેશને, સમાજને કે ધર્મને કશો ટોટો આવવાનો નથી.

દીક્ષા તો અત્યારે રાષ્ટ્રીય સ્વયસેવકોની છે. જો એવી દીક્ષા લેવામાં આવે તો આપણે આપણી ગુલામી હાંકી શકીએ અને સત્યના પંથે બરાબર ચડી શકીએ.

દેશની બેકારી, ભૂખમરો અને બેહાલપણું જોતાં પોતાનો બોજો બીજા ઉપર નાંખીને જે માળા ફેરવવાનું મન કરે તે શું સમજુ કહેવાય ?

રાષ્ટ્રીય દીક્ષા લેવાની હિમત ન હોય તો કાંઈ નહિ પણ પોતાની તુદનો બોજો બીજા ઉપર ન નખાય તો યે ઘણુ છે.

વળી સાધુઓ પેટભરીને બેસતા હોય તોય ઠીક પણ આ તો જેમ રાજાઓ પોતાના ભોગવિલાસ માટે પ્રજાને ચૂસે છે, તેમ આ સાધુ સંન્યાસીઓ પોતાના તરંગોને પોષવા માટે આંધળા ધર્મીઓને ચૂસ્યા જ કરે છે.

કોઇને ગ્રંથ લખીને પ્રતિષ્ઠા મેળવવાનો તરંગ થયો તો મોટા પગારવાળા પંડિતો રાખી લોકોના પૈસા બગાડે. પંડિતો પાસે પણ ગ્રંથો એવા લખાવે કે જેથી સમાજને, દેશને કે જેના પૈસા છે તેને લાભનો છાંટો પણ ન મળે.

હમણા હમણાં સાધુઓમાં આવો ચેપ ખૂબ દેખાય છે પંડિતો પાસે જે જાતનાં પુસ્તકો લખાવાય છે તે વિષયનું જેમને લેશ પણ જ્ઞાન નથી એવા આચાર્યો પણ ગ્રંથકાર થઇને આ સમાજમાં મહાલે છે. ખરી રીતે એમને ગ્રંથકાર તરીકે કોઈ ઓળખતુ પણ નથી.

કોઇને આચાર્ય થવાનો શોખ થયો તો ઉડાડવા માટે સમાજની ગીનીઓ તૈયાર જ છે. એવા તો મેં કેટલાય આચાર્યો જોયા છે જેઓએ પંડિતોને ગીનીઓ આપીને ફોસલાવ્યા છે. ગીનીઓ આપીને સહીઓ લેવા જતાં પંડિતોને એ ભવિષ્યના આચાર્યો તરફ તિરસ્કાર સાથે ગાળોનો પ્રવાહ વહેવડાવતા મે જોયા છે.

કેટલાય બિચારાઓએ વાણિયાના પૈસા બે ચાર નોકારશીમાં ખરચાવીને આચાર્યપદ લઈ લીધું છે. એમને કોઈ આચાર્યપદની વ્યુત્પત્તિ પૂછે તો ભાગ્યે જ કહી શકશે.

કેટલાને વળી ઉજમણાં, ઉપધાન વગેરેનો નાટક—સીનેમા જેવો રસ લાગ્યો છે. એમાં તેઓ સમાજના પૈસાનું પાણી કરતા અને પોતાના સંયમધર્મને નાશ કરતા અચકાતા નથી.

હમણાં હમણાં વળી ગુરુઓના મંદિરો, ગુરુઓની પાદુકાઓ અને ગુરુઓની મૂર્તિઓની પ્રથા, આપણા વિદ્યમાન આચાર્યોએ પોતાની મૂર્તિ બેસાડવા માટે કાઢી છે. પણ તેમને ખબર નથી કે તેમની અને મૂર્તિ ઉપર કાગડાઓ ઊડશે એવુ તે બધાનું વર્તન છે.

અત્યારે તો આંધળે બેરું કૂટાય છે પણ રશિયામાં જેમ પાદરીના હાલ થયા તેવા જ હાલ એ મૂર્તિઓના અને મંદિરોના થવાના છે એમાં સંશય નથી.

આ સિવાય બીજા એવાં ભયકર ખર્ચો છે, જે ખર્ચોને સમાજ નભાવી ન શકે. આવું દેશી રાજાઓની પેઠે સાધુઓનું ઉડાઉપણું જોતાં અને સંયમને બદલે નર્યો અસંયમ જોતાં એમ કહેવું અયોગ્ય નથી કે હવે આ સમય એમના જેવા બીજાઓને વધારવા માટે નથી.

આ હકીકત માત્ર જૈન સાધુઓ માટે જ નથી પણ હિંદુસ્થાનના તમામ સાધુ, બાવા, ફકીર, સંન્યાસી માટે છે. આ તો વાંચનારા જૈન છે એટલે તેમની સામે જૈનસાધુઓની રહેણીકરણીના ઉદાહરણો મૂકવામાં આવ્યાં છે.

વાત એટલી જ છે કે સમયધર્મ માનવો કે સર્વજ્ઞધર્મ માનવો એ છળવાળી દલીલ હવે નહિ ચાલે. કારણ કે સર્વજ્ઞધર્મ પણ સમયધર્મની મર્યાદાથી બંધાયેલો છે. જો ન બંધાયેલો હોય તો સર્વજ્ઞધર્મ કહેવાય જ નહિ. એટલે સમયધર્મ તરફ લક્ષ રાખીને વિચાર કરતાં માલુમ પડે છે કે વર્તમાન મુનિઓએ પોતાનુ વર્તન સમયધર્મને અનુસરીને રાખવું જોઇએ. એટલે કાં તો તેઓએ સ્વયંસેવક થવું જોઇએ, અથવા તો પોતાની જવાબદારી પોતાને માથે ભોગવતા થઇ જવું જોઇએ. અને ક્ષેમકુશળ જીવન વીતાવવું હોય તો હવે બીજા

વધારે વારસો ઊભા ન કરવા અને તે અખતરો ઓછામાં ઓછો પાંચ વર્ષ સુધી જરૂર ચલાવવો જોઇએ.

આ લખાણમાં કોઈ વ્યક્તિને લક્ષમાં રાખીને કશું લખવામાં નથી આવ્યું. માત્ર ચાલુ રહેણી કરણી, દીક્ષાની પ્રવૃત્તિની અવ્યવસ્થા અને એથી વધતો જતો સમાજ ઉપરનો બોજો એ બધું ધ્યાનમાં લઈને શાસ્ત્રીય દૃષ્ટિએ અને દેશકાળની દૃષ્ટિએ થોડાઘણા વિચારો દર્શાવવામાં આવ્યા છે. કોઈની લાગણી દુઃખવવાનો કે તમાસો કરવાનો જરાપણ ઉદ્દેશ નથી. વાચકો આ વિષેનું ઊંડુ મનન કરે અને કાંઇ ક્ષતિ માલુમ પડે તો જરૂર જણાવે.

સાત ક્ષેત્રની યોજનાનો સદુપયોગ.

સમાજ કે ધર્મના મુખ્ય પુરુષો સમાજના વિકાસ અને ધર્મની ઉન્નતિ માટે અનેક પ્રકારની યોજનાઓ કરી ગયા છે. તેમા આપણે ત્યાં પ્રસિદ્ધ એવાં સાત ક્ષેત્રની યોજના ખાસ મહત્ત્વની છે. જો કે તે વિષે અહીં બેઠેલાં બેનોએ અને ભાઇઓએ ઘણીવાર સાંભળ્યું હશે તો પણ આજ એ વિષે કાંઈ નવુ કહેવાનુ હોવાથી અમારી વ્યાખ્યાનમાળામાં તે સંબધમાં કહેવાની ખાસ તક મેં લીધી છે.

જિનભવન, જિનબિંબ, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકા એ સાતક્ષેત્રનાં મુખ્ય અંગો છે.

શ્રાવિકા

આમાં જો કે જિનભવનને પહેલુ મૂકવામાં આવ્યું છે અને શ્રાવિકાને છેલ્લી મૂકવામાં આવી છે એથી જિનભવનનું મહત્ત્વ શ્રાવિકાથી વધારે છે એમ સમજવું ભૂલ ભરેલું છે.

વિચાર કરતાં તો ઊલટું એમ માલુમ પડે છે કે એ સાતમાં સૌથી મહત્ત્વનું અને ઉચ્ચમાં ઉચ્ચ અંગ શ્રાવિકા જ છે. શ્રાવિકા-અંગનો જેટલો વિકાસ, જેટલી શુદ્ધિ, જેટલું પોષણ અને જેટલી ઉત્ક્રાંતિ તેના જ પ્રમાણમાં તેનાં પૂર્વનાં બીજા અંગોની ઉત્ક્રાંતિ અને વિકાસ સધાવાનાં અને એ મહત્ત્વના અંગની શક્તિનો જેટલો હ્રાસ, જેટલી અવનતિ અને જેટલી ઉણુપ તેટલી જ ઉણુપ અને અવનતિ તેનાં પૂર્વનાં અંગોમાં હોવાની.

જ્યારે જ્યારે આપણા સમાજ કે ધર્મની અવનતિનું કારણ વિચારવા લોકો ભેગા થાય છે ત્યારે તેમાંના કોઇના ખ્યાલમા કુસંપ આવે છે, કોઇને વળી જાગૃતિનો અભાવ ભાસે છે, તો કોઈ વળી તીર્થો અને મદિરોની અશાતના વધી પડયાનું કહે છે, કોઈ વળી સાધુ સાધ્વીની શિથિલતાને બતાવે છે અને કોઈ તો જૈન સાહિત્યના ઓછા પ્રચારને કલ્પે છે પણ આ બધાં કારણો શ્રાવિકા શક્તિની અવનતિ કરતાં ઘણા ઊતરતાં છે.

કોઈ બરાબર વિચારશે તો સમજાશે કે શ્રાવિકા શક્તિનો વિકાસ જ્યારથી અટકી પડયો છે, તે શક્તિ જ્યારથી કચરાયા કરે છે અને જ્યારથી તેને ચારેકોરથી જકડીને બાંધી રાખવામાં આવી છે, ત્યારથી આપણા ધર્મ અને સમાજની અવનતિની પનોતી શરૂ થઈ છે.

ઉપર્યુક્ત બીજા બધાં કારણો દૂર કરવા પ્રયત્ન કરે અને આ કારણ વિષે તદ્દન બેદરકાર રહે તો તે પ્રયત્નો ધૂમાડાના બાચકા જેવા નીવડવાના એમા જરાય શકાને સ્થાન નથી.

અવેડાની કુંડીનું પાણી બગડેલું જોઈને કોઈ તે કુંડીમાં જ દવા નાખીને બેસી રહે અને કૂવાની શુદ્ધિ ન કરે, ખેતરનો પાક સડી જતો જોઇને પ્રત્યેક ડૂંડાં ઉપર દવાનું ઇન્જેકશન મૂકાવે પણ ભૂમિ શુદ્ધ ન કરે, તેમ ધર્મ અને સમાજની અવનતિ જોઈ માત્ર ઉપલક પ્રવૃત્તિ કરીને બેસી રહેનારા પણ શ્રાવિકા ક્ષેત્રશુદ્ધિ તરફ ધ્યાન નહિ દેનારા આજે તો નિષ્ફલ ગયા છે એ વાત ચોક્કસ છે.

આમ હોવાથી જ એ સાતે ક્ષેત્રોમાં શ્રાવિકાનું ક્ષેત્ર ઘણું મહત્ત્વનુ છે. અને બીજા ક્ષેત્રો કરતાં ખાસ પ્રધાન ગુણ ધરાવે છે. માટે જ એ વિષે કહેવું સૌથી પ્રથમ પ્રસ્તુત છે.

અહી બેઠેલા સૌ કોઇને પરિચિત છે કે સ્ત્રીશક્તિ જો થોડી પણ ખીલેલી હોય તો કેવુ અસાધારણ કાર્ય કરી શકે છે. જે કોમળતા સહનશીલતા વગેરે ગુણો પુરુષસુલભ નથી તે તે શક્તિમા સહજ ભાવે મૂકાએલા છે.

અત્યારે આપણે ત્યાં તો એવા ગુણોવાળી અનેક શક્તિઓ હોવા છતાં એમની અસહ્ય અશક્તતાને લીધે આપણો ધર્મ તથા સમાજ અવનતિની દાઢમાં દબાએલો છે.

શ્રાવિકાના શારીરિક વિકાસ વિષે આપણે ત્યાં કોઈએ દરકાર કરી છે ? એ જાતની બેદરકારીને લીધે જ આપણી પ્રજા નમાલી, માયકાગલી, અને કાયર થયેલી જોવામા આવે છે

જ્યારે પહેલાં ઘરનુ ઘણુખરુ કામ હાથે જ કરીને સ્ત્રીઓને સ્વાભાવિક રીતે શારીરિક વિકાસ મેળવવાની વ્યવસ્થા હતી ત્યારની આપણી સંતતિ અને અત્યારની આપણી સંતતિમા કોઇને કાઈ ફેર નથી લાગતો ?

પરરાજ્યે આપણામા ગુલામી સ્થિર કરવા જે યોજના ઘડી છે તેમાં અત્યારનાં યન્ત્રો ઓછો ભાગ નથી ભજવતાં. પણ જો આપણામાં હજુ સદ્બુદ્ધિનો અંશ હોય તો એ યોજનાનો યુરોપની પેઠે સદુપયોગ કરી બચતા વખતમાં, વિકાસમાં ખૂટતાં બીજા નવાં સાધનો કાં ન યોજીએ ? તત્કાળ એવું લાગતું નથી કે અમદાવાદની સ્ત્રીઓ સાબરમતીમાંથી પાણી ભરવા આવે અથવા તો કૂવામાંથી પાણી ખેંચીને કાઢે. એ ક્રાંતિ તો થાય ત્યારે ખરી પણ તે પહેલાં પોળે પોળે ભગવાનનાં મંદિરોની જેમ તેટલાં જ મહત્ત્વનાં સ્ત્રીઓનાં વ્યાયામમંદિરો ઊભા કરી દઈએ. અને તેમાં કુમારીકાઓ માટે તથા મોટી બેનોને માટે સ્ત્રીયોગ્ય વ્યાયામની તાલીમ આપવાની વ્યવસ્થા

અમલમાં મૂકી દઇએ આમ કરવાથી સ્ત્રીશરીર સુદઢ અને નિરોગી બનશે, એમના દરેક અવયવો વ્યવસ્થિત વિકાસ પામશે અને તેમના શરીરમા સ્ફૂર્તિ, બળ અને ચૈતન્ય અનેક ગણાં વધેલાં જણાશે.

જર્મની વગેરે દેશોમાં તો વિશાળ સપાટ મેદાનો પર સવાર સાંજ લાખો સ્ત્રીઓ તાલીમ લેતી તમે જોઇ શકશો. આપણે પણ આપણી મર્યાદા પ્રમાણે સ્ત્રીઓને વ્યાયામની તાલીમ આપવાની વ્યવસ્થા કરવી ઘટે.

વ્યાયામના પ્રભાવથી બાળલગ્ન આપો આપ ઓછાં થઈ જશે. કારણ કે વ્યાયામ બ્રહ્મચર્યનું પોષક છે અને તેથીજ વ્યાયામ કરનારી બેનો વધુ વખત આપોઆપ બ્રહ્મચર્ય પાળવાની હિમાયત કરશે.

જો શ્રાવિકાશક્તિમાંથી પ્રમાદ કાઢવો હોય, તેમને આરોગ્યમય બનાવવી હોય, તેમની ફિકાશ ફેડવી હોય અને શ્રાવક તથા સાધુ–સાધ્વીને વિકાસ ઇષ્ટ હોય તો હવે એ શક્તિ માટે વ્યાયામમદિર અવશ્ય વગર વિલંબે તૈયાર કરી આપવા જોઇએ. અને અત્યાર સુધી અપાસરામાં પ્રભાવનાનો જે દુરુપયોગ થઇ રહ્યો છે તેનુ વહેણ ત્યાં વાળી તેનો સદુપયોગ કરી લેવો જોઇએ. (સમાજમાં ધર્મની પણ દરેક પ્રવૃત્તિમાં લાલચ મુખ્ય અંગ તરીકે મૂકવામા આવી છે. વળી આપણો સમાજ ગણીત ઉપર જ જીવનારો છે તેથી જ તેમાં તે પ્રથા ખાસ પ્રચાર પામી છે. માટે જ પ્રભાવનામા માનનારા માણસો માટે પ્રભાવનાનો સદુપયોગ કરવાનું સૂચવ્યું છે)

વ્યાયામમદિરમાં કુશળ વ્યાયામશાસ્ત્રીઓની સલાહ લઈ, હાથ, પગ, પેટ વગેરેના વ્યાયામની વ્યવસ્થા કરવી જોઈએ. ઉપરાંત લાઠી, લેજીમ, મગદળ વગેરે ઉપકરણોની પણ જ્ઞાનોપકરણ જેટલી જ મહત્તા મનાવી જોઇએ. અને ખાસ વ્યાયામ માટે જ સ્ત્રીઓનો મર્યાદાપોષક પોષાક આપણે તેના વિશારદો પાસે શોધાવી લેવો જોઇએ. જ્યારે આમ થશે ત્યારે જ તે શક્તિ દ્વારા આપણો વિકાસ સાધવા આપણે પગભર થઈ શકીશું.

આતો સ્ત્રીશક્તિના શારીરિક વિકાસ વિષે વાત થઈ. હવે આપણે તેના બૌદ્ધિક વિકાસ વિષે વિચારી લઇએ.

શારીરિક વિકાસ સાથે બૌદ્ધિક વિકાસ માટે પણ યોજના કરવી જોઈએ. બૌદ્ધિક વિકાસનો મુખ્ય અર્થ એટલો જ છે કે કોઈ પણ વસ્તુને પૂરેપૂરી સમજવાની અને તેના ગુણદોષ પારખવાની તથા તેને પરિસ્થિતિ પ્રમાણે ફેરફાર કરીને જીવનમાં ઉતારવાની બુદ્ધિશક્તિની ખીલવણી જો આપણે આ અર્થનો બુદ્ધિવિકાસ શ્રાવિકાશક્તિમાં પ્રગટે એવાં સાધનો યોજી દઈએ તો આપણે કદી પણ પછાત રહેવાના નથી.

કોઈ કહેશે કે કેટલીયે કન્યાશાળાઓ અને સ્ત્રીપાઠશાળાઓ અમદાવાદમાં ચાલે છે; તેમા નાની અને મોટી બેનો દડક, સંગ્રહણી, જીવવિચાર, અને પ્રતિક્રમણાદિક ભણે છે તે વાત ખરી છે. પણ એ અભ્યાસ બેનોનો વિકાસ સાધવાને બદલે ઊલટો તેને દાબી દે એવો છે. કારણકે એ બધાં પુસ્તકો જીવનવ્યવહાર સાથે કેમ બંધ બેસે એવું તેમને કોઈ સમજાવતુ જ નથી. અને ખરૂ કહુ તો એ ભોળી બેનો ભણવા માત્રથી જ કાંઇક ધર્મ થશે એ શ્રદ્ધાથી જ ભણે છે

હું જોઉં છું કે જ્ઞાનની આરાધના માટે બેનો ઉપવાસ કરે છે, દેવવંદન કરે છે, જ્ઞાનની પૂજા કરે છે અને જ્ઞાનપંચમીનુ અખડ આરાધન પાચ વર્ષ સુધી કરે છે, અને માને છે કે આથી બીજા જન્મમાં જ્ઞાન મળે છે. આ માટે ઉપદેશકો તેમને અનેક કથાનકો સંભળાવે છે અને તેમને વરદત્ત અને ગુણમંજરીના જોડકણા સંભળાવીને કેવળજ્ઞાનની નજીક પણ લઈ જવા મથે છે. આ રીતે જેમની બુદ્ધિશક્તિ આપણે હણી નાખી છે તેવી બેનો તપ તપીને શુષ્ક થના સુધી પણ નિરક્ષર જ રહે છે, અને ભવિષ્યમાં કેવળજ્ઞાનની વાટ જોયા જ કરે છે.

જે સમાજમાં સ્ત્રી શક્તિની બુદ્ધિ આટલી બધી દાબી દેવામાં આવી હોય તે સમાજ અવનતિના ખાડા સિવાય કયાં હોય ?

પણ ભૂલ્યા ત્યાંથી ફરી ગણવાના ન્યાયે આપણે હવે નવેસરથી ઉદાર વિચારવાળો નવો અભ્યાસક્રમ ઘડીને સ્ત્રીઓને તે માટે ઉદ્યત કરવી જોઇએ. ખરી વાત કહું તો દડક કે સગ્રહણીના પુસ્તકે આજની

સ્ત્રીભૂમિકાના જ નથી. વીર રમણીઓનાં ચરિત્રો, સાહસિક સ્ત્રીશક્તિનો પરિચય કરાવનારાં પુસ્તકો, યુદ્ધમાં ચડીને સ્વરક્ષણ કરનારી સ્ત્રીઓની રસધારો ઇત્યાદિ સ્ત્રીઉપયોગી ગ્રંથો એમની પાસે મુકાવા જોઇએ. પણ આ પુસ્તકો તેમની સામે મૂકતા પહેલાં તેમનાં અક્ષરજ્ઞાન અને સમજશક્તિ વધે તેવાં ખાસ સાધનો આપણે યોજવાં જોઈએ. વહેમનું પરિબલ, રુઢીને અનુસરવાની વૃત્તિ એ બધું તેમનામાંથી ઘટી જાય એ માટે આપણે ખાસ પ્રયત્નો કરવા જોઈએ.

કુટુંબના વડીલોએ તેમના ઉપર જે ખોટાં બંધનો લાદેલાં છે તે હવે હટાવી નાંખવાં જોઈએ. મતલબ એ છે કે સ્ત્રીશક્તિનો બૌદ્ધિક વિકાસ જેથી થાય તેવા દરેક પ્રયત્ન કરવામાં આપણે પાછી પાની ન જ કરવી જોઈએ. આ માટે આજના કેળવણીશાસ્ત્રીઓની સલાહ લઇને તેમને માટેનો અભ્યાસક્રમ આજની ચાલતી પાઠશાળાઓમાં દાખલ કરવો જોઇએ. અને તે અભ્યાસક્રમને યોગ્ય શિક્ષકો આપણે સત્વર શોધી લેવા ઘટે. આ પ્રવૃત્તિમાં જેટલો જેટલો વિલંબ થશે તેટલુ જ આપણે બધા અંગના વિકાસમાં સહેવું પડશે.

પુરુષોએ અત્યાર સુધી આ શક્તિની ભારે આશાતના કરી છે અને સાધુવર્ગે તો હમેશા **सावियाणं आसायणाए सावियाणं आसायणए** એમ બોલી બોલીને માફી માગવા છતાં પણ તે શક્તિને દબાવવામા જરાપણ પાછી પાની કરી નથી.

હવે એ આશાતનાનું પ્રાયશ્ચિત કરીને આપણે શુદ્ધ થવું હોય, આપણાં તેજ અને વ્યક્તિત્વ વધારવાં હોય, આપણી સંતતિ બળવાન અને બુદ્ધિમતી જોવી હોય અને ભગવાન મહાવીરનો અહિંસાનો ઝંડો ચારે ખૂણે ફરકાવવો હોય તો આપણે આ શક્તિના વિકાસ માટે મડી પડવુ જોઇએ.

શ્રાવક

શ્રાવકક્ષેત્રના વિકાસ માટે જેટલું શ્રાવિકા માટે જણાવેલું છે તેટલું તો અવશ્ય જોઈએ, અને તે ઉપરાંત કેટલાક બહારના ધંધા ઉદ્યોગો માટે પણ તેમને કેળવણી અપાવી જોઈએ. ઘરગથ્થુ ધંધા તો

અને શ્રાવિકા બન્નેને શીખવાડવા જ જોઈએ. દેશદેશાંતરમાં મોકલીને આપણા વિદ્યાર્થીઓને ઊંચુ અને વ્યવહારુ જ્ઞાન આપવું જોઈએ. આનું નામ જ ખરૂં સાધર્મિક વાત્સલ્ય છે.

એક શ્રાવકને પેટ ભરવા પૂરુ અન્ન ન મળે અને એક શ્રાવક હાથીને હોદ્દે બેસીને પૂજા કરવા જાય એ વિષમ પ્રવૃત્તિ ચલાવે રાખવી એમાં સાધાર્મિક વાત્સલ્યનો મોટો દ્રોહ છે.

શ્રાવક વેપારીઓ પોતાના ધંધામાં પહેલું સ્થાન શ્રાવકશ્રાવિકાઓને જ આપે. જો તે ધંધા માટે યોગ્ય ન દેખાય તો યોગ્ય બનાવે પણ પહેલી પસંદગી એની કરે. આમ કરવામાં કાંઇ ખોટ જાય તો વિચારક શ્રાવકો સહી લે તે એમનો ધર્મ છે. આવું સાધર્મિક વાત્સલ્ય ન કરતાં જે લોકો માત્ર સંઘ કાઢવાના આડબરમાં લાખો રુપિયાનું પાણી કરે છે, જમણોમાં દ્રવ્યનો હોમ કરે છે તે બધું સાધાર્મિક વાત્સલ્ય નથી પણ નર્યો સાધાર્મિક વિઘાત જ છે.

કોઈ એમ માનતું હોય કે એવા સંઘ કાઢવાથી તીર્થંકરગોત્ર બંધાય છે, તો તેણે સમજી લેવું જોઈએ કે આજના જેવા સંઘ કાઢીને કોઇએ તીર્થંકરગોત્ર બાંધ્યુ હોય તેવું શાસ્ત્રના પાના ઉપર જડતુ નથી. આચાર્ય હેમચદ્ર પોતાના યોગશાસ્ત્રના તૃતીય પ્રકાશમા શ્રાવકક્ષેત્ર વિષે લખતાં જણાવે છે કે જે શ્રાવકો વ્યાપારાદિક કારણે કે ઇતર કારણે હેરાન થયેલા હોય તેઓનો સંપત્તિવાળા શ્રાવકે ઉદ્ધાર કરવો. કોઈ કારણે શ્રાવકને દેવાળાં કાઢવાનો વખત આવી જતો જોઈ તેની પ્રતિષ્ઠા સાચવવા બીજા શ્રાવકોએ પ્રયત્ન કરવો જોઇએ. અને વેપારમાં પાછા પડેલા શ્રાવકને ફરીથી અસલ ભૂમિકા ઉપર લાવી દેવો જોઈએ. તેઓની વિદ્યાવૃદ્ધિ માટે વિદ્યાશાળા વગેરેની યોજના કરી આપવી અને પ્રમાદથી તેમને બચાવવા તથા ધર્મ-કર્તવ્યમાં તેઓ સ્થિર રહે તેવી યોજના કરી આપવી.

આજે આપણે જોઈએ છીએ કે કેટલાય શ્રાવકો પોતાના ધંધામાં પાછા પડી ગયા છે; કેટલાયની પ્રતિષ્ઠા ભૂંસાઇ ગઇ છે. આવું જોતાં

છતાં બીજા સંપત્તિવાળા શ્રાવકોને એમને ધનાદિકથી આશ્વાસન દેવાનું ભાગ્યે જ સૂઝે છે. અરે ! ઇર્ષાને લઈ ને એક શ્રાવક બીજા વેપારી શ્રાવકને હેરાન કરવા ચૂકતો નથી. જ્યાંસુધી શ્રાવકવર્ગમાં એક બીજાનું દુઃખ જાણવાની ધગશ અને તેને દૂર કરવાની વૃત્તિ નહિ જાગે ત્યા સુધી સંઘ, યાત્રા, પ્રતિષ્ઠા, જમણ વગેરેનાં ખર્ચો તો અગ્નિમાં ઘી હોમ્યા જેવાં વિફળ છે.

એક બે દાખલાથી સમજી શકાશે કે થોડા વખત પહેલાંના જ આપણા ભાઈઓ કેવા ઉદાર હતા અને ખરા સાધર્મિક વાત્સલ્યને કેટલે અંશે ઓળખનારા હતા ? સાભળ્યુ છે કે દીલ્હીમાં શ્રાવકો ઝાઝી સખ્યામાં હતા. દીલ્હી વેપારનું મથક હતું એટલે ત્યાં આજીવિકા મેળવવા માટે અનેક શ્રાવકો આવ્યે જતા અને કામ કર્યે જતા. આવનાર શ્રાવક માટે ત્યાના શ્રાવકમંડળે એવુ ઠરાવેલ હતું કે જ્યાં સુધી તે આવનાર પગભર ન થાય ત્યાં સુધી એક એક દિવસને વારે દરેક શ્રાવકને ત્યાં તેણે નિમત્રણથી જમવા જવું અને શક્તિવાળો શ્રાવક તેને જમ્યા પછી કોઈ રોકડ નાણુ આપે તે પેલાએ લઈ લેવું. આ વ્યવસ્થાથી ત્યાં કેટલાય શ્રાવકો ધંધા ઉપર ચડી નીતિશુદ્ધ આજીવિકા પ્રાપ્ત કરતા થઈ ગયા.

અત્યારે તો મુંબઈ, કરાંચી, કલકત્તા, અમદાવાદ જ્યાં મંદિરો ઉપર પણ સોનાના કળશો ચમકે છે ત્યા એ મદિરના પૂજક શ્રાવકોનો ભાગ્યે જ કોઈ ભાવ પૂછતું હશે.

બીજી એક વાત શ્રાવકોની નીતિની છાપ માટે સમજવા જેવી છે. શ્રાવક કહેવાયો એટલે ખોટું બોલે જ નહિ, ખોટી સાક્ષી આપે નહિ, અને ચોરી તો કરે જ શાનો ?

ભરૂચમાં ધર્મસ્થાનમાં શ્રાવકો નિત્ય પ્રતિક્રમણ કરવા ભેગા થાય. જ્યારે તેઓ સામયિક લેવા બેસે ત્યારે તેઓ પોતાનાં કપડાં તો બદલે પણ ઘરેણાં સુદ્ધાં કપડાં સાથે જ ઉતારી નાખે. એક શ્રાવકનું એક ઘરેણું ત્યાથી ઉપડી ગયુ. તેણે વિચાર્યુ કે અહી પ્રતિ-

ક્રમણ કરવા આવનારો એક પણ આ જાતની પ્રવૃત્તિ કરે એવો નથી એથી તેણે સંતોષ પકડયો, અને ધારી લીધુ કે કદાચ દુઃખમાં પડેલ કોઇ સાધર્મિક ભાઈએ આ પ્રવૃત્તિ કરી હશે. ઉચ્ચાર કર્યા વિના જ વાતને ત્યાં જ દાબી દીધી અને એ વાતને પોતાનાથી આગળ જવા જ ન દીધી. એચાર દિવસ થયા કે તે ઘરેણુ પાછું તે ને તે જ સ્થાને આવી પડેલું તેને મળ્યું. જ્યાસુધી આવી ધીરજ અને દીલ્હીના સંઘ જેવું સાધર્મિક વાત્સલ્ય આપણે નહિ ગોઠવીએ ત્યાં સુધી શ્રાવક-ક્ષેત્રનો વિકાસ થવાનો નથી.

વીસ વીસ કે પચ્ચીસ પચ્ચીસ વર્ષના જુવાન જોદ્ધાઓ કપાળે ચાંદલો કરીને આજે સટ્ટા બજારે ઘૂમે છે તે જોઇને સોનાની જનોઈ ખભે રાખીને પૂજા કરનારા શ્રાવકોનું રૂંવાડું પણ ફરકતુ નથી. જ્યાં શ્રાવક ભાઈઓ આવો સફેદ જુગાર રમી રહ્યા છે છતાં તેની ઉપેક્ષા કરવામાં આવે છે એથી શ્રાવકક્ષેત્રની બીજી કઈ અધોગતિ કહેવાય?

સાચાખોટાની ખબર નથી પણ મેં સાંભળ્યુ છે કે દેશવિરતી-વાળા સટ્ટાને આરંભ વિનાનો ધંધો સમજે છે. અલબત્ત સટ્ટામા કીડી, મંકોડી કે ઝાડપાન છેદાતાં નથી પણ માણસોનો સઘનો સંઘ કચરાઈ જાય છે. તેમા તે દયાળુઓને હિંસા ન લાગતી હોય તે બનવા જેવું છે ખરૂં!

કહેતા ભારે દુઃખ થાય છે પણ કહેવું પડે છે કે લોકો પીળા ચાંદલાવાળાનો વિશ્વાસ જ કરતા નથી. આ કરતાં શ્રાવકક્ષેત્રની બીજી કઈ અવનતિ હોઇ શકે?

"શાસ્ત્રકાર મહારાજ કહે છે" એમ બરાડા પાડતા સાધુઓ પાટ ઉપરથી ગર્જના કરી જણાવે છે "કે નવકારનો ગણનાર શ્રાવક ભૂખ્યો ન જ મરે." પણ નવકાર ગણીગણીને જેનાં આગળાં ઘસાઈ ગયાં છે, ને હોઠ સૂકાઈ ગયા છે એવાં સંખ્યાબંધ ભાઈઓ અને બ્હેનો દુઃખમાં સબડે છે તેનું શું? પણ હું ભૂલ્યો. કદાચ તેઓ પોતાની બધી સગવડો સચવાતી જોઈને એમ કહેતા હોય તો ખરૂં છે. કારણ કે શ્રાવિકાઓ લોઈ લૂછીને પણ તેમને આપવા ચૂકતી નથી.

દૂધવિન છોકરૂં રીબાતું હોય તે સહ્ય છે, પણ મહાજનની તરપણીમાં દૂધ જવું જ જોઈએ. જરાક વિષયાંતર થઇ ગયું પણ આપણી દુર્દશાનો ચિતાર આપવા આ બધું કહેવું જ પડે છે.

કેળવણીના ક્ષેત્રમાં આપણે કેટલા પછાત છીએ તે તેને લગતા આંકડાઓ ઉપરથી સૌ કોઇ સમજી શકે છે. વેપારી હોવાને લીધે અઢીયાં ઉઠા કે અક્ષરજ્ઞાન આપણે મેળવીએ છીએ પણ જેનાથી શારીરિક અને માનસિક વિકાસ થાય, આખુ જીવન નીતિથીજ પસાર થાય, ધંધા ઉદ્યોગથી રાષ્ટ્ર અને સમાજને મદદ થાય, જગતમાં ચારે કોર આપણે હાથ પસારી શકીએ એવી આપણી લાગવગ વધે એ પ્રકારની કેળવણીમાં આપણે તદ્દન પછાત છીએ. આપણુ ધાર્મિક જ્ઞાન પણ તદ્દન છીછરૂંજ છે. અત્યારે જે ધાર્મિક જ્ઞાનની શાળાઓ ચાલે છે તેમાં મોટે ભાગે વિદ્યાર્થીઓ કેળવાય છે તો ભાગ્યેજ, પણ આયંબિલ અને ઉપવાસ કરતા તો જરૂર થઈ જાય છે; પછી ભલેને ચિત્તથી ખરા નાસ્તિકજ હોય. આ હું મારી કલ્પના નથી કહી રહ્યો. પણ તમે ગુરુકુલો અને બોર્ડીંગોના રીપોર્ટો અને જાહેરખબરોમાં વાંચશો તો તેમા લખ્યુ હશે કે અહીના વિદ્યાર્થીઓ આયબિલ કરે છે, આરતિ પૂજા કરે છે, લીલી વનસ્પતિ ખાતા નથી, ઉનું પાણી પીએ છે, વગેરે વગેરે. એ રીપોર્ટો ઉપરથી આ સિવાય કેળવણીના ક્ષેત્રમાં આપણે સાધેલ વિકાસની વધારે ખબર પડતી નથી.

એક ગુરુકુલના ગૃહપતિ સાથે મારે વિદ્યાર્થિઓના અભ્યાસ બાબત એક પ્રસંગે વાતચીત થયેલી તેમાં મેં એમ કહેલું કે વિદ્યાર્થીઓના બે સમય ધર્મશાસ્ત્ર માટે છે જે તેમાંનો એક સમય કમી કરી તે સમયમાં વિદ્યાર્થીઓને પ્રાકૃત ભાષા શીખવવી, જેથી તેમને મૂળ સમજવામાં મદદ થાય. પણ ધર્મનિષ્ઠ ગૃહપતિજીને પ્રાકૃત ભાષાનો અભ્યાસ પણ ધાર્મિક અભ્યાસજ છે એ વાત ગળે ન ઊતરી તે નજ ઉતરી. આ દશા આપણી કેળવણીની છે.

આમ છતાં હજુ કાંઈ મોડું થયુ નથી. જો આપણા આગેવાનો

સાધર્મિક વાત્સલ્યનું ખરૂં સ્વરૂપ સમજી શ્રાવક શ્રાવિકાના બધા અંગોનો વિકાસ કરવા ત્વરાશીલ બને તો તેમાં કાંઇ અશકય જેવું નથી.

એક વાત મારે અહીં સ્પષ્ટ કરી દેવી જોઈએ કે સાત ક્ષેત્રો-માંના આ બેજ ક્ષેત્રો ઉપર બાકીનાં ક્ષેત્રો અવલંબેલાં છે. એથી જેઓ આ બે ક્ષેત્રો ઉપરજ બધી શક્તિ ખરચીને તેમનો વિકાસ કરવા પ્રયત્ન કરશે તેઓજ બાકીના પાંચને ટકાવી શકે એમ છે. એમ ન કરતાં જેઓ તીર્થંકર થવાના લોભે કે સ્વર્ગની લાલચથી બીજા ક્ષેત્રોની ધમાલમા પડે છે તેઓ ઝાડના મૂળને પાણી નહિ પાનાર અને તેના પત્ર, પુષ્પ અને ફળની વૃદ્ધિ ચાહનાર માળી જેવા મૂરખ છે તેમાં શક નથી.

સાધ્વી

આ પછી સાધુ અને સાધ્વીના ક્ષેત્રો આવે છે. શ્રાવક અને શ્રાવિકાનો વિકાસ થયો હશે તોજ આ બે ક્ષેત્રો પોતાનો વિકાસ સાધી શકશે; નહિતર તેઓ વેશપલટો કર્યા સિવાય બીજુ કાંઈ કરી શકે એમ નથી

આપણા આ બન્ને ક્ષેત્રો અત્યારે અત્યત દયાપાત્ર સ્થિતિમા છે. કેટલી બધી સાધ્વીઓ અક્ષરજ્ઞાન વિનાની છે તે વસ્તુ હીરાચંદ-ભાઈ કકલભાઈ કે તેમના ભાઇ બાલાભાઈ બરાબર સમજે છે.

આ જમાનામા અક્ષરજ્ઞાન વિનાની વ્યક્તિ માત્ર વેશપલટા-થીજ કોઈની ગુરુણી થવાનો હક્ક રાખે તે કેટલુ બધુ જોખમભરેલુ છે ? જેટલી સાધ્વીઓ અત્યારે આપણી પાસે છે તેમને બધીને ઘેર પાછી મોકલવાનું હુ નથી કહેતો. પણ તેઓએ જે શ્રદ્ધાથી ઘર છોડયું છે તે શ્રદ્ધાથીજ જગતમા બરાબર ટકે એમાં આપણી શોભા છે. તેનાં બેજ સાધન છે. એક જ્ઞાન અને બીજી ક્રિયા. જ્ઞાનનો અર્થ પાઠશાળિયું જ્ઞાન કોઈ ન સમજે; અને ક્રિયાનો અર્થ લુગડાં પલટાવવા એટલોજ કોઈ ન સમજે. જ્ઞાન એટલે અક્ષરજ્ઞાનથી માંડીને જે ભાષામાં શાસ્ત્ર લખાયાં છે તે ભાષા સુધીનું જ્ઞાન, અને હિન્દી કે ગૂજરાતીમાં

સારા વિચાર ફેલાવનારા જે ગ્રંથો છે તેને સમજવાની શક્તિ, રૂઢી અને વહેમનો સદંતર નાશ, તથા ધર્મ અને ધર્મનાં ફળો વચ્ચેના કાર્યકારણ ભાવનું સ્પષ્ટ પૃથક્કરણ. ક્રિયા એટલે શરીર, મન અને વાચા બરાબર સંયમમા રહે અને નકામાં ન પડયાં રહે એ પ્રવૃત્તિ. યાદ રાખવું જોઇએ કે માત્ર માળા ફેરવ્યાજ કરવાથી, બે ટંક પ્રતિક્રમણ કે પડિલેહણ કરવાથી, ક્રિયાની સમાપ્તિ થતી નથી. બાકીના બચતા વખતનો તેઓ અવશ્ય સદુપયોગ કરે તેવી યોજના આપણે કરવી જોઈએ. નહિતર બચતા વખતમા કૂથલી કે વઢવાડ સિવાય આપણે બીજું જોઈ શકવાના નથી. સાધુઓ કરતાં સાધ્વીઓ મારે મન વધારે પૂજ્ય છે કારણ કે તેમનામાં સેવાભાવ અને અમર્યાદિત સહન-શક્તિ હું જોઇ રહ્યો છું. માત્ર આપણા બધારણની ખામીને લીધેજ તેમની એ શક્તિ વેડફાઇ જતી જોઈને કાળજું કપાઈ જાય છે.

સત્યાગ્રહ આશ્રમની નિયમાવલિ જેણે જોઈ હશે તેઓ જાણતા હશે કે તેમાં ઉદ્યોગવ્રતને એક ખાસ સ્થાન આપવામાં આવ્યુ છે. ભગવાન મહાવીરે પણ સાધ્વી માટે શ્રમણી શબ્દ વાપરીને ઉદ્યોગનું મહત્ત્વ સમજાવ્યું છે. જેનો સમય શ્રમમાંજ પસાર થાય છે તે શ્રમણી કહેવાય છે. શરીરની શકિતને શ્રમમાં રોકવામાં ન આવે તો કટાઇ જાય છે એટલુંજ નહિ પણ ઉન્માર્ગે વહી જાય છે માટે આપણે એ પવિત્ર સાધ્વીઓ માટે તેમના ધાર્મિક ક્રિયાથી બચતા વખતમાં સંયમ ધર્મના સહાયક એવાં શ્રમના સાધનો યોજી આપવાં જોઇએ.

અત્યારે તો પહેલા તેમના બધાના અક્ષરજ્ઞાનની યોજના કરવી ઘટે. તેમ કર્યા પછી યોગ્યતાવાળી સાધ્વીઓને શાસ્ત્રાભ્યાસના ચિંતન અને મનનમાં પાડવી. પણ એકલો અભ્યાસ કે ચિંતન જઠરને મંદ પાડી માણસને રોગી બનાવે છે. માટે તેવી વિદુષી થવાને યોગ્ય સાધ્વીઓ માટે આવશ્યક વખત સુધી શ્રમની યોજના થવીજ જોઈએ.

જે સાધ્વીઓ સામાન્ય કોટિની છે તેમને માટે ચાર છ કલાકના શ્રમવાળુ કાર્ય શોધી આપવું જોઇએ.

સાધ્વીઓ માટે પણ વ્યાયામની યોજના થવી જોઈએ. તદુપરાંત શ્રમના કાર્ય તરીકે કાંતવા વણવાનું મૂકવું જોઈએ. કાંતવાનું સાંભળીને વાઉકાય મરવાના ડરથી કોઈ ડરતા નહિ. કાતનારા કરતાં નહિ કાંતનારા વધારે વાઉકાય મારે છે, એ તો વધારે વિચારશો તો તમને જ જણાઈ આવશે. સાધ્વીની એવી કઈ ક્રિયા છે જેમાં વાઉકાય નથી મરતો. કપડાં પહેરવાં, ભિક્ષા લાવવી, પાતરા રગવાં, કપડા સીવવાં, બોલવું, મદિરે જવુ, કપડાં ધોવાં, કપડાને સાબુ લગાડવો, પડિલેહણ કરવું, પ્રતિક્રમણ કરવુ, એ બધી ક્રિયાઓમાં ક્યાંય વાઉકાય બચતો હોય એવું કોઈ સાબીત કરી આપે તો હુ મારો વિચાર જરૂર ફેરવી શકું.

શરીર છે ત્યાં સુધી હિંસા તો અવશ્ય થવાની એટલે હિંસા થવાની બીકે પોતાના ચિત્તમાં રહેલી વાસનાઓ અને વિકારોનો નાશ કરવા પણ પ્રયત્ન ન કરવો અને એદીની માફક અક્રિય બેસી રહેવુ એના જેવું બીજું મોટું પાતક નથી. વાસનાઓ અને વિકારોનો નાશ શરીર અને મનની શુદ્ધિ વાટે કરી શકાય છે. શરીરશુદ્ધિ એટલે શરીર અને ઇન્દ્રિયોને બધો સમય પ્રવૃત્તિમાં રાખી નિગૃહિત કરી સંયમમા આણવાં, અને મનશુદ્ધિ એટલે મનમાં સરલતા, ઉદારતા, વિશાળતા વગેરે ગુણો સ્થાપી તેના મળ દૂર કરવા.

ભગવાને કહ્યું છે કે શરીરનાં વર્ણ, રૂપ, રસ, ગધ, અધિક અધિક દિપ્તિવાળાં થાય તે માટે સાધુ આહાર ન કરે પણ સયમી નિર્વાહ માટે જ તેણે પરિમિત અને શરીરને વિફરાવે નહિ તેવો આહાર લેવો. ભોજન જ પાપનું મૂળ છે. છતા ભગવાને ઉપરના કારણથી નિર્ગ્રંથોને તેની અનુમતિ આપી. એ જ ઉદ્દેશથી શ્રમવાળી શારીરિક પ્રવૃત્તિ યોજવામાં આવે તો પાપના બંધનો સંભવ જ નથી.

ભગવાને જ એ વાત આ પ્રમાણે કહેલી કે જે શ્રમણ કે શ્રમણી યતનાથી ખાય, યતનાથી બોલે, યતનાથી સૂવે અને યતનાથી રહે તેને પાપકર્મનો બંધ થતો નથી.

આ દષ્ટિને લક્ષમા રાખીને જ આપણે તે પવિત્ર સાધ્વીઓને

માટે શારીરિક શ્રમની યોજના કરીએ તો તેમાં કશું ખોટું નથી એટલું જ નહિ પણ ભગવાનના આદેશ પ્રમાણે જ એ છે.

તેમને માટે ઉપાશ્રયોમાં ખાસ વ્યાયામની વ્યવસ્થા થવી જોઇએ. બધી સાધ્વીઓને વાંચતા લખતાં આવડે એવું જ્ઞાન તો ફરજીયાત આપવું જોઇએ. અને દરેકના ઉચ્ચારો વધારે શુદ્ધ બને તે તરફ ખ્યાલ રાખવો જોઇએ. કારણ કે ઉચ્ચારશુદ્ધિ વિના અર્થ સમજાતો નથી. અને તે વિના થતી ક્રિયા જડ ક્રિયા જેવી છે.

સ્ત્રીઓના રોગોના ઉપચારનું અને તેની માવજતનું જ્ઞાન પ્રત્યેક સાધ્વી નીરોગી રહે તે માટે આપવુ જોઈએ.

અક્ષરો સુધારવા માટે દરેક સાધ્વીઓને લેખનકળાનો અભ્યાસ કરાવવો જોઇએ. અને સારુ અને ઝીણું કાંતી શકે તે માટે કાંતવાની કળા પણ શીખવવી જોઈએ. કદાચ તેઓને રેટિયો અનુકૂળ ન દેખાતો હોય તો ઠવણીની પેઠે તેઓ તકલી જરૂર રાખી શકશે. આ કળાથી તેઓ જેવાં ઇચ્છે તેવાં ઝીણાં નિર્દોષ કપડાં પહેરી શકશે. આ ઉપરાંત બીજી ઉપયોગી કળાઓ તેમને શીખવાય તે ઇષ્ટ છે. પરંતુ આટલું તો બરાબર શીખવવું જ જોઈએ.

આ વર્ગમાંથી પસાર થયેલ સાધ્વીઓમાંની કોઈ સાહિત્યના અભ્યાસ તરફ વળે તો સગવડતા કરી આપવી આવશ્યક છે. અને બીજી કેટલીકની પાસે માત્ર પોથીઓની નકલો કરાવવાની વ્યવસ્થા કરવી ઘટે. કેટલીક દ્વારા સાધ્વીઓમાં અક્ષરજ્ઞાનનો ફેલાવો કરવો જોઈએ. જે સાધ્વીઓ માંદાની માવજતનુ જ્ઞાન ધરાવતી થઈ હોય તેઓ સાધ્વીવર્ગમાં મૂળ નાખીને પેઠેલા રોગોનો સદંતર નાશ કરશે તો કોને નહિ ગમે ? જે સાધ્વીઓ તકલીનિષ્ણાત હોય તેઓ દ્વારા તેમનામાં તથા શ્રાવક શ્રાવિકા સમાજમાં તેનો પ્રચાર થાય તો ધર્મની અને દેશની આબાદીમાં ઘણો વધારો થશે.

વ્યાયામ અને કાંતણનો સમય તો દરેકને ફરજીયાત હોવો જોઈએ. બાકી બધુ યોગ્યતા પ્રમાણે વ્યવસ્થિત કરવુ જોઇએ. આ વ્યવસ્થાથી

હાલમાં અપાસરામાં જોવામાં આવતા કલહટંટા, કુચલી કે વખતની થતી બરબાદી જોવામાં નહિ આવે. ફાયદો એ થશે કે સાધ્વીઓ નીરોગી થશે, કર્તવ્ય પરાયણ બનશે, અને તેમના કર્તવ્યનું પાલન સમક્ષ આવતાં તેમનો ઉત્સાહ અનેકગણો વધી તેમને અધિકાધિક સંયમમાં દઢ કરશે. તેઓમાં અનાચાર કે અનારોગ્યનાં નિશાન જ નહિ રહે અને જ્યા જોશો ત્યાં સાધ્વીશરીરમાં ચૈતન્ય ઊછળતું દેખાશે. આમ થવાથી આપણો સ્ત્રીસમાજ ત્વરિત ગતિથી કેળવાશે, ઉદ્યમી બનશે, અને વહેમ વિનાના ધર્મમાં વધુ દઢ બનશે.

કાંતવાનું એટલા માટે કહેવુ પડે છે કે અત્યારે જે રીતે તેઓ વસ્ત્ર મેળવે છે તે રીત સાવદ્ય છે, સંયમની ઘાતક છે અને ભગવાનની આજ્ઞા વિરુદ્ધ છે. આ કરતાં તેઓ જો કાંતીને વસ્ત્ર મેળવે તે રીત ગોચરીની પેઠે કે પડિલેહણની પેઠે નિર્દોષ છે અને સંયમની વધારે પોષક છે. આમાં પ્રશ્ન એ છે કે તેઓ રૂ ક્યાંથી મેળવશે પણ તેનું નિરાકરણ આપણી પાસે છે, અને તે એ છે કે તેમને ગોચરી આપનારાઓ તેમને વસ્ત્ર પૂરતુ રૂ આપે તેમાં કશો બાધ કોઈ રીતે દેખાતો નથી. કેટલેક ઠેકાણે કાનમા નાખવા શ્રાવકો પાસેથી રૂ લેવામાં આવે જ છે; તેજ રીતે કપડાં માટે રૂ જેમ પાતરાં માટે રંગ રોગાન વહોરવામાં આવે છે તેમ વહોરવામાં આવે તો શું વાંધો છે?

વાત એક જ છે કે સંયમધર્મની વૃદ્ધિ અને પોષણ માટે સંયમીઓએ શ્રમ કરવો જોઇએ યતનાથી થતો શ્રમ કર્મબંધનો હેતુ નથી એવું ભગવાને મોટા ઘોષથી કહેલું છે

રજોહરણ ધાર્મિક ઉપકરણ છે માટે તેની દશીઓ વણવામાં કોઈ સાધ્વી કર્મબંધ માનતી નથી; પાતરાં ધાર્મિક ઉપકરણો છે માટે કોઈ સાધ્વી તેને રંગવામા કર્મબંધ માનતી નથી, કપડાં ધોઈને સ્વચ્છ રાખવામા ધર્મની શોભા છે માટે કોઈ સાધ્વી તે પ્રવૃત્તિને કર્મબંધન માનતી નથી; એજ પ્રમાણે વસ્ત્ર પણ ધાર્મિક ઉપકરણ હોવાથી તેને માટે યતનાથી એકાગ્ર ચિત્તે કાંતવામાં કોઈ સાધ્વી કર્મબંધ માને એવું માન્યામાં આવતુ નથી.

કોઈ કહેશે કે ત્યારે તો એમ પણ કહેવું જોઈએ કે સાધ્વી-ઓએ રસોઇ કરીને જમવું જોઈએ. તે ઠીક નથી. કારણકે રસોઈ કરવામાં તો છએ કાયનો આરંભ માલમ પડે છે. પણ કાંતવામાં તો ભગવાનની સ્તુતિ કરતાં જે આરંભ લાગે છે એથી વધારે આરંભ દેખાતો નથી. માટે સંયમવંતી સાધ્વીઓ માટે કાંતવાની પ્રવૃત્તિ શોભા-રૂપ છે. મને વિશ્વાસ છે કે પુરુષો કરતાં સ્ત્રીઓમાં સંયમની માત્રા વધારે છે માટે તેઓ યોગ્ય શારીરિક પ્રવૃત્તિ કરવામાં, મન અને ઇન્દ્રિયોને રોકીને સયમ કેળવવામાં પાછી પાની નહિ જ કરે.

આ કામમાં જો કે અપવાદ પણ છે, અને તે એ કે જે સાધ્વીઓ વૃદ્ધ છે અને અશક્ત છે તેમને ઉપરનાં કામો ન ચીંધી શકાય. તેમની તો આપણે ઘણા સદ્‌ભાવ અને આદરપૂર્વક સેવા કરવી જોઈએ. તેમની પાસેથી તો માત્ર માળાના પારા ફેરવ્યા સિવાય બીજા કોઈ પણ પ્રકારના શ્રમની આશા રાખી શકાય જ નહિ.

આપણા અપાશ્રયોનાં, ગુરુકુલ કે બોર્ડિંગોનાં મકાનો દેખાવમાં તો ભવ્ય અને મોહક જણાય છે પણ જ્યારે તેના આત્માઓમાં આવી ભવ્યતા અને મોહકતા આવશે ત્યારે જ આપણો ધર્મધ્વજ ઊંચે ફરકશે. અત્યારે તો તે નીચે પડેલો છે.

સાધુ

જે હકીકત સાધ્વીઓ માટે કહી છે તે હકીકત સાધુઓને પણ બરાબર બંધબેસતી છે, એટલે સાધુઓ માટે પણ ઉપર બતાવેલી યોજના જ્યારે અમલમાં આવશે ત્યારે જ તેમના અને આપણા બન્નેના વિકાસના ગણેશ મડાશે. અત્યારે સાધુઓમાં પરસ્પર જે ઇર્ષા, કલહ અને તોફાન જણાય છે તે બધા ઉપરની યોજનાથી નાબુદ થઈ જશે. તેમજ તેમની અસંયમની પ્રવૃત્તિ અને અનાચારો પણ શારીરિક શ્રમની પ્રવૃત્તિથી તદ્દન અટકી જશે. તેમના અભ્યાસની વૃદ્ધિથી તેમનું મિથ્યાભિમાન ગળી જશે. અને સ્વાધ્યાય વધવાથી સંયમ વધારે દીપશે. અત્યારે તો સાધુ જેમ મનમાં આવે તેમ વર્તે છેઃ આચાર્ય

થવાનું મન થયું કે તુરત આચાર્ય થાય છે. ગ્રંથકાર થવાનું મન થયું તો શ્રાવકો પાસે જ્ઞાનની પૂજાને બહાને પૈસા પડાવી પંડિતોદ્વારા પુસ્તકો લખાવી પોતાને નામે છપાવે છે. પણ તે ગ્રંથો કેવા ? જે ગ્રન્થો આજના સમાજને કે આજના દેશકાળને જરાય ઉપયોગી નથી એવા દીઠામાં આવે છે. દા. ત. આચાર્ય હેમચંદ્રનું વ્યાકરણ અભ્યાસી માટે ઘણું સુંદર અને સરલ છે. આમ છતાંય તેને જ બરાબર શુદ્ધિપૂર્વક છપાવવાનું દૂર રાખી તેનાં સૂત્રોને ઉલટાં સુલટાં ગોઠવી કહેવાતા બે ત્રણ આચાર્યોએ વ્યાકરણ સાથે પોતાનું નામ જોડી તેમને છપાવવામાં જૈનોના પૈસાનું પાણી કર્યું છે. આમાં જ્ઞાનની પૂજા નથી પણ જ્ઞાનની આશાતના છે, એટલું જ નહિ પણ આચાર્ય હેમચંદ્રનો ચોકખો દ્રોહ છે.

જો તેમણે વ્યાકરણના સિદ્ધાંતોમાં કાંઇ નવું ઉમેર્યું હોત કે પંડિતો પાસે નવી શોધ કરાવી હોત તો પૈસા લેખે જ હતા. પણ પોતાનાં કે પોતાના ગુરુનાં શાસન સમ્રાટ, તપોગચ્છાલંકાર દિનમણિ, સૂરિચક્ર ચૂડામણિ, સર્વતંત્ર સ્વતંત્ર, કવિકુલકિરીટ, વ્યાખ્યાન વાચસ્પતિ આવાં આવાં ખોટાં બણગાં માટે જ સમાજના પૈસાનું પાણી થાય તે કેમ ખમી શકાય ?

ખેદની વાત તો એ જ છે કે અત્યારસુધી હેમચંદ્રનું બૃહદ્‌વ્યાકરણ તુલનાત્મક પદ્ધતિથી શોધાઇ બહાર પડયું જ નથી. જ્યારે વિદ્યમાન આચાર્યોનાં અનેક વ્યાકરણો અસ્તવ્યસ્ત રીતે બહાર પડી ચૂકયાં છે. એ આચાર્યને કોઈ પૈસા આપનાર ગૃહસ્થ પૂછે છે કે મહારાજ આ વ્યાકરણને કેટલા વિદ્યાર્થિ ભણ્યા ? તો તે ગૃહસ્થને પોતાના ખર્ચેલા પૈસાના પરિણામની ખબર પડી જશે. વર્તમાન મુનિ અને આચાર્યોને ઉપર્યુક્ત સ્વચ્છંદ પ્રવૃતિ રોકવા માટે સાધ્વીઓની પેઠે શારીરિક શ્રમવાળી પ્રવૃત્તિ અને અભ્યાસ વધારવાની અત્યંત આવશ્યકતા છે.

આ ઉપરાંત સાધુઓમાંની કેટલીક વિશેષ વ્યક્તિઓએ કાનઠી

મલયાલમ્, તામિલ, તેલગુ, નેપાલી વગેરે હિંદુસ્તાનની પ્રાંતિક ભાષાઓ સારી રીતે શીખી લેવી જોઇએ. અને તે શીખીને તે તે પ્રાંતમાં જઈને તેઓ ભગવાન મહાવીરનો આદેશ ફેલાવે તે ધર્મ અને સંયમની વૃદ્ધિની દૃષ્ટિએ ખાસ ઇચ્છવાજેવું છે.

કેટલાક સાધુઓનું વક્તૃત્વ ખીલે એ માટે આવશ્યક કેળવણી આપવી જોઇએ. અને બીજાઓ આખ્યાનકળામાં નિપુણ થવા જોઇએ.

સાધુ સાધ્વી આપણા દેશને ખૂણે પડેલા ભીલ, રાનીપરજ, સંતાલ, વગેરે તેમજ બીજી રાની પ્રજામા જઈ ને તેનીજ ભાષામાં આખ્યાનો કરે, કથાઓ કરે, અને તેમ કરીને કરુણામય ભગવાને કહેલી અહિંસાનો પ્રચાર કરે એથી બીજુ વધુ સારુ શું હોઈ શકે ?

સાધ્વીઓ પેઠે સાધુઓ પણ કેટલાય અક્ષરજ્ઞાન વિનાના છે. અને સ્પષ્ટ શુદ્ધ ઉચ્ચારવાળા તો ઘણા થોડાજ છે. તેમનામાં પણ રોગો ઓછા નથી. વળી તેમને લહિયાઓ પાસે પુસ્તકો લખાવીને પણ પાપરૂપ આરભ કરાવવો પડે છે. આ બધું મટાડવા માટે તેઓ અક્ષરજ્ઞાનવાળા થઈ આપણા વર્ગમાં અક્ષરજ્ઞાનનો પ્રચાર કરે, જૂના આચાર્યો પેઠે પુસ્તકો લખવાની પ્રવૃત્તિ આદરે, જૂનાં લખાયલાં પુસ્તકો શુદ્ધ લખવા સંકલ્પ કરે, આરોગ્યનુ જ્ઞાન લઈ પોતાના વર્ગમા આરોગ્યનો પ્રચાર કરી દારુ અને લોહીવાળી દવાઓ શ્રાવકો અને સાધુઓને પીતા અટકાવે, શુદ્ધ ઉચ્ચાર સાથે વિવિધ ભાષાની તાલીમ લઈ સરસ આખ્યાનો દ્વારા ધર્મનો સર્વત્ર પ્રચાર કરે અને દયાના પોષક રજોહરણની જેમ દયાની પોષક તકલી પાસે રાખીને પોતાને જોઈએ તેવાં વસ્ત્રો નીપજાવે. અને જો વસ્ત્રો ન ઉપજાવવાં હોય તો તેઓ અચેલક થઈને વનમાં ચાલ્યાં જાય.

સાધુ અને સાધ્વીની શરીરશુદ્ધિ માટે ખાસ પરિવર્તનની અપેક્ષા છે. શરીરશુદ્ધિ તેમના શરીરની શોભા માટે નથી કરાવવી; પણ સમાજની ગંદકી ઓછી કરવા, પોતાના શીલને વ્યવસ્થિત રાખવા કરવાની છે.

પ્રાચીન સાધુઓને વાયુસ્નાન અને સૂર્યસ્નાન પૂરતાં મળતા તેમજ તેઓ ધ્યાની હોવાથી તેમનાં બ્રહ્મચર્ય અને શીલ વ્યવસ્થિત રહેતાં. વળી તેઓ તીવ્ર તપસ્વી હોવાથી તેમના શારીરિક મળો આપોઆપ ભસ્મ થઈ જતા. આ બધી વસ્તુઓ આપણી વચ્ચે વસતા સાધુઓમાં આવવી કઠણ છે. માટે તેમણે શૌચની પેઠે શરીરશુદ્ધિ અને મુખશુદ્ધિ કરવી જોઈએ. જો તેઓ કપડાં ધૂએ છે, જો તેઓ શૌચ જઈને પાણી લે છે, અને હાથ પગ ધૂએ છે, અને જો તેમના અપાસરામાં ગાર કે પ્લાસ્ટર કરાવવું પડે છે તો સંયમના સાધક શરીરની શુદ્ધિ માટે તેઓ શા માટે સ્નાન ન કરે કે દાતણ (મુખ-શુદ્ધિ) ન કરે ?

સ્નાન બ્રહ્મચર્યનું એક આવશ્યક અંગ છે તે પણ ભૂલવું ન જોઈએ શાસ્ત્રમાં સ્નાનનો નિષેધ છે એ ખરું સ્નાન તો શું પણ મોઢા ઉપર ભીનો હાથ ફેરવવાનો પણ નિષેધ છે. પણ તે શરીરની શોભા માટે, શરીરના વર્ણ માટે, કે શરીરના શણગાર માટે; નહિ કે શરીરના નિર્વાહ માટે.

આહાર જેટલો અનિવાર્ય છે તેટલી શરીરશુદ્ધિ પણ અનિવાર્ય જ છે. આ માટે વિવેકી સાધુએ જરૂર કોઈ યુક્તિ શોધી કાઢવી જોઈએ. જેથી શ્રાવક તકલીફમા ન પડે અને તેઓ સ્વચ્છ શરીરે નીરોગી રહીને સયમ આરાધી શકે.

સંયમસિદ્ધિ માટે જેટલી શરીરની ઉપયોગિતા છે તેટલીજ ઉપ-યોગિતા વસતી (અપાસરો) અને વૈયાવચ્ચની છે. શાસ્ત્રમાં જે પ્રકારની વસતી બતાવવામાં આવી છે તે વસતી તો અત્યારે કોઈ વાપરતુંજ નથી. જો કે શાસ્ત્રમાં કહેલી વસતી વાપરવી શક્ય છે પણ સાધુઓ જે વિલાસવશ વસતીઓ સાધુતાની ભજક છે તેને વર્તમા-નમાં વાપરી રહ્યા છે. જો સાધુને સયમ પાળવો હોય અને આત્મ-કલ્યાણ જ સાધવું હોય તો તેણે એક ક્ષણભર આજના ઉપાશ્રયોમાં ઊભા રહેવું ન ઘટે. તે ઉપાશ્રયોમાં અનેક ઓરડીઓ અને અનેક

ખૂણાખાંચરા હોય છે.આવા એકાંતના ભાગો સાધુઓને સમાધિમાં સ્થાનો નિમિત્ત થવાને બદલે વિષયોપભોગનાં નિમિત્ત બને છે. તે ઓરડીઓ અને ખૂણાખાંચરાને પ્રતાપે સાધુઓનું બ્રહ્મચર્ય ટકી શકયું નથી. જો તેમને પોતાનાં શીલ અને બ્રહ્મચર્યનું રક્ષણ કરવાની આકાંક્ષા હોય અને વિષયોપભોગનો મોહ ઓછો કરવા વૃત્તિ હોય તો તેમણે વસતી એક પણ ઓરડી કે ખૂણા ખાચરા વિનાની પસદ કરવી જોઈએ.

જેવી નાતને જમવાની વાડી હોય છે તેવી વાડીઓ વસતી માટે યોગ્ય લેખાય. પણ તેમાં એ સુધારો થવો જોઈએ કે વાડીઓમા કોઈ કોઈ ભાગમાં જે ઓરડીઓ હોય છે તેવી ઓરડીઓ આમાં ન જોઈએ. અને તે વાડીઓ પણ ગામ બહાર જ હોવી જોઈએ. એક મોટો પાચ છ ફર્લાગનો ચોક હોય તેમાં એક બાજુ કે વચ્ચે ૬૦ થી ૧૦૦ ફીટ લાબી, અને ૨૦ થી ૩૦ ફીટ પહોળી ઉપર છાપરાવાળી ચાલી હોવી જોઈએ. બાકીના ખુલ્લા ભાગમાં આરોગ્યપ્રદ વૃક્ષો અને એક તરફ સરસ બાધેલો કૂવો હોવો જોઇએ આટલું હોય તો તે વસતી સરસ છે. તેમાં પણ બત્તીઓની સગવડ તો ખાસ હોવી જોઈએ. ખૂણાખાંચરાવાળાં મકાનો અને અધારાને લીધે મોટ મોટા આગમધર સાધુઓના જે ભવાડા સભળાયા છે તેથી અત્યત ક્લેશ પામીને આવી વસતીની કલ્પના કરવી પડી છે.

મુનિરાજો એમ શંકા કરશે કે ગામ બહાર અમારી વખાણુ વાણી સાભળવા કોણ આવશે અને નહિ લોકો સાંભળે ત્યાં સુધી તેમનું કલ્યાણ પણ શી રીતે થશે ? પણ હું હાથ જોડીને તેમને વિનતિ કરુ છું કે હવે તેઓ અમારી મુદ્દલ ચિંતા ન કરે. અને માત્ર છજ મહિના વખાણવાણી બંધ રાખીને અતર્મુખ થઇ ને પોતાનું જ વખાણ વાચે તો તેમને મારી નમ્ર સૂચનાનો હેતુ ખ્યાલમાં આવી જશે.

શ્રાવકો પણ પોતાની ધાર્મિક ક્રિયાઓ માટે આવી વસતીની વ્યવસ્થા નહિ કરે તો તેમનાં સામાયિક અને પૌષધો ઉપર પાણી ફરવાનું છે એમાં જરાય શક નથી. ફરીથી કહેવું જોઇએ કે એવી વસતીમાં પણ બત્તિઓની વ્યવસ્થા કરવા ભૂલવું ન જોઇએ.

શ્રાવકો અને બાળકો રાત્રે મુનિરાજોની વૈયાવચ્ચ કરવા પધારે છે તે તુરતમાં બંધ થવું જોઇએ. એ પગચપીનાં પરિણામો ઘણાં અનિષ્ટ આવ્યાં છે. અને સાધુની એ ભક્તિ તેમના સયમ અને શ્રાવકના ચારિત્રની ભજક બની છે.

સાધ્વીઓ માટે પણ આવી જ જરા વધારે મર્યાદાવાળી વસતી હોવી જોઇએ. અત્યારે તો સાધુ ઉપર અને સાધ્વી નીચે રહે એવા દેખાવો નજરે આવ્યા કરે છે. એ જૈનશાસનને શોભા આપે એવું નથી. વર્તમાન ઉપાશ્રયોને નિશાળના કે એવા બીજા કામમા લેવાથી તેની સફળતા છે.

આવી જાતની વસતીઓમાં રહેવાથી સાધુ સાધ્વી ઉપર જે મેલાપણાનો આક્ષેપ છે તે ટળી જશે. એવી વસતીઓમા વાડા નહિ રાખવા પડે અને શહેરના રસ્તા ઉપર જે ગદકી તેમનાથી થાય છે તે અટકી પડશે; અને ભગવાને કહેલી પારિષ્ઠાયનિકા સમિતિનું સ્વાભાવિક રીતે પૂરેપૂરુ પાલન થઇ જશે.

આવી વસતીઓમાં રહેવું સાધુઓને થોડું આકરૂ લાગશે. પણ જો તેઓ તે જાતનો અખતરો કરશે તો તેમાં તેમનું અને સંઘનું સ્વાસ્થ્ય સમાએલું છે એવો ખ્યાલ આવ્યા વિના નહિ રહે. આવી વસતીઓમાં જ એક ખૂણા પર એક સાદુ એટલે કે તદ્દન ઓછા ખર્ચવાળું અને વાસી શકાય તથા ઉઘાડી શકાય તેવી જાળી વાળું મદિર હોય તો તે ગામના શિખરબધ મંદિરો કરતાં વધારે શ્રેયસ્કર છે. આ કાળમાં તો જે આવુ મદિર બંધાવશે તે જ મદિર બંધાવવાનું ખરૂં ફળ પ્રાપ્ત કરશે.

પાંચમું ક્ષેત્ર જિનાગમ આવે છે. જિનાગમના ક્ષેત્ર માટે

જિનાગમ

આપણા સઘમાંના કોઇએ આ જમાનાને અનુકૂળ કશો પ્રયત્ન કર્યો હોય તેવું જણાતું નથી.

જૂના લોકોએ તે તે કાળને યોગ્ય પ્રયત્ન અવશ્ય કરેલા છે. પરંપરાથી ચાલતી આવેલી જિનવાણી પુસ્તકારુઢ થઇ. તેના ઉપર નિર્યુકિત, ચૂર્ણિઓ, ભાષ્યો, ટીકાઓ વગેરે લખાયા તેની પણ નકલો લખવાનો પ્રચાર થયે તેના અનેક ભંડારો અનેક સ્થળે સ્થપાયા જો કે લખનારો એક ધધાદાર વર્ગ હતો, પણ કેટલાક આચાર્યો અને વિદ્વાન સાધુઓ પણ શુદ્ધિની દૃષ્ટિએ લખીને જ્ઞાનની પૂજા કરતા. અત્યારના ભંડારોમા એવાં કેટલાય પુસ્તકો છે જે અનેક દિગ્વિજયી આચાર્યોએ લખેલા છે. ન્યાયવિશારદ યશોવિજય ઉપાધ્યાય પુસ્તકો હાથે લખતા, એ તેમના હસ્તાક્ષરવાળા અનેક પુસ્તકો જોવાથી આપણને માલુમ પડે એવું છે.

અત્યાર સુધી આવી આગમની પૂજા કાળને અનુરૂપ હતી પણ હવે આ યુગમા તેની પૂજા જે રીતે આપણે કરીએ છીએ તે પૂજા નથી પણ તેની આશાતના જ છે જો આપણે એ પૂજામા સાવધાન રહ્યા હોત તો આપણુ સાહિત્ય લંડન અને બર્લિનની પુસ્તકાલયોમાં જે શોભા પામી રહ્યુ છે તેવી શોભા આપણા ભંડારોમાં પામત.

જેમ શરીરને સાચવવાં આપણે વ્યવસ્થા કરવી પડે છે તેમ પુસ્તકનું અંતર અને બાહ્ય સાચવવા વ્યવસ્થા ન કરીએ તો આપણે આગમના પુજક નથી પણ નાશક છીએ. આગમની પૂજા રૂપાના પાટલા ઉપર મૂકવાથી થતી નથી. પુસ્તકને અંદરથી ઉધઇ ખાતી હોય અને ઉપરથી રેશમી બંધન બાંધેલ હોય તથા તેની ઉપર ફૂલ વાસક્ષેપ કે રુપિયા પડેલા હોય તે શુ તેની પૂજા છે?

આપણે ત્યાં વર્ષમાં એક જ્ઞાનપંચમી આવે છે તે દિવસે થોડાક પતાસાં, પૈસા કે લાડવા ચડાવીને અને દેવવંદનાદિની થોડી ક્રિયાઓ કરીને જ્ઞાન પૂજાથયાનુ માની લઇએ છીએ પણ એ દેવવંદનાદિમાં જે જે આગમોનું આપણે સ્મરણ કરીએ છીએ તે આગમોની શી દશા છે તેનો કોઈ ભાઇબ્હેન વિચાર કરતા હોય તેવુ જણાતુ નથી.

એક વાર ખરે બપોરે હું ભંડાર જોવા ગયેલો ત્યારે તે વખતે ત્યાં રહેતા એક હૃષ્ટપુષ્ટ આચાર્ય મારી સાથે આવેલા. મેં તેમને કહ્યુ કે "તમારા અહીંના નિવાસ દરમ્યાન આ પુસ્તકોનો ઉદ્ધાર થાય તેવો કાંઈ પ્રયત્ન ન કરો?" તેમણે તેમના શરીરને બરાબર છાજે તેવો જ જવાબ આપ્યો "આવે ખરે બપોરે અહીં આવેય કોણ? આતો તમે અહીં આવ્યા છો એટલે આવ્યો છુ. વળી અમને ફુરસદ પણ નથી. અત્યારે તો સૂવાનો વખત છે." ભગવાન મહાવીરના વારસના મોઢામાં આવો જવાબ શોભે ખરો?

હું એક બીજા ભંડારમાં ગયેલો. પણ તે પુસ્તકભંડારમાં એક કોઠીમાં દાણાની જેમ પુસ્તકો ભર્યાં હતાં. ત્યાં કામ કરવા બેઠા પછી તરત અર્ધો કલાક પછી મને તાવ આવી ગયો અને એજ દશામા મેં બરાબર પાચ છ કલાક કામ કર્યું. જ્યાં આપણા ભંડારોનાં મકાનની આવી દશા છે ત્યાં જ્ઞાનપંચમીને દિવસે કાગળ કાઢીના ઢગલા કરીએ તે કયા પ્રકારની જ્ઞાનપૂજા છે તે સમજાતું નથી.

જો આપણે ખરી જ્ઞાનપૂજા કરવી હોય અને આગમના ક્ષેત્રને સમૃદ્ધ બનાવવું હોય તો નીચે પ્રમાણેની યોજના તમારી સમક્ષ મૂકુ છુ:

પહેલી તો ભંડારવાર એકેએક લખેલાં પુસ્તકોનું વિષયવાર અને કર્તાવાર વર્ગીકરણ કરીને પ્રકાશિત કરવું જોઇએ. પછી તેમાંના દરેક પુસ્તકને પાકા બાઇન્ડિંગથી બંધાવવું જોઈએ (લખેલાં પુસ્તકોની બાંધણીનો નમૂનો જોવો હોય તો એકાદ પુસ્તક બર્લિનથી મંગાવી જોઈ લેવું).

સાધુઓમાંના કેટલાક ભણેલાઓએ અશુદ્ધ પુસ્તકોને શુદ્ધ કરવા પ્રયાસ કરવો જોઇએ, અને પછી તેની પ્રતિલિપિઓ ભણેલા સાધુ સાધ્વીઓ પાસે કરાવવી જોઈએ; અને કદાચ વધારે પ્રતિલિપિ કરાવવી હોય તો લહિયાઓ પાસે કરાવવી જોઇએ. દરેક લખેલી પ્રતિલિપિ વિદ્વાન સાધુઓએ તપાસવી જ જોઇએ. કોઈ પણ શોધાયા વગરની

પ્રતિલિપિ ભંડારમાં ન જ રહી શકે. આવા પ્રયાસના અભાવે આપણાં કેટલાંય પુસ્તકો નષ્ટ થઈ ગયાં છે એટલું જ નહિં પણ છેક સૂત્ર અને ચૂર્ણિઓ જેવાં અગત્યનાં પુસ્તકો એટલાં બધાં અશુદ્ધ છે કે જેને શોધવાનું કામ બહુ દુષ્કર થઈ પડયું છે.

દરેક જીર્ણ પ્રતિની પણ એ રીતે શુદ્ધ પ્રતિલિપિ થવી જોઈએ, અને ભંડારના માલિકો વરસે વરસે જે તાડપત્રના કટકાઓ ફેંકી દે છે તે અટકા જવું જોઇએ. કોઈ પણ તાડપત્રનો કટકો ફેંકાય તે પહેલાં વિદ્વાનની સમક્ષ આવવો જ જોઈએ. પાટણમાં તાડપત્રના કકડાનો ભરેલો ડબો જોઈને ખરેખર મને તો રડવું જ આવેલું.

દરેક ભંડાર ઉપર એક વિદ્વાન ગ્રંથપાલ નિયત થવો જોઈએ. આ તો થયું લખેલ પુસ્તકોનું પૂજન. પણ તેની સમયોચિત પૂજા આ પ્રમાણે કરવી જોઈએ:

એ પુસ્તકોમાંથી અત્યંત ઉપયોગી પુસ્તકોને જ છપાવવાં જોઇએ. તમે કહેશો કે અત્યારની બધી સભાઓ અને સમિતિઓ ગ્રંથો છપાવે તો છે! પણ એ છપાવવું આ જમાનાને બિલકુલ અનુપયોગી છે.

જે પુસ્તક છપાવવું હોય તેની જેટલી મળે તેટલી પ્રતો ભેગી કરવી જોઈએ. પછી મૂળ શુદ્ધ પાઠને ઉપર રાખી બાકીના અર્થવાળા ઉપયોગી પાઠોને નીચે મૂકવા જોઈએ. પાછળ ગાથા, શબ્દ, અને ઐતિહાસિક માહિતીના અનુક્રમો, શરૂઆતમાં વિસ્તૃત વિષયાનુક્રમ અને ગ્રંથને લગતી બધી બાબતો વાળો મોટો ઉપોદ્ઘાત, અને જો પુસ્તક સર્વોપભોગ્ય થઈ શકે એવું હોય તો તેનો ગૂજરાતી સાર કે અનુવાદ! આટલું તો ઓછામાં ઓછું દરેક પુસ્તકમાં હશે તો જ આજનો વિદ્યાર્થીગણ તેનો ઉપયોગ કરી શકશે. આમ નહિ કરવામાં આવે તો સાહિત્યનો પ્રચાર થવાનો નથી અને અત્યાર સુધી આમ નહિ થએલું હોવાથી થયો પણ નથી.

આગમોદય સમિતિએ આગમોની પૂજા કરી છે કે આશાતના કરી છે તે કહેવું કઠણ છે. તમે તો વેપારીઓ છો. તમારામાંના ઘણા ઓછા સંસ્કૃત પ્રાકૃત જાણતા હશે. તેથી જ તમને એ વસ્તુની સમજણ ન પડે. પણ જ્યારે હું એ સમિતિના આગમો જોઉં છું ત્યારે તેમાં મૂળ પાઠ કાંઈક હોય, ટીકામાં તેની પ્રતિક જુદી જ હોય, પાઠાંતરો તો કયાંય મળે જ નહિ અને વિષયાનુક્રમનું તો નામ જ ન મળે! એ બધું તો ઠીક પણ કેટલાંક અંગોનાં નામ પણ ખોટા છપાયા છે. તે આગમો મારા કામમાં આવ્યાં છે તેથી તે સમિતિનો ઋણિ તો છું જ; તોપણ એ પદ્ધતિને હું તો પસંદ ન જ કરૂં. મારો આ અણગમો મેં આનંદસાગરજી મહારાજને જણાવેલો.

આપણાં આગમો એ વેદ જેવાં છે. તેનાં સંસ્કરણો કાઢવાં હોય તો સંસ્કાર કરનારે પહેલાં તેની ભાષા ઉપર કાબૂ મેળવવો જોઈએ. તેમાંનો વિષય તો તેમને એવો આવડવો જોઇએ કે તે આજના વિદ્વાનવર્ગને બરાબર સમજાવી આપે' આનો અર્થ એવો નથી કે અનુભવગમ્ય વસ્તુને બુદ્ધિગમ્ય કરી દે, પણ બુદ્ધિગમ્યને તો તે રીતે જ કરી દેવુ જોઈએ. અત્યારે કોઈ કહે કે સાધુઓના પગ ચાંપવાથી બાહુબળ જેટલુ બળ મળે છે એમ શાસ્ત્રમા લખેલું છે. તો તે વાત કોઈ માનવાનું નથી.

જે આગમનું સંસ્કરણ કાઢવું હોય તેની દરેક પ્રાંતમાથી મૂળ, ટીકા, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટબાની પ્રતો મેગાવવી જોઈએ. એ પ્રતો ઉપરથી શુદ્ધ પાઠોનુ વર્ગીકરણ કરીને ટીકામાં મૂળથી જુદી ન પડતી પ્રતિકો મૂકીને, નીચે બધા પાઠાંતરો આપીને અને મૂળના વિષયને અનુસરતી બૌદ્ધ અને વૈદિક ગ્રંથોમાં આવેલી ચર્ચાઓ નીચે ગોઠવીને છપાવવું જોઈએ. આમ થવાથી આગમોના અભ્યાસ તરફ બધાનું ધ્યાન ખેંચાશે. તદુપરાંત જૈનધર્મનો સર્વ-ધર્મસમભાવનો સિદ્ધાંત લોકમાં વ્યાપક બનશે.

અત્યારે તો પાટ ઉપર બેસીને વ્યાખ્યાન આપનાર કોઈ સાધુઓને પૂછીએ કે ભગવાનના અભિષેક વખતના કળશો પચીસ યોજન ઊંચા ,બાર યોજન પહોળા, અને એક યોજન લાંબા નાળચા વાળા શાસ્ત્રમાં કહ્યા છે તો પ્રશ્ન એ થાય છે કે ભલા ! સ્નાન-કરનાર અને કરાવનાર કેટકેટલા દૂર બેઠાં હશે ? એ કળશમાં પાણી કેટલું માયુ હશે ? દેવો રાત્રે અભિષેક કરવા કેમ આવ્યા ? દિવસે કેમ ન આવ્યા ? તેમને કોઈનો ડર હતો તે તો માની શકાય તેવું નથી; કારણ કે દિવસે સમવસરણમા તો આવે જ છે ? તો અભિષેક વખતે કેમ ન આવી શકે ? અને બુદ્ધિમાન દેવો દ્વારા અભિષેક માટે ૨૫ યોજન ઊંચા એક કરોડ સાઠ લાખ કળશોથી પાણીનો વ્યય થાય એ શું શોભારૂપ છે ? લાખ યોજન ઊંચો મેરૂ અત્યારે ક્યાં સંતાઈ ગયો છે ? આખી પૃથ્વીની અનેકવાર પ્રદક્ષિણા કરનારા અત્યારે હયાત છે પણ એમાંનો કોઈ પણ તે વિષે કાંઈ કહેતો હોય તેવુ સંભળાતું નથી ! આવા આવા અનેક પ્રકારના પ્રશ્નો સાંભળીને મહારાજ ધ્રૂજી ઊઠે છે અને આવી જ વાતો જ્યારે પુરાણમાં આવે છે ત્યારે તેની નિંદા કરવાનું પણ ચૂકતા નથી

આવા આવા મુનિરાજો જે વર્ગમા વસે છે તે વર્ગના હાથે આગમોનો ઉદ્ધાર થાય તે નહિ થયા જેવો જ સમજવો. મને આગમોદ્ધારની જે રીત પસંદ છે તે મેં આગળ જણાવી દીધી છે.

ખરી રીતે જો આગમપૂજા કરવી હોય તો તેને વિખ્યાત આચાર્યોના નામની ગ્રંથમાળાઓ કાઢી તે દ્વારા તેમના જ ગ્રંથો ઉપર કહેલી રીતે પ્રકાશિત કરવા જોઈએ આમ થવાથી જ ખરી ગુરુપૂજા થશે, નહિ કે માત્ર તેઓની મૂર્તિ પધરાવવાથી.

અત્યારના કેટલાક લોકો અંગ્રેજોએ શોધેલાં અને છપાવેલાં આપણાં પુસ્તકો ઉપર ભાર મૂકે છે; પણ તટસ્થ ભાવે તપાસતાં માલુમ પડે છે કે તેમા પણ આપણને ચોંકાવનારી ખામીઓ રહી જવા પામી છે.

શ્રી. જીવરાજ ઘેલાભાઈ નામના ગૃહસ્થે જેકોબીએ તપાસેલાં આગમો છપાવ્યા છે. પણ તેમાંય અર્થદોષ અને અશુદ્ધિઓનો પાર નથી. અમુલખ ઋષિ નામના એક સાધુએ આગમોનો ઉદ્ધાર કર્યો છે પણ તેમા પણ એજ પ્રકારના દોષો ઉપરાત મતાગ્રહ વધારે છે. બાબુ સાહેબે જ્યારે આગમો છપાવ્યાં ત્યારે આ જાતની શુદ્ધિ કરવાનું તેમને કોઈ સૂઝાડે એવુ ન હતુ. એટલે તેમનું આગમો માટેનું દાન પ્રશંસનીય છે. અંગ્રેજોનો પ્રયત્ન પણ અત્યંત આદરણીય છે. પણ આપણી બેદરકારીથી આગમોની જે આશાતના થઈ રહી છે તે અટકી જવી જોઈએ. અને તેના સારા અભ્યાસી અને સંપાદકો આપણામાંથી તૈયાર કરીશું ત્યારે જ આગમપૂજા સમાજના હિત સાધનમાં સફળ નીવડશે. અન્યથા જેમ અત્યારે ચાલે છે તેમ ચલાવ્યા જ કરીશું તો એક તરફ આગમો સડયા કરશે અને બીજી બાજુ આપણી પૂજા પણ ચાલ્યા જ કરશે પરિણામે આગમોનો ક્ષય થવાનો એમાં શંકા નથી.

પુસ્તક લખાવવુ કે લખવુ તે ધર્મનું અંગ એટલા જ માટે મનાયું છે કે તેનાથી સમાજના ઉન્નતિકર સાહિત્યનો પ્રચાર થાય અને સમાજનુ આરોગ્ય સચવાય.

અત્યાર સુધીમાં આપણે ત્યા એક પણ આવી સંસ્થા નથી કે જે જૈન–સાહિત્યને સરલ ગુજરાતીમાં સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયની પેઠે ફેલાવતી હોય. આવી સંસ્થાને અભાવે જૈનધર્મના સંબંધમાં ઘણા વહેમો અને ભ્રમો બીજા લોકોમા પેઠેલા છે; અને એને પરિણામે આપણને નાસ્તિક પણ ગણે છે.

હવે તો તમે જાણો છો કે ધર્મ ફેલાવવામાં સાહિત્યપ્રચાર મુખ્ય ભાગ ભજવે છે. બાઈબલની દરેક ભાષામાં અનુવાદવાળી લાખો પ્રતિઓ પાણીના મૂલ્યે ફેલાવવાથી અને એવાં બીજાં કેળવણીનાં સાધનોથી દરિયાપારનો ખ્રિસ્તીધર્મ આપણે ત્યાં ઘર કરી

ગયો છે એ બધાને સુવિદિત છે. હજુ જો આપણે આંખ ઊંચી કરી નહિ જોઈએ અને દરેક પ્રાંતની ભાષામાં આપણું સાહિત્ય તૈયાર કરી પાણીને મૂલે નહિ ફેલાવીએ તો ભગવાન મહાવીરના વિચારોના શું આપણે દ્રોહી નથી થતા ?

આગમપૂજામાં માત્ર પુસ્તકોનું પ્રકાશન જ નથી આવતું પણ વિદ્યાર્થીઓને ઉત્તેજન મળે એવી બધી પદ્ધતિઓ સમાઈ જાય છે. આપણા છાત્રાલયો નાતજાતના કે ધર્મમતના મતભેદ વિનાનાં હોવાં જોઈએ. ફી ન આપી શકે તેવાઓને ફી પૂરી પાડવી અને પુસ્તકો ન મેળવી શકે તેને પુસ્તકો આપવાં, જ્યાં શિક્ષાનો પ્રચાર નથી ત્યાં ક્ષેત્ર જઈને શિક્ષાનો પ્રચાર કરવો: આ બધું આગમપૂજામાં આવી જાય છે

પણ આપણે તો આગમપૂજાનો એવો અર્થ લઈ બેઠા છીએ કે જેને પરિણામે ભગવાન મહાવીરની સંસ્કૃતિ અત્યારે વગોવાઈ રહી છે. છતાંય આપણે તો આગમપૂજાના નગારાં વગાડ્યેજ જઈએ છીએ. બીજું તો ઠીક પણ જેનો વરઘોડો આપણે હાથી ઉપર કાઢીએ છીએ એવા કલ્પસૂત્રની પ્રતિ પણ પૂર્ણ રીતે શુદ્ધ છપાયેલી ઉપલબ્ધ નથી. વળી ભગવાન મહાવીરના ચરિત્રના સાંસા જ છે. છતાં આપણે તેમની માતાનાં સ્વપ્નાંઓનું નાટક તો ભજવ્યાજ કરીએ છીએ !

છઠ્ઠું અને સાતમું ક્ષેત્ર જિનબિંબ અને જિનભવનનું છે.

જિનબિંબ અને જિનભવન

આપણે ભક્તિને નામે જે પવિત્ર જિનભવન અને જિનમૂર્તિની ભારે આશાતના કરી રહ્યા છીએ. છતાંય એ વસ્તુ આપણા ખ્યાલમાં આવતી નથી.

પહેલી આશાતના તો શ્વેતાંબર દિગંબરની લડાઈ. ભલા ! વીતરાગની મૂર્તિ માટે કોઈ કાળે આવા કજીયા થયા હશે ખરા ? એક જણ આવીને ભગવાનની મૂર્તિની આંખો કાઢી નાખે તો બીજો

આવીને ચોપકાવે! એક જણ ફૂલ ચડાવે તો બીજો ઉતારી નાખે! આ તે મૂર્તિની પૂજા કે મશ્કરી?

જૂના વખતમાં તો એવી મૂર્તિઓ હતી જે શ્વેતાંબર તેમજ દિગંબરને બરાબર માન્ય થતી. શ્વેતાંબરો અને દિગંબરો એકજ મૂર્તિનો અભિષેક કરતા. શ્વેતાંબર સંઘવીના સંઘમાં હજારો દિગંબરો જતા. આ બધો પ્રેમ કયાં સંતાઇ ગયો? જો મૂર્તિના જ કારણથી વિદ્વેષ થતો હોય તો હું તો મૂર્તિને ભંડારવાની જ સલાહ આપું. પણ વિદ્વેષનું ખરું કારણ તો જુદુ જ છે. અને તે તમને બધાને શાંત ચિત્તે વિચારવાથી જડી આવશે.

અંતરીક્ષ ભગવાનનો કજીઓ, કેસરિયાનાથજીમાં થયેલાં ખૂનો, મક્ષિજીનુ તોફાન આ બધું શું મહાવીરના પુત્રોને મહાવીરનાજ નામે કરવુ શોભા આપે એવું છે?

પહેલા તો મારે સ્પષ્ટ કહી દેવું જોઇએ કે આંખો ચોટાડવાની પદ્ધતિ, ટપકા લગાડવાની પદ્ધતિ અને તંબોળ લગાવવાની રીત જે શ્વેતાંબરોએ પકડી છે તે ખોટી જ છે. કયા ફળદ્રુપ ભેજામાથી એ જન્મી હશે એની કલ્પના કરવી નકામી છે.

વીતરાગની મૂર્તિ માત્ર સમાધિદશાવાળા હોવાથી નિર્મિલિત નેત્રવાળી હોય છે. પણ શ્વેતાંબરોને કોણ જાણે કેવી આંખે મળી છે કે તેમને ભગવાનની ઢળેલી આંખો દેખાતી નથી.

ભગવાનને લંગોટ કે કંદોરો રાખવાની રીત કોણ જાણે કયા મહર્ષિએ શોધી છે કે જેને પરિણામે શ્વેતાંબર દિગંબરો લડયા જ કરે છે.

શેરિષા તીર્થમાં મેં જોયુ તો ત્યાંની મૂર્તિ ઉપર લેપ કરેલો હતો. અને કંદોરો પણ મોટો પાંચ સેંરનો પાટી જેવો પહોળો કરેલો; તે એટલા માટે કે કોઇવાર દિગંબર એ મૂર્તિનો ધણી ન થઈ જાય.

પણ એ પાંચ સેરનો કંદોરો બનાવનારે કદીએ ન વિચાર્યું કે આવો કંદોરો તે વીતરાગને શોભે?

જે મહાપુરુષ યથાજાત વિચરતા અને તેજ રીતે જીવતા સુધી રહ્યા તેની આ કેટલી બધી વિડંબના?

શ્વેતાંબર દિગંબરનો કજીયો પરસ્પર ઇર્ષા અને દ્વેષમૂલક છે. તેમાં ધર્મનો અંશ પણ નથી અહીં આવેલાં સાભળનારા બ્હેનોએ અને ભાઇઓએ કજીયા તરફ જરાપણ લક્ષ ન આપવુ જોઈએ. આપણે તો ભગવાનની દશા સૂડી વચ્ચે સોપારી જેવી કે બે પત્નીવાળા પતિના જેવી કરી નાખી છે. અને એ બધુય ભગવાન મહાવીરની ભક્તિના નામે જ!

વીતરાગની મૂર્તિ ઉપર લાખોના ઘરેણાં ચડે, પુષ્પોના ટોપલાથી તે મૂર્તિ ઢંકાઇ જાય, મૂર્તિની પાસે ઘીના ડબાના ડબા બળી જાય, દૂધના હાડા ઠલવાય, આ બધુ શુ તેની ભક્તિ છે? જ્યા પૂજનારા પૂરું ઘી દૂધ પામતા નથી, દરિદ્ર હાલતમાં ધધા વિના રખડયા કરે છે, ત્યાં એવી પૂજાઓ બહુ દિવસ નહિ નભે.

વીતરાગનુ નામ લઇને લાખો રુપિયા ભેગા કરવામાં આવે છે. અને તે દ્રવ્ય મૂર્તિને મઢાવ્યા સિવાય બીજામા વપરાતુ નથી. પણ એ દ્રવ્યના ટ્રસ્ટીઓએ ખ્યાલમાં રાખવુ જોઈએ કે જો તેઓ એ દ્રવ્યનો ઉપયોગ સમાજના હિતમા નહિ કરે તો ટર્કીમાં મસ્જીદ વગેરે ધર્મસ્થાનોની જે દશા કરવામા આવી છે તે દશા મંદિરોની થશે.

જ્યા જુઓ ત્યાં મંદિરની આસપાસ ગંદકીનો તો પાર જ નહિ; એટલું જ નહિ પણ એક બાજુ મૂર્તિ અને તે મૂર્તિની જ પાછળ પોળનું પાયખાનુ. એવા પણ મંદિરો આ રાજનગરમાં શોભી રહ્યાં છે! આતે ભગવાનની પૂજા કે આશાતના? આવી ગંદકીમાં આપણી પૂજાથી શું શ્રેય સધાવાનું હતું?

મૂર્તિપૂજા શરૂ કરનારે હેતુ કાંઇ સારો જ રાખ્યો હશે. પણ પછીથી એ હેતુ મુદ્દલ સચવાયો નથી. તેમાં અનેક વહેમો ઘૂસી ગયા છે. ગામમાં પ્લેગ થયો હોય તો વૈજ્ઞાનિક ઉપાયોને બદલે લોકો મૂર્તિની સામે શાંતિસ્નાત્ર ગોઠવી દેવદેવીઓને બોલાવે છે. મૂર્તિની પ્રતિષ્ઠા વખતે તો તેની પરણવા જનાર વરના જેવી દશા કરવામાં આવે છે, એક બાઇ દીવડો લે છે, તો એક બાઇ પોંખે છે અને બાકીની બધી ભેગી મળીને ભગવાનના વિવાહનાં ગીતો ગાય છે. આ તોફાન કયા શાસ્ત્રમાંથી કોણે શોધ્યુ છે તે શોધ્યુ જડતું નથી. કારણ કે જેમ જેમ વિચાર કરવામાં આવે છે તેમ તેમ આ બધાં તોફાનો વીતરાગની મૂર્તિ સાથે બંધબેસતા જણાતા નથી.

જ્યારથી પશુયજ્ઞો બંધ થયા અને વનસ્પતિયજ્ઞો શરૂ થયા ત્યારની કેટલીક યાજ્ઞિક પદ્ધતિ આ મૂર્તિપૂજામાં ઘૂસી ગયેલી છે. જે ભગવાને સંયમ લીધા પછી કદી દર્પણમાં મોઢું જોયુ નથી, તેમની સામે દર્પણપૂજા ! જેણે માત્ર વાઉકાયની રક્ષા માટે શરીરના હલન ચલનને પણ બંધ રાખ્યુ છે, તેની ઉપર આ ચામરોની ધમાલ ! જે ચામરો એક પ્રકારના ગોવધનુજ પરિણામ છે. જેમણે સર્વવિરતિ સ્વીકાર્યા પછી એક પુષ્પની પણ પાંખડી દૂભવી નથી તેનીજ પૂજાના નિમિત્તે બિચારા પુષ્પોનો ઘાણ ! આ બધામા કયાય પણ એ વીતરાગની પૂજા થતી હોય તેવું જણાતું નથી.

ખરો વિચાર કરો તો એ બધુ વનસ્પતિયજ્ઞની છાયા છે. ભાનભૂલેલા અને લાલચુ એવા આપણા લોકો પોતાની લાલચની પૂર્તિ માટે પૂજાને નામે અનેક જીવોનું બલિદાન કરતા પણ અચકાતા નથી. અને પાછા બીજા હિંસાવાળા યજ્ઞોનો નિષેધ કરતાં પણ શરમાતા નથી ! જે પુષ્પો પાકાં થયેલાં હોય કે એની મેળે ખરી પડેલાં હોય તેજ પુષ્પો દેવપુષ્પો છે, અને તેમની દ્વારા દેવપૂજા થવી જોઈએ. પણ આટલો વિવેક કોણ દાખવે ? અપકવ પુષ્પો જે

બૂમો પાડે છે તે આપણા નિષ્ઠુર કાનમાં નથી આવતી પણ તે બૂમો જગદીશચંદ્ર બાબુના કાનમાં તો કયારનીય પહોંચી ગઈ છે.

આનો અર્થ કોઈ એમ ન કરે કે મૂર્તિ ન માનવી કે તેની પૂજા ન કરવી. આનો સરલ અર્થ એ છે કે મૂર્તિદ્વારા પરમાત્માનું સ્મરણ કરવુ અને જે સાધનોમા ઓછામાં ઓછી હિંસા થતી હોય તે સાધનોનો ઉપયોગ કરવો અને જે સાધનો માત્ર આડંબરરૂપ છે તેને દૂર કરવાં.

જિનવરની ખરી પૂજા તો જિનવરની આજ્ઞાને આચારમાં મૂકવામાં જ છે. મૂર્તિને નહિ માનનારા પણ જો તેમની આજ્ઞાનુસાર આચરણ કરશે તો તે પણ ભગવાનની પૂજાજ છે. અને મૂર્તિને પૂજનારા પણ જો તેમની આજ્ઞાને નહિ અનુસરે તો તેઓ ભગવાનની પૂજા નથી કરતા પણ મશ્કરી જ કરે છે.

વૈષ્ણવોના શૃંગારની જેમ આપણે ત્યા પણ એ પ્રથા શરૂ થઈ છે એટલુંજ નહિ પણ હવે તો હદને પણ વટાવી ગઇ છે. જેઓ રૂપેરી કે સોનેરી પાનાથી અને બાદલાથી મૂર્તિને શણગારવામા કલાકોના કલાકો ગાળે છે તેઓ વિચારશે કે તેઓ કોને શણગારે છે? ભલા! વીતરાગને શણગાર હોય ખરા?

અત્યારે જ્યાં રસ્તાઓ ઉપર મોટરનાં ભૂંગળાંઓ ગર્જી રહ્યાં છે અને ટ્રામની ઘંટડીઓ સતત વગડયાજ કરે છે ત્યાં મંદિરનાં નગારાં અને ઘંટો શું કામનાં છે એ મારી તો સમજમાં જ નથી આવતું.

પૂજામાં કેસર લગાડવાની શોધ શામાટે કોણે કરી છે તે તો હજુ જૈન વિજ્ઞાનશાસ્ત્રીઓને ઉકેલવાનું બાકી જ છે. અત્યારે તો એ મૂર્તિ તીર્થની પેઢી ચલાવનારાઓને દ્રવ્ય પેદા કરવાનું સાધન થઇ પડી છે. આજે કેટલાંય જિનભવનો જીર્ણ દશામાં પડી રહ્યાં

છે અને આપણા પૂર્વજો તે જીર્ણ દશા નિહાળીને પોતાના સંતાનો તરફ વિષાદભરી દૃષ્ટિથી જોઈ રહ્યા છે. પણ આપણા જેવા પૂજારીઓ અર્થાત ખરેખરા પૂજાના અરિઓને (શત્રુઓને)તેની શી પડી હોય ?

આથી કોઈ સ્થાનકવાસી એમ ન સમજે કે આપણો પક્ષ મજબૂત છે પક્ષ તો કોઈનોય મજબૂત નથી જ. બન્ને આગ્રહમાં પડયા છે. અને દુરાગ્રહમાં પડીને એક જિનની મૂર્તિની આશાતના કરી રહ્યો છે, જ્યારે બીજો તેના નામની આશાતના કરી રહ્યો છે

આ પ્રકારે આપણે અનેક રીતે જિનભવનની અને જિન-બિંબની આશાતના કરી રહ્યા છીએ પણ હવે તો સમજપૂર્વક એ આશાતનાથી બચી જવુ એજ આપણો ધર્મ છે. અને જ્યારે એ આશાતનાનો નાશ થશે ત્યારે નહિ હોય શ્વેતાંબર દિગંબરના ઝગડા કે નહિં હોય મૂર્તિપૂજક સ્થાનકવાસીના ટંટાઓ ?

એ આશાતનાથી દૂર રહેવા માટે સૌથી પહેલુ આપણે એ કરવાનુ છે કે ઉપર જણાવેલી રીતે વસતીની પેઠે જિનમંદિરો બહાર ખુલ્લા ચોગાનમ બંધાવવા માટે જ્યાં આસપાસ જળાશય હોય અથવા પ્રાકૃતિક સૌંદર્ય હોય (કદાચ એવુ કાંઇ પણ ન હોય તોપણ ખુલ્લું મેદાન તો અવશ્ય હોવુ જોઇએ) ત્યા જિનભવન આપણને પોષાય એટલુ જ ખર્ચ કરીને બંધાવીએ; તેમાં પછી ભલે શિખર કે ચોકીઓ વગેર ન હોય અને એવું ખર્ચ કોઇને પોષાતું હોય તો ભલે કરે પરતુ એ શિખરો વગેરે હોવું જ જોઈએ એ પ્રકારનો આગ્રહ ટળી જવો જોઈએ.

કોઇ સારા શિલ્પી દ્વારા તેની સાદી બાંધણી નક્કી કરાવવી જોઈએ. જે મેદાનમાં જિનભવન હોય તેજ મેદાનમાં એક બાજુ વ્યાયામનો અખાડો હોય તેમજ એક બાજુ સ્નાનાગાર હોવાં જોઈએ. આ જાતનાં જિનમંદિરો ઉપર જ્યારે રાષ્ટ્રીય ધ્વજ ફરકશે ત્યારે

આપણા કલ્યાણનો સૂરજ ઉગશે નહિતર કાકાસાહેબના શબ્દોમાં જે મંદીરના દ્વારે જમૈયાવાળા આરબો હશે તે જિનમંદીરો નથી પણ શાક્ત મંદીરો છે.

આપણે વહેલામાં વહેલી તકે જિનભવનોમાં અને જિનબિંબોમાં ઘટતો ફેરફાર કરી એ આશાતનાથી દૂર થવું જોઇએ; અને એમ થશે ત્યારે જ એ ક્ષેત્રોની યોજનામાં તેમનુ સ્થાન ઉપયોગી ગણાશે; અન્યથા નહિ.

આ સાત ક્ષેત્રને લગતા મારા ભાષણનો સાર એ છે કે જો આપણે આ સાતે ક્ષેત્રોના પાયારૂપ શ્રાવિકાક્ષેત્રનો વિકાસ કરીશુ તો બીજા ક્ષેત્રોનો વિકાસ આપોઆપ થઈ જશે. આ છેલ્લા મૂર્તિના વિષયમા જે વધારે આકરું કહેવુ પડયુ છે તે ભગવાનની મૂર્તિ ઉપરની મારી શ્રદ્ધાને લીધેજ કહેવાયુ છે. જ્યારે એ પવિત્ર કરુણામય મૂર્તિની પાસે હુ ગાયના ચામથી નીપજેલી ચામરોને જોઉ છું ત્યારે બહુ અકળાઈ જાઉં છુ. તે મૂર્તિની આસપાસ જ્યારે ગંદુ જોઉં છું ત્યારે તો મારૂં મન મૂઢ જ થઇ જાય છે જ્યારે ગંદી શેરીઓમાંથી મૂર્તિ સહિત સોના રૂપાના રથો પસાર થતા જોઉં છું, ત્યારે તેને પૂજા કેવી રીતે કહેવી તે સમજાતુ નથી. આવી શ્રદ્ધાપુર્વક વેદનાથી જ ભગવાનની આપણે હાથે થતી આશાતનાઓ અત્રે મૂકવામા આવી છે. અને તે પણ એટલા જ માટે કે આપણે હવે સાવચેત બનીએ

સાધુ સાધ્વીના ક્ષેત્ર વિષે પણ જે કાંઈ કહેવાયુ છે તે પણ તેમના ઉપરના સદ્ભાવને લીધે જ કહ્યુ છે. સંસારમાં આપણાં સાધુ સાધ્વીઓ મહા પૂજનીય મનાય છે. જો તેઓ વધારે દીપી નીકળે, શીલવંત અને જ્ઞાનવંત થાય, તથા સમાજનું હિત વિચારે તો આપણો બેડો પાર છે; અને એ દૃષ્ટિથી જ અહીં કડવું મીઠું કહેવામાં આવ્યું છે.

આગમના ઉદ્ધાર વિષે જે કાંઈ કહેવામાં આવ્યું છે તે પણ આગમ ઉપરની અનન્ય શ્રદ્ધાથી જ, અશુદ્ધ આગમો જોતાં જ મન કકળી ઊઠે છે એ વેદનાથી જ, અહીં કહેવામાં આવ્યું છે.

આપણા પૂર્વજોએ આ જે સાત ક્ષેત્રની યોજના કરેલી છે તેનો જો આપણે સદુપયોગ કરીએ અને તેમાં આવેલા દોષોનું નિવારણ કરીએ તો આપણું શાસન આપણો સંઘ અને આપણી સંસ્કૃતિ આખા સંસારને અનુકરણીય થશે.

છેવટે આ કથનથી કોઈને માઠું લાગવા જેવું થયું હોય તો દરગુજર કરશે અને કહેનારના શુદ્ધ આશય તરફ લક્ષ આપશે એવી વિનંતી છે

બેચરદાસ